જેમાં તેમાં સારને શુભને અને ગુણને જોવાને !



કથા કલ્પ વૃક્ષ.

પ્રકાશક.

માસ્તર નાનાલાલ મગનલાલ.

રીચીરોડની સડકપર—અમદાવાદ.

ધી ડાયમંડ જ્યુબિલી પ્રીન્ટીંગ પ્રેસ સલાપોસ રોડ અમદાવાદ.
પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું.

કીમ્મત એક રૂપીઓ.

ॐ

મુખ્ય લેખક.

નગીનદાસ પુરૂષોત્તમદાસ સંઘવી.

સુધારા વધારા સાથે

બીજી આવૃત્તિ.

કથા કલ્પ વૃક્ષ.

પ્રકાશક.

માસ્તર નાનાલાલ મગનલાલ.

રીચીરોડની સડકપર—અમદાવાદ.

સંવત્ ૧૯૬૬ સને ૧૯૧૦

ધી ડાયમંડ જ્યુબિલી પ્રીન્ટીંગ પ્રેસ.

કીમ્મત એક રૂપીઓ.

सजीवति यशोयस्य, कीर्तिर्थस्य सजीवति ।
अयशोऽकीर्ति संयुक्तो. जीवन्नापि मृतोपमः ॥

અર્થ—યશ સાથે જેની કીર્તિ ગવાય છે, એજ પુરૂષ જીવતો છે; અપયશ યુક્ત જેની કીર્ત્તિ છે, તે જીવતો છતાં મૂઆ સમાન છે.

પ્રસ્તાવના.

'વિદ્યાર્થી જીવન' માસિકમાં પ્રસંગે પ્રસંગે કેટલીક છુટક પ્રસ્તાવિક વાર્તાઓ પ્રખ્યાત લેખક શ્રીયુત નગીનદાસ પુરૂષોત્તમદાસ સંઘવી લખતા હતા. તે વાર્તાઓ મને પસંદ પડવાથી છપાવવાની ગોઠવણ કરતો હતો તેવામાં અમારા સ્વર્ગવાસી મિત્ર રા. રા. મુળજીભાઇને પોતાની તરફથી છપાવીને મફત વેહેંચવાની જીજ્ઞાસા થવાથી તેમનાજ નામે છપાવી આપી હતી. ત્યારબાદ 'વિદ્યાર્થી જીવન'માં નવી આવેલી વાર્તાઓ અને પહેલાંની કેટલીક વાર્તાઓ વગેરેનો વધારે જથ્થામાં સંગ્રહ કરી આ બીજીવાર છપાવવાને હું ભાગ્યશાળી થયો છું.

સંસારવ્યવહારમાં ઠોકરો ખાવાના સંભવોમાંથી બચાવવાને માટે તથા સત્ય અને સુનીતિનું ખરૂં સ્વરૂપ બતાવવાને વાસ્તે આ વાયલ જમાનામાં આ વાર્ત્તાઓ તે શાસ્ત્ર અને શિષ્ટાચારના સારરૂપ છે.

આ વાર્તાઓ કેટલી સચોટ અને ગમ્મત આપનાર છે, તે મને આ બીજી આવૃતિ કાઢવાનો ઉત્સાહ ભર્યો પ્રસંગ આવવાથીજ જણાઇ આવે છે.

આ પુસ્તકની ત્રીજી આવૃત્તિ ઘણાજ સુધારા વધારા સાથે થોડાજ વખતમાં બહાર પાડવાની દરેક ગોઠવણો મેં કરી રાખી છે. જે પરમાત્માની ઈચ્છા હશે તો થોડાક વખતમાં પાર પડશે.

લી. પ્રકાશક.

અર્પણ પત્રીકા.

આ સંસાર વ્યવહારના આચારવિચારોમાં
જે ભવ્ય જીવો પોતાનાં મન ઇન્દ્રિય
ઉપર લોક શાસ્ત્ર અને ગુરૂનો અંકુશ
રાખી જન સમુદાયમાં પોતાના
માની લીધેલા સુખને માટે
ક્ષોભ ઉત્પન્ન કરતા નથી
અને સન્માર્ગનું રક્ષણ કરે
છે તેઓને આ લઘુ
પુસ્તક સાદર
અર્પણ કરૂં
છું.

પ્રસિદ્ધ કર્તા.

માસ્તર, નાનાલાલ મગનલાલ..

જાદુઈ બુકોનું લીષ્ટ.

પુસ્તકનું નામ.	કિંમત. રૂ. આ. પૈ.
યોગની ચાવી—(યોગ શાસ્ત્રની કુંચી)	૨–૦–૦
દેવ વિદ્યા—(ત્રીજી આવૃતિ)	૧–૦–૦
કામાક્ષી તંત્ર—(મંત્ર તંત્ર સંબંધી.)	૧–૦–૦
અનંત રંગ—(કોકશાસ્ત્રનો સાર.)	૧–૦–૦
જાદુ કપટ—(હાથ ચાલાકીના ખેલો.)	૦–૪–૦
જાદુઇ જડી બુટ્ટી—(જાદુઇ વૈદ્ય વિદ્યા.) ...	૦–૪–૦
મેસમેરિઝમ—(ઇંગ્રેજી યોગ વિદ્યા.)	૦–૪–૦
હિપનોટીઝમ—(ઇંગ્રેજી જાદુઇ વિદ્યા.)... ...	૦–૪–૦
સ્પીરીચ્યુએલીઝમ—(ઇંગ્રેજી ભૂત વિદ્યા)...	૦–૪–૦
દેવતાઇ કામો— કરનારા ગેબી મદદગારો.	૦–૪–૦
જાદુ મંત્ર પ્રકાશ(જાદુઇ મંત્ર વિદ્યા)	૦–૪–૦
સ્ર્વર વિદ્યા—(સ્વર શાસ્ત્રનું જ્ઞાન.)	૦–૪–૦
સુંદર જાદુગર—(નવાઇ જેવી બાબતો)......	૦–૪–૦
ભયંકર ભૂતાવળી..........................	૦–૪–૦
મંત્રશાસ્ત્ર—(તદન નવાજ પ્રકારની)	૦–૪–૦

સૂચના—આ લીષ્ટમાંની જે બુકો જોઇએ તેના પૈસા મનીઆરડરથી અથવા પોષ્ટની ટીકીટો મારફતે અગાઉથી મોકલીને મંગાવવી કારણ કે અમે વી. પી. મોકલતા નથી

માસ્તર, નાનાલાલ મગનલાલ.

રીચીરોડની સડકપર—**અમદાવાદ.**

જૈન પુસ્તકો અને છબીઓ.

દર્શન ચોવીસી—૨૪ ભગવાનની રંગીન છબીઓ ...	૦—૬—૦
ચીંતામણી પાર્શ્વનાથની છબી	૧—૦—૦
કળસમાં સિદ્ધચક્રની છબી	૧—૦—૦
સિદ્ધચક્રનો ઘડીયાળ જેવડો ગુટકો	૧—૦—૦
શ્રી મલ્લીનાથ મહારાજની છબી	૧—૦—૦
શ્રી આદિશ્વર દાદાની છબી	૧—૦—૦
ધરણીધર પદ્માવતી પાર્શ્વનાથની છબી	૧—૦—૦
શ્રી મહાવીર સ્વામીની છબી	૦—૮—૦
પંચ પ્રતીક્રમણ સૂત્ર—(ગુજરાતી.)	૦—૪—૦
મનોરંજક સ્તવનાવળી...(ચીત્ર સાથે.)	૦—૪—૦
જૈન સ્તોત્ર રત્નાકર...(શાસ્ત્રી.)	૦—૪—૦
નવ સ્મરણ...(ગુજરાતી અક્ષરોમાં)	૦—૨—૦
જૈન મધુર ગાયન રસ—(ત્રીજી આવૃતિ) ...	૦—૨—૦
સામાયક સૂત્ર—) અર્થ સાથે.	૦—૧—૦
મલ્લીનાથ મહાત્મ્ય—(સ્તવનો સાથે.)	૦—૧—૦
સ્નાત્ર પુજા	૦—૧—૦
જૈન મંત્ર માળા	૦—૧—૦
જૈન ગરબાવળી	૦—૦—૬
જૈન લગ્ન ગીત	૦—૦—૩

ઉપરની ચોપડીઓમાંથી જે ચોપડીઓ જોઇતી હોય તેની કીમ્મત જેટલી ટીકીટો કવરમાં બીડીને મોકલી આપી મંગાવી લેવી; અથવા તો મનીઆરડરથી પૈસા મોકલી આપવા. વેલ્યુપેબલ કે ઉધાર મોકલવામાં નહીં આવે.

વેચનાર.

માસ્તર નાનાલાલ મગનલાલ.

રીચીરોડની સડકપર—અમદાવાદ.

॥ ॐ श्री हरिः ॥

॥ महान प्रयत्नथी बनावेलां शास्त्रसिद्ध अने अनुभव सिद्ध आयुर्वेदोक्त चमत्कारिक दिव्य औषधो ॥

॥ अभ्रकभस्म ॥

तोला १ ना रु. ५०-०-०

॥ सुवर्ण मालिनी वसन्त ॥

तोला १ ना रु. १६-०-०

वैदराज माहासुखराम मनसुखराम भट्ट.

॥ आयुर्वेद औषधालय ॥ मु. नडीआद.

અનુક્રમણિકા.

કથા કલ્પ વૃક્ષ.

કથા ૧ લી.

વિદ્યાઘેલાંનો વરઘોડો.

આગળના મધ્ય કાળમાં પણ લોક અને શાસ્ત્રની મર્યાદા ઉપર પગ મૂકવામાંજ પોતાની મોટાઇ સમજનારા મિથ્યા ગુમાની મનુષ્યો હતાં, તેમની જે પરંપરાને લીધે હાલના સમયમાં વર્ણસંકરપણું થઇને આપણા દેશની આ સ્થિતિનો પરિણામ આવ્યો છે. તે ઉપર એક વાર્તા છે કે કોઈ કાશી જેવા વિદ્યાક્ષેત્ર નગરમાં એક મહા વિદ્વાન્ રાજ્યના શાસ્ત્રી હતા. રાજ્યનું માન અને અન્ન એ બ્રાહ્મણના ખરા ધીર સાત્વિકગુણને નાશ કરવાને સમર્થ થાય છે એ શાસ્ત્ર નિયમ પ્રમાણે તેમણે કોઈ દુષ્કાળના સમયમાં તે નગરમાં આવીને રહેલા બ્રાહ્મણની એક સ્વરૂપવંતી દીકરી સાથે લગ્ન કર્યું. કન્યાઓ રાજ્યના શાસ્ત્રીને એક કરતાં અનેક, તેથી તે શાસ્ત્રીનાં વૃદ્ધ સગાંવહાલાંએ કહ્યું કે તમને અનેક કન્યાઓ આપણી જ્ઞાતિમાંથી મળે તેમ છે, અને શાસ્ત્રનું વચન છે કે જેની ત્રણ પેઢીને આપણે ઓળખતા હોઇયે તેવા ઉચ્ચ કુળમાંથી કન્યા લેવી, છતાં આ નવતર અજાણ્યો બ્રાહ્મણ કે જેને શહેરની ચોરાસીમાં નોતરૂં કે તેડું નથી થતું તેવાની કન્યા તમે લ્યો છો, તે તમારા જેવા પ્રતિષ્ઠિત

વિદ્વાન્ બ્રાહ્મણને છાજતું નથી. **મોટાનું જોઇને છોટા વર્તે** તે પ્રમાણે તમારે તો સારો દાખલો બેસારવો જોઇયે તેને બદલે આમ સાહસ કરો છો તે ઠીક નહિ.

स्त्रीरत्नं दुष्कुलादपि ग्राह्यम् એટલે સ્ત્રીરત્ન તો નીચા કુળમાંથી પણ ગ્રહણ કરવું એ રાજ નીતિશાસ્ત્રનું પુંછડું પકડી રહેલા રાજશાસ્ત્રીએ ધર્મશાસ્ત્રના વાક્યને અને શિષ્ટાચારને ધોકણું મારીને હાંકી કાઢયાં. પેલી અજાણ્યા બ્રાહ્મણની રૂપાળી નામની છોકરીને બડી ધામધુમ સાથે આપણા વેદાગ્રહી આર્યસમાજીસ્ટોની પેઠે વેદવિધિ પ્રમાણે શાસ્ત્રીજી પરણી ઘેર લાવ્યા.

સંસર્ગવડે પવિત્ર બ્રાહ્મણાચાર તથા વિદ્યા પણ રોજની કેળવણી મળતાં એ કન્યા શીખી અને આપણા રાજશાસ્ત્રી વિદ્યેશ્વર શર્મા અને તેમની રૂપવંતીનો સંસાર ઘણા દબદબા સાથે ચાલવા માંડયો. ઈશ્વરી નિયમ પ્રમાણે રૂપવંતીને એક પુત્રી થઇ અને તેનું નામ લીલાવતી પાડયું. લીલાવતી દિવસે દિવસે મોટી થઈ અને વિદ્યા ભણીગણી બહુ હોંશિયાર થઇ. તેની મા પણ રૂપાળી હોવાથી રૂપમાં પણ લીલાવતી બહુજ સુંદર હતી. તેથી રૂપ ગુણ કર્મવડે જાતિનો નિર્ણય કરવાને તૈયાર થયેલા આપણા સુધારકો અને આર્યસમાજીઓના અભિપ્રાય પ્રમાણે આપણી આ લીલાવતી તો સોળ આના નહિ પણ અઢારે આના બ્રાહ્મણી થઇ.

આવા ઉત્તમ રૂપ ગુણ કર્મવાળી પુત્રીને યોગ્ય કોઇ પણ વર શાસ્ત્રીશ્રી વિદ્યેશ્વર શર્માના ધ્યાનમાં આખી નાતમાંથી બેસતો નહોતો. તેથી કોઈ રૂપગુણમાં કુશળ એવો બ્રાહ્મણનો છોકરો ગમે ત્યાંથી આવે તો તેને પોતાના વિદ્યાર્થી તરીકે રાખી ભણાવીગણાવીને હોંશીઆર બનાવીને તેને વિધિવત્ કન્યાદાન દેવું, એવો નિશ્ચય આપણા વિદ્યેશ્વર શ-

માનો થયો. પરમેશ્વર વિશ્વંભર છે તે જેને જેવું જોઇએ તેવું મેળવી પણ આપે છે.

હવે એવું બન્યું કે એક કોઇ **કાનપુર** જેવું જોડા પગરખાં બુટ વગેરે બનાવવાને માટે પ્રસિદ્ધ શહેર હશે ત્યાં એક **'હરખો'** કરીને મોચી રહેતો હતો; તેને એક દીકરો **'દીનો'** કરીને હતો તેને એક બ્રાહ્મણના દીકરા જોડે દોસ્તી હતી; બાળકો ભેગાં રમે તેથી તેમને ઘણો સ્નેહ થઇ જાય છે. તે પ્રમાણે પેલા **દીનાને** અને પેલો બ્રાહ્મણનો છોકરો કે જેનું નામ **મણિશંકર** હતું તે બંનેને ગાઢ મિત્રતા થઈ ગયેલી. છેવટે બ્રાહ્મણના છોકરાને જનોઈ દેવામાં આવી અને તેને કોઇ વિદ્યાક્ષેત્ર સ્થાને વિદ્યા ભણવા જવાની તૈયારીઓ કરવી પડી. પોતાના મિત્રની જોડે આપણો **"દીનો"** પણ તેના માબાપની કે કોઇની રજા લીધા વિના ચાલ્યો ગયો. પેલા **મણિશંકરની** પાસેથી **દીનાએ** એક જનોઈ માગી લીધી અને તે પહેરી લીધી. બંને ભીખ માગી લાવે; **મણિશંકર** રાંધે અને **દીનો** ખાય. એ પ્રમાણે મુસાફરી કરતા કરતા તે બંને જણા પેલા રાજ્યશાસ્ત્રી શ્રી વિદ્યેશ્વર શર્માના શહેરમાં આવી પહોંચ્યા.

કોઇ નામીચા વિદ્વાનનું ઘર પૂછતાં લોકોએ રાજ્યશાસ્ત્રી વિદ્યેશ્વરનું ઘર તે છોકરાને દેખાડયું. તે બંને જણને વિદ્યેશ્વરને ભણાવવાનું કબુલ કર્યું તેથી તે બંને જણ એમ ધર્મશાળામાં "વિદ્યાર્થિના આશીર્વાદ" કરી માગી આણેલું સીધું રાંધી ખાય અને વિદ્યેશ્વર શર્માને ત્યાં ભણે. ત્રણ ચાર વર્ષમાં તે બંને છોકરાઓ ભણી ગણીને ધુરંધર શાસ્ત્રીઓ જેવા થયા. પછી પેલો **મણિશંકર** તો પોતાને ગામ જવા તૈયાર થયો. કેમકે તેને ઘેર યજમાનવૃત્તિ હતી, અને તેનો બાપ ગુજરી જવાથી તે તેને જાળવવાની હતી.

હવે પેલા મોચીમિત્ર 'દીના' ભાઇ કે જે હવે **દિનકરદત્ત** શાસ્ત્રીને નામે ઓળખાવા લાગ્યા હતા, તેમણે પોતાના મિત્ર **મણીશંકરને** કહ્યું:—"હું તો હવે આપણા ગામમાં આવવાનો નથી. કેમકે હું ભણ્યો ગણ્યો પંડિત અને લોકો ત્યાં મને મોચીજ કહે તેથી મારે કર્મે તો પાછું જોડા શીવવાનું જ આવે. તેથી અપમાન અને દારિદ્રય ભોગવવાને ઘેર આવવા કરતાં હું તો અહીં રહીશ અને મારો નિર્વાહ વિદ્યાર્થીઓ ભણાવીને કરીશ. માટે તમે તો જાવ, પણ હું ઇચ્છું છું કે ક્યાં છું તે મારા બાપને કે કોઇને કહેશો નહિ.

મણીશંકરે કહ્યું કે:—"તારી એમજ ઇચ્છા છે, તો તું અહીં રહે. હું કોઇને કશું કહેવાનો નથી. પણ અત્યાર લગી જેમ તેં બ્રાહ્મણોથી અલગ રહી બ્રાહ્મણોને વટલાવ્યા નથી, તેમજ તું અલગો રહેજે અને બ્રાહ્મણોને ભ્રષ્ટ કરીશ નહિ. નિકર તું નરકનો અધિકારી થઇશ."

બીચારા **દીનાભાઇએ** કહ્યું:—"નક્કી હું કદી પણ બ્રહ્મ વટાળ કરીશ નહિ. પણ તમે કોઇને મારી કશી ખર કે ખબર આપશો નહિ. તમે તો એમજ કહેજો કે એ તો મરી ગયો હશે 'મારી સાથે તો એ આવ્યોજ નથી.' હું મારે સુખે આ વિદ્યાક્ષેત્ર નગરમાં મારૂં જીવન પૂરૂં કરીશ."

એ પ્રમાણે બંને મિત્ર સંતલસ કરી અને **મણિશંકર** તો પોતાને ગામ ગયો. એકલા દીનકર શાસ્ત્રી વિદ્યેશ્વરની શેવામાં રહ્યા. દિનકરદત્ત રૂપાળો અને વિદ્વાન હોવાથી વિદ્યેશ્વરની નજરમાં તે કન્યાદાન પાત્ર જણાયો. **લીલાવતી** યોગ્ય **દીનકરશાસ્ત્રી** જેવો વર મળી આવ્યો; અને વિદ્યાઘેલા શાસ્ત્રી વિદ્યેશ્વરે દિનકરને **લીલાવતી** પરણાવી દીધી. **ન્યાતના લોકોએ આ વિષે પણ ઠીક ન કહ્યું**; પણ ન્યાતના લોકોને તેજોદ્વેષીમાનીને શાસ્ત્રી સંતોષ પામ્યા. દિન-

કરશાસ્ત્રીનું મોટું નામ, વિદ્યેશ્વરના ઘર જેવું પરણવાનું ઠામ, લીલાવતી જેવું કન્યા રત્ન, અને વિદ્યેશ્વરને બીજું સંતાન કોઇ ન હોવાથી છેવટે આખો રાજ્યશાસ્ત્રાનો અધિકાર અને વારસો એ લાલચથી મણિશંકરને આપેલા વચનને વિસરી જઇને દિનકર શાસ્ત્રીએ બ્રહ્મબોળો કર્યો. નદીમાં થોડુંક મેલું પાણી જવાથી નદીની પવિત્રતા નાશ પામી નહિ. પણ ધર્મના ધણી પરમેશ્વરે એ મોચીભાઇને તથા વિદ્યાઘેલા મૂર્ખાને શિક્ષાએ પહોચાડવાનું નક્કી કર્યું.

પણે મણિશંકર તેના ગામમાં ગયો, ત્યાં બે ત્રણ વર્ષ નીકળી ગયાં. તેની ખ્યાતિ આખા ગામમાં પ્રસરી તે અગમનિગમ ભાખે એવો સમર્થ વિદ્યા ભણીને થયો છે એવી તેની કીર્તિ સાંભળીને પેલો હરખો મોચી (દિનકરદત્તશર્મા શાસ્ત્રીનો બાપ) મણિશંકર પાસે આવ્યો, અને વેગળે ઉભો રહી બે હાથ જોડી નમસ્કાર કરીને બોલ્યોઃ—મણીભાઈ મહારાજ! મારો દીકરો દીનો સાત આઠ વરસથી ક્યાંઇ નાશી ગયો છે, તે ક્યારે આવશે. એ કાંઇ તમારી જોહી વાંચી કો'તો બાપજી, બહુ હારૂ થાય."

મણીશંકર જાણી જોઇને અજાણ્યો થઇ બોલ્યોઃ—

"તમારે વળી છોકરો ક્યાં હતો?"

હરખો મોચી ગંભીરતાથી બોલ્યોઃ—"હા બાપજી, હતો નહિ પેલો તમારી હાથે રમતો તે છોરો. તમે વિદ્યા ભણુવા ગયા તેવામાં જ તે નાહી ગયો" તો બાપજી. મારે બે ત્રણ છોકરા એના નાહી ગયા પછી થયા, પણ બધા ભગવતની મરજી એવી તે મરી ગયા. હવે અમને ધણીધણીઆંણીને વરહાં પોકી ગયાં. તેથી હવે એ દીનો આવે તો નામ રહે, નેકર ભગવાન તારી માયા!"

એ પ્રમાણે બોલીને પુત્રસ્નેહથી અને પુત્રવિયોગથી વ્યા-

કુળ થયેલા હરખો મોચી ઘણું આક્રંદ કરવા લાગ્યો. મણિશંકર બ્રાહ્મણનું સત્યપ્રિય દયાળુ હૃદય પિગળી ગયું, તેથી હરખાને બધી વાત કહી અને તેને પણ એ વાત ગુપ્ત રાખવાને ખુબ સખત રીતે સુચના આપી, તેથી હરખો મોચી પોતાના દીકરાની સારી સ્થિતિ જાણીને ખુશી થયો; અને વેગળેથી પણ સુખી છે એમ માનીને સંતોષ વાળીને બેશી રહેવાનું નક્કી કર્યું. પણ માતાપિતાનો સ્નેહ ઘણો અલૌકિકજ હોય છે. એકવાર હરખા મોચીને પોતાના પુત્રનું મુખ અને સુખ જોવાની ઘણી આતુર ઈચ્છા થઇ તેથી તેણે સન્યાસીનો વેષ લીધો અને તે પોતાના દીકરાને ગામ ગયો. દિનકરશાસ્ત્રીનું ઘેર પુછતો પુછતો રસ્તામાં જતો હતો તેવામાં દિનકરશાસ્ત્રી પોતેજ બગલમાં પોથી મારીને રાજા આગળ કથા કહેવા જતા હતા તે મળ્યા. છોકરાનું રૂપ તો બધું સુખમય જીવનને લીધે ફરી ગયેલું તે સન્યાસી શ્રી હર્ષાનંદજી (હરખાનંદજી) એ તેને ઓળખ્યો નહિ, તેમજ સન્યાસીના અસંભવિત વેષમાં આવેલા પોતાના પિતાને પેલા શાસ્ત્રી શ્રી દિનકરદત્ત શર્માએ પણ ઓળખ્યો નહિ. તેથી પેલા સન્યાસી મોચીએ પૂછ્યું:—
"દિનકરશાસ્ત્રીનું ઘર કેણી તરફ?"

દિનકરશાસ્ત્રી બોલ્યા:—":નમો નારાયણ! હું પોતેજ દિનકરદત્ત છું, આપ ક્યાંથી પધાર્યા?"

સન્યાસીએ તેના કાન આગળ જઇને ધીમેથી કોઈ સાંભળે નહિ તેમ કહ્યું:—"દિકરા! એ તો હું તારો બાપ; તારૂં હખ જોવાને અને તારૂં મુઢું ભાળવાને આવ્યો છું. કેટલાં વરહાં થયાં તને ભાળ્યો નહોતો, તેથી જીવ તને ઝંખ્યા કરતો તો દીકરા!"

દિનકરશાસ્ત્રીના તો મનમાં તેલજ રેડાયું, કે આ ફજે-

તાનો ફાળકો પાછો અહીં ક્યાંથી આવ્યો, તો પણ તેણે બધું પોગળ ગુપ્ત રહે તેમ કરવાની યોજના તરત ઘડી કાઢી. દિનકરશાસ્ત્રીએ કહ્યું:—"તમે ચાલો મારે ઘેર. તમને જમવાની ગોઠવણ કરી આપું. અને હું દરબારમાં કથા વાંચી આવું. મારા સસરા હવે વૃદ્ધ થયા છે તેથી દરબારનું કામકાજ મારે કરવું પડે છે. હું હાલ તરતજ તમને રૂપૈયા પાંચસેની મહોરો આપી દેઇશ તે લેઇને તમે તમારે ગામ ચાલ્યા જજો અને સુખે ગુજારો કરજો હું તમને આવીને વખતો વખત ખર્ચને માટે થોડાક રૂપૈયા આપી જઇશ, પણ તમે હવે અહીં આવશો નહિ."

હરખાએ તે પ્રમાણે બધું કબુલ કર્યું એટલે દિનકરશાસ્ત્રી તેને પોતાને ઘેર લેઇ ગયા. આ ઘર દિનકરશાસ્ત્રીને તેમના સસરાએ પોતાની પાડોશમાં લેઇ આપ્યું હતું. તે ઘરના આગલા ભાગમાં **શ્રીહરખાનંદ** સરસ્વતીને બેસાડ્યા અને દિનકરદત્તે પોતાની સ્ત્રીને કહ્યું કે—"હું દરબારમાં કથા કરવા જાઉંછું, પણ આ સન્યાસી મહારાજને ભિક્ષા જમાડીને વિદાય કરજો, એમને ઉતાવળે બીજે ગામ જવું છે."

દિનકરદત્ત ગયા પછી એવું બન્યું કે દિનકરદત્તને એક નાની છોડી **લી**લાવતીથી થયેલી હતી તેને માટે નાની જોડીઓ કરીને એક મોચી લાવ્યો. **લી**લાવતી રસોઇમાં હતી તેથી તે મોચીને તેણે ઘરના આગલા ભાગમાં મુકીને ચાલ્યા જવાનું કહ્યું. મોચી તે જોડીઓ મુકીને ચાલ્યો ગયો. તે જોડીઓ આપણા કારીગર શ્રી હરખાનંદ સરસ્વતીએ હાથમાં લેઇ તપાસીને જોઈ તેમાં તેને હજારો ખામીઓ જણાઇ. તેથી દિલગિરીની સાથે બોલ્યો:—અરેરે, શું કરૂં ? મારાં ઓજાર ઘેર રહી ગયાં, નિકર મારા દીનાની દીકરી શું આવી બેડોળ જોડીઓ પહેરે ? એક સપાટામાં હું સુધારી ના દેઉં કે !"

સંન્યાસીની આ ચેષ્ટા બધી લીલાવતીના જોવામાં તથા સાંભળવામાં આવી ગઇ તે સ્ત્રીના મનમાં ચોળો પેઠો. સંન્યાસીને જમાડીને તો તેણે વિદાય કર્યો; પણ પોતાના ધણીની જાત વિષે તેને જબરો અજંપો થવા લાગ્યો.

દિનકરશાસ્ત્રીના આવ્યા પછી તે સ્ત્રીએ ચંડી જેવું વિ-ક્રાળ રૂપ કરી ક્રોધથી તલવાર લેઇ તે તેની છાતીપર ચઢી બેઠી અને પુછ્યું "તારી મૂળ જાત શી ?" દીના મોચીએ ભયભીત થઈ પોતાની અસલ જાત બતાવી. તે સ્ત્રીએ પતિ હત્યા ન થાય માટે તેને જીવતો મુકયો, પણ તેણે પોતાના માતપિતાને ઘેર જઇને મોધમ મોટો કલહ મચાવ્યો. તે કલેશની વાત છેક દરબાર લગી ગઇ. રાજા પોતાના સારા સારા અધિકારી તથા બીજા પ્રતિષ્ઠિત શાસ્ત્રીઓ જોડે પોતાના રાજ્યશાસ્ત્રીના ઘરનો કલેશ હોલવવાને માટે વૃદ્ધ વિદ્યેશ્વરને ઘેર આવ્યા. વિદ્યેશ્વરને બધી હકીકત પુછતાં વિદ્યેશ્વરે રાજાને કહ્યું:—"પુત્રી કાંઇ કારણ બતાવતી નથી અને મોઘમ કલેશ લેઇ બેઠી છે, ખાતી પીતી નથી અને સ્ત્રી હત્યા આપવા બેઠી છે."

પેલી છોડી લીલાવતીને રાજાએ પોતાની આગળ બોલાવી તથા સૌએ તે છોડીને શીખામણ દેવા માંડી તેથી તે બિચારી અકળાઇ ગઇ અને શીખામણ દેનારાઓની આગળ બોલાવી ઉઠી:—"તમે મને લડાઇનું કારણ પુછો છો, અને ઠપકો ઘોછો, પણ હું તે શું મારૂં કપાળ કહું. આ એમણે જમાઇ જોઇને મને પરણાવી છે, તે તો—(જોડા શીવવા જેવા હાથથી ચાળા કરીને બતાવ્યું)—આમ આમ છે. હવે સમજ્યા રાજાજી !"

એટલે લીલાવતીની મા રૂપવતી આકળી થઇને બોલી:— "એમાં તે આટલો કલેશ લેઇને શીદને બેઠી છે મારી

બાઈ! તારો ધણી એમ એમ (જોડા શીવવાનો ચાળો કરીને) તો હું પોતે આમ આમ (એમ કહીને ધુળધોયા ઢેડ જેમ ધુળ ઝાડકે છે તેમ સુપડી હલાવવાના ચાળા કરીને બતાવ્યું.)"

એટલે રાજાએ પણ કહ્યું કે:—"તમે બન્ને એમ પણ હું તો વળી આમ આમ (એમ કહીને વાણોતાણો કરનાર ઢેડની પેઠે આધા પાછા હાથ કરી બતાવ્યા.)"

આથી પેલી મા દીકરી અને રાજા પરસ્પર સમજ્યા અને લીલાવતીએ મન વાળ્યું કે જ્યારે મા સુપડીઆ ઢેડની નાત ત્યારે ધણી મોચી મળ્યો એમાં કાંઈ હરકત નથી. વળી રાજા પોતેજ વાણોતાણો કરનાર ઢેડ છે. ત્યારે હવે નકામો ક્લેશ શાહને કરવો. આપણે કાંઇ વટલાયાં નથી. લડાઇનું સમાધાન થઇ ગયું.

દિવાને આશ્ચર્ય પામી રાજાને પુછ્યું કે:–"અમે સમજાવી સમજાવીને થાક્યા તોએ પણ લીલાવતીના મનનું સમાધાન થતું નહોતું તે આપ નામદારે અને રૂપવતીએ આમ હાથના ઇસારા વડેજ તેનું સમાધાન કરી દીધું એ શું?"

રાજાએ કહ્યું કે:—"લીલાવતીનું એવું હતું કે તેનો ધણી તેને સોઇયા ભોંકે તેમ શબ્દના બાણથી શારી નાંખે છે. ત્યારે તેની માએ કહ્યું કે તારા બાપ મને પણ જેમ સુપડાવતી ધાન છડે તેમ છડી નાંખતા હતા, ત્યારે મેં આમ આધા પાછા હાથ કરીને બતાવ્યું કે ધણી ધણીઆણી એ પરસ્પર એક રૂપ છે માટે ખોટું લગાડી નાહક ક્લેશ કરવો નહિ."

બીજા બધા તો રાજાના સમજાવ્યા પ્રમાણે સમજ્યા. પણ જે બીજા શાસ્ત્રીઓ હતા તે તો અંદરનો સાર ખરે-

ખરો સમજ્યા કે રાજા ઢેડ, રૂપવતી ઢેડ અને દિનકર-શાસ્ત્રી મોચી છે. તેમણે ગુપ્ત તપાસ કરીને બધી સાબીતી મેળવી અને રાજાને પદભ્રષ્ટ કરીને તે વંશના બીજા ક્ષત્રિયને રાજ્ય આપ્યું અને વિદ્યેશ્વર તથા દિનકરના ઘરને જ્ઞાતિ બહાર મુકી દીધાં.

સાર:—એકલા ગુણ કર્મ કે વિદ્યાથી ઘેલાં થઇ સાહસ કરે છે તેમને છેવટે બનવાનું થાય છે, જ્ઞાતિ અને કુળના બંધનથી કાંઇક ધડે રહે છે. રાજાએ જેમ પોતાની સમસ્યાનો ઉટપટાંગ અર્થ બતાવ્યો તેમ હાલના નવા શાસ્ત્રાર્થ કરનારાઓ કરે છે. પણ ખરૂં શું છે તે કાંઇ ઢાંકયું રહે તેમ નથી. શાસ્ત્ર જ્ઞાતિ અને કુળના નિયમોનો અનાદર કરવાથી થયેલી વર્ણસંકર પ્રજા એજ ભારતવર્ષની નિર્બળતાનું મુખ્ય કારણ છે.

કથા ૨ જી.

સુધરેલ રાજા અને સામાન્ય રજપુતાણી.

સુધારાની શરૂઆતના જમાનામાં એક રાજા હતો, તેને પણ સુધારકોનો સહવાસ થવાથી તે પણ સુધારાના વિચારોની દેખા દેખી હિમાયત કરતો હતો. તોપણ તે પોતે રાજપદવીનો ધણી હોવાથી હાડ સુધારકો જેવી પ્રવૃત્તિ કરતો નહોતો. તેમજ વળી તે રાજા બુદ્ધિમાન હોવાથી પોતાની પ્રવૃત્તિનો બચાવ કરવાની દલીલો શોધી કાઢતો અને બીજા સામાન્ય લોકોને સુધારાને શેરડે જવાને માટે બોધ કરતો હતો.

તે રાજાના સુધરેલા વિચારો પૈકીના કેટલાક વિચારો ઓઝલ પડદા સંબંધી હતા, તે વિચારો ઓઝલ પડદાના

વિરૂદ્ધમાં હતા. પણ બીજા રજપુતો ઓઝલ પડદો પોતાની સ્ત્રીઓને પળાવતા, તેથી તે રાજા પ્રથમ પોતાના કુટુંબની સ્ત્રીઓને પડદો ત્યજાવી શકતો નહિ. તેથી જ્યારે જ્યારે તે બીજાઓને પડદા સંબંધી રૂઢિના અનિષ્ટપણા વિષે ઉપદેશ કરતો ત્યારે એમ કહેતો કેઃ—“ જેઓના પાસે ધન અથવા જાગિર વગેરે સગવડનાં સાધનો છે તેઓ તો ઓઝલ પડદો રાખે તો તેમની ખાનદાનીની શોભા છે. પણ જેઓ પરાણે સિપાઇગિરી કે ખેતી કરીને પોતાનો નિર્વાહ ચલાવે છે તેવા આપણા રજપુતભાઇઓ પણ ઓઝલ પડદો રાખે છે તેથી તેઓને ઘણીજ અડચણ વેઠવી પડે છે, તેઓને ઘેર નોકર ચાકર ન હોવાથી તે પુરૂષોને પોતાને બહારથી પાણી ભરી લાવવાનું, ખેતરમાંથી ભારા, અને જંગલમાંથી લાકડાં બળતણ વગેરે લાવવાનું, ઐરીઓનું કામ પણ જાતેજ કરવું પડે છે, બીજા લોકોમાં સ્ત્રીઓને ઓઝલ પડદો નહિ હોવાથી પુરૂષોને એવી કડાકુટ પડતી નથી અને સ્ત્રીઓને બહાર ફરવાહરવાનો લાભ મળે છે, તેથી સ્ત્રીઓના શરીરને કસરત અને મનને જ્ઞાન મળી શકે છે. વગેરે વગેરે ”

આ રાજા એકવાર શિકાર કરવાને નિકળી પડયો, અને ત્યાં પોતાના માણુસોથી છુટો પડી ગયો, તે એક પાસેના નાના સરખા ગામડામાં જઇ ચઢયો. ત્યાં એક રજપુત સિપાઈ કે જે તે રાજાના લસ્કરમાં નવ રૂપીયાના પગારે નોકરી કરતો હતો તે તેને મળ્યો, તેણે તે રાજાને ઓળખ્યો, રજપુતે પોતાના રાજાને યોગ્ય માન આપ્યું, અને રાજાએ પોતે શિકારમાંથી ભૂલા પડયાની હકીકત કહી. તેથી તે રજપુત તે રાજાને પોતાને ઘેર તેડી ગયો અને તેની પોતાની ગરીબ સ્થિતી પ્રમાણે જે કાંઈ સાધન હતું

તે પ્રમાણે તેણે રાજાનો આદરસત્કાર કર્યો, રાજાએ જરી વિશ્રાન્તિ લીધી અને પછી તે રજપુતને તેની સ્થિતી વગેરે વિષે વાત પુછવા માંડી.

તે ઉપરથી તે રજપુતે જણાવ્યું કેઃ—હું આપની સેનામાં નોકર છું અને આપની કૃપાથી જે પગાર મળે છે તેથી અમારૂં ગુજરાન ચાલે છે. હું માંદો થયો હતો તેથી સિક રજા ઉપર મારે ઘેર આવ્યો છું, બે ત્રણ દિવસ પછી રજા પુરી થશે અને હવે મારૂં શરીર પણ સારૂ થવા આવ્યું છે એટલે હવે હું મારી નોકરી ઉપર હાજર થઇશ. પણ મારૂં આ રજા ઉપર આવવું એ આ ફેરી બહુજ સફળ થયું છે, કેમકે આપ મારા જેવા ગરીબ રજપુતને ઘેર પધાર્યાં તે મોટો લાભ મને મળ્યો છે. **કીડીને ઘેર હાથી પરોણા** એ કહેવત પ્રમાણે મને અલભ્ય લાભ મળ્યો છે.

આ પ્રમાણે તે રજપુતની સ્થિતિ અને નમ્રતા વગેરે જોઇને તે રાજાને તેના ઉપર દયા અને પ્રસન્નતા ઉપજી પણ તે રાજાની ઉદારતા આગળના હિંદુ રાજાઓ જેવી સોના રૂપા અને રત્નનાં ઘરેણાં ગાંઠાં પહેરાવનારી નહોતી, પણ સુધરેલી મડમ જેવી ફુલેલી ઘણી સિવાઇવાળાં અને ઓછી કિમતવાળાં લુગડાં પહેરી ભવ્ય જણાવનારી હતી. તેથી તે રાજાએ તે રજપૂતની સ્થિતિને માટે શબ્દોમાં દિલસોજી બતાવી સુધારાની વાત ચલાવવી શરૂ કરી કેઃ—"બીજા લોકો કરતાં આપણા રજપુતોના ઘરસંસારમાં ઘણી અડચણ તો આપણી ઓઝલની રીતને લીધેજ છે. તેથી પાણી ભરવા જેવાં બઇરાંઓનાં કામ પણ આપણે પુરૂષોનેજ કરવાં પડે છે. તેથી ગરીબ સ્થિતિના રજપુતોને બહુ અડચણ પડે છે."

તે રજપૂતે કહ્યું:—હા, અડચણ તો પડે છે. પણ આ પણી અસલની ચાલતી આવેલી રીતભાત ઉપર કાંઈ આ પણાથી પગ દેવાય ?

રાજાએ કહ્યું:—એ તો તમારા જેવા અડચણને સમજી શકનાર ચાર ડાહ્યા માણસો પહેલ કરે તોજ બની શકે, જુની રૂઢીઓ જે અડચણ કરનારી છે તે કાઢી નાંખવામાં લાભ અલાભ સમજનાર તેમ હિમાયતવાળા માણસોની જરૂર છે. એ બધું તમારા હાથમાં છે.

રજપૂતે કહ્યું—એ બધું તો ખરૂં; પણ મહારાજા સાહેબ, બૈરાં એ પ્રમાણે આપણા વિચાર સાથે મળતાં આવે ત્યારે બને, નિકર તો કાંઇ પણ બની શકે નહિ આપનું કાંઇ અજાણ્યું છે ? આપણી રજપૂતાણીઓ માથું કપાય તોયે પડદો છોડે નહિ, એમને ઓઝલ પડદો તો શિર સાટે છે.

રાજા બોલ્યો:—પણ બૈરાંને સમજાવવાં અને ઉપદેશ કરવો એ પુરૂષનું–આપણું કામ છે માટે તમે જે સમજો છો તે જો તમારાં બૈરાંને ન સમજાવી શકો તો તેમાં તમારો દોષ છે.

હવે દૈવયોગે આ સ્થળે એવો પ્રસંગ હતો કે એ રાજાનાજ એક ગરીબ પીતરાઈ રજપૂતની દીકરી તે આ રજપૂતની પત્ની હતી, અને તે ઘરમાં પડદામાં બેઠી બેઠી પોતાના પતિ અને પેલા રાજા વચ્ચે જે વાત થતી હતી તે સઘળી સાંભળતી હતી. તેથી પેલા રજપુતે રાજાને તરતજ કહ્યું કે:–“જો એમજ હોય તો આપ અમારા કરતાં વધારે મોટા પૃથ્વીપતિ છો, વળી આપ કોલેજમાં જઇને અભ્યાસ કરી આવ્યા છો તેથી બુદ્ધિમાં પણ વધારે મોટા છો–તેથી આપમાં બીજાઓને સમજાવવાની શક્તિ પણ

ઘણીજ છે; અને મારા ઘરમાં જે સ્ત્રી છે તે આપના પિતરાઈ ભાયાત રઘુનાથસિંહજીની દીકરી છે, તેથી તેને આપની સાથે વાત કરવામાં કાંઇ અડચણ કે પ્રતિબંધ નથી. તેનેજ આપ સમજાવો અને આ ઓઝલની કડાકુટ-માંથી અમને મોકળા કરો. કેમકે, મને પણ પાણી ભર-વાનું અને લાકડાં લાવવાનું કામ કરવું પડે છે તેમાં મહે-નત તો પડે છે. આપ જેવા મોટા માણસના ઉપદેશનું વજન પણ વધારે પડશે, અને મારા જેવા ગરીબ રજ-પૂતનું દુઃખ ટળશે!"

તે ઉપરથી તે રાજાએ પોતાના ભાયાતની દીકરીને ઉપ-દેશ કરવાનું કામ માથે લીધું અને રાજા પેલા રજપૂતના અંદરના ઓરડાના બારણા આગળ જઇને બેઠા; અંદર બારણાની પાછળ તે રજપૂતાણી બેઠી. પછી રાજાએ રૂ. ૫) ઓરડાની અંદર મૂકીને કહ્યું:—"બહેન! આ પસ-લીના રૂપૈયા લેઇને આશીષ ધો; આજે અણુચિન્તવ્યો અહીં આવ્યો તેથી મને તમારો મેળાપ થયો તેથી મને ઘણો આનંદ થાય છે."

રજપૂતાણી બોલીઃ—"ભાઈ! આપનો સદા જય થાવ, જગદંબા આપને દીર્ઘ આયુષ્ય આપો. અમારે રંકને ત્યાં આપ પૃથ્વિપતિનાં પગલાં થયાં તેથી અમારૂં ઘર પવિત્ર થયું. આપ અમને આપ્યા જોગ છો અને આપની આગળ અમો બુન દીકરી હાથ ધરવા જોગ છીએ. આપ અહીં પધાર્યા તે સોનાનો સૂરજ ઉગ્યા બરોબર છે. માટે હાલ પસલી આપવાની કાંઇ જરૂર નથી: હું જ્યારે મારા પિતા-જીને ત્યાં આવું ત્યારે આપ પધારશો અને પસલી ત્યાં આપશો—તો અમને બધાને આનંદ થશે. અહિં તો આપ અમારા મેમાન છો. અમારા જેવાં નિર્ધનથી આપની બર-

દાસ જોઇએ તેવી બની નથી એટલુંજ નહિ પણ આપની પાસેથી પસલી લેવી એ આતિથ્ય ધર્મના વિરૂદ્ધજ ઠરે. માટે આપ આ ફેરી તો માફ કરશો.”

રાજા બોલ્યોઃ—બ્હેન બા, આ તમને સંકોચ થાય નહિ માટે તો હું આ જુજ પસલી આપું છું તે તો તમે લ્યોજ, અને જ્યારે તમે બાપાજીને ત્યાં પધારશો ત્યારે મને બીજી પસલી આપવા નહિ મળે એમ નથી.

રજપૂતાણીઃ—રાજવી બંધુ, આપ ચક્રવર્તિને શી કમીના છે ? આપનો આગ્રહ છે તો હું એ પસલી લઉં છું આપનું રાજ્ય તેજ સદા તપો !

રાજાઃ—બ્હેન, હવે મને સંતોષ થયો. પણ મારે તમારી સાથે એક આપણા દેશના અને આપણી રજપૂત કોમના ઉદયની વાર્તા કરવી છે. તે વિષે મારે તમારો અભિપ્રાય જોઇએ છીએ.

રજપૂતાણીઃ—વીરા ! આપ સમર્થ છો; આપની નજર થતાં આખી રજપૂત કોમનું ભલું થઈ જાય તેમ છે. આપ ધારો તો કાંઈ કઠણ નથી.

રાજાઃ—આપણા લોકોમાં બૈરાં ઓઝલ પડદો રાખે છે તેથી પુરૂષોને પાણી, લાકડાં, ઘાસ વગેરે લાવવાં પડે છે, અને રજપૂતાણીઓનાં શરીર પડદામાં રહેવાથી બહુ નિર્બળ થઈ જાય છે. આરોગ્ય સારૂં રહેતું નથી તેથી આપણી કોમની સ્ત્રીઓને બહારનો અનુભવ પણ મળતો નથી અને તેઓ અજ્ઞાન રહે છે. આથી આપણી રજપૂત કોમની દિન પ્રતિદિન પડતી થતી જાય છે. તેથી જો ઓઝલનો રિવાજ કાઢી નાંખીએ તો કેવું ?

રજપૂતાણીઃ—કોઈ પણ રજપૂતની દીકરી પડદો કાઢી નાંખવાને પોતાનું માથું જશે તો પણ ખુશી હોવાની

નહિ; અને પડદો કાઢી નાંખવાનાં જે કારણો આપ બતાવો છો, તેનો વિચાર કરતાં તે કાંઇ ખરાં જણાતાં નથી. પુરૂષો ઘાસ લાકડાં પાણી વગેરે લાવે છે તેથી અમને કસરત નથી મળતી—એ કારણ તો કેવળ ખોટું જ છે, રજપૂતાણીઓની પડદાની સવડ જાળવવાને રજપૂતો બહારથી કાઢી લાવે છે, પણ ઘરમાં વાપરવા જેવા નાના કડકા કરવાને માટે કુહાડો લેઇને તે કાપવાની કસરત રજપૂતાણીઓ પોતાના ઘરના વાડાઓમાં કરી શકે છે, બીજું દળવા, ખાંડવા, રાંધવા વગેરેમાં તથા ઘર લીંપવા, વાળવા, ઝાડકવાના કામમાં પણ અમને રજપૂતાણીઓને જોઇએ તેટલી કસરત મળી શકે છે. આ પ્રમાણે ગરીબ રજપૂતાણીઓને તો કસરત મળેજ છે, અને જે શ્રીમંત જાગિરદારો અને રાજાઓ છે, તેમનાં બૈરાંને પણ ઘરમાં કસરત કરવી હોય તો તેઓ ઘરકામમાં કે ખાસ કસરત કરવાનું કામ કરી શરીર કસી શકે છે, અને રજપૂતાણીઓને પોતાનું પતિવ્રત જાળવવા સિવાય બીજો બ્હારનો અનુભવ જરૂરનો નથી. પોતાના પતિ સિવાય અન્યનું મુખ પણ જે રજપૂતાણી જુવે નહિ એવો ટેક ધરાવે—તેજ રજપૂતાણી સર્વે કરતાં ટેકનેજ મુખ્ય ગણનાર શૂરવીર પુત્રોને જન્મ આપી શકે, તેજ દેશની અને રજપૂત કોમની ચઢતી કરી શકે, તે સિવાય દેશની કે રજપૂતોની ચઢતી થવાનો બીજો રસ્તોજ નથી. રજપૂતાણીઓ કરતાં કાંઇ બહાર ફરનાર અને બેઠાખાઉ મુસદ્દીઓનાં બૈરાં કાંઇ વધારે ઉન્નતિમાં નથી.

રાજા કાંઇક સંકોચાઇને બોલ્યોઃ—પણ ગરીબ રજપૂતોને એથી અગવડ કેટલી વેઠવી પડે છે?

રજપુતાણી બોલીઃ—જે રજપુતો પોતાની ધર્મપત્નીની મર્યાદા માટે માથું પણ વહાલું કરતા નથી, તેઓ એટલી

અગવડ વેઠવાને પોતાની સગવડને વહાલી કરતાજ નથી. બોજો ઉઠાવવો, કુહાડો વાપરવો કે દાતરડું વાપરવું એનો શું લશ્કરી કસરતના જેવોજ પ્રકાર નથી? તે કાંઇ રજપુતોને કઠણ પડવાનું નથી; અને ગરીબ રજપુતો કે જેઓનાં ટકીલાં સંતાનો ઉપર આખા દેશના ઉદયનો આધાર રહ્યા છે, તેઓની સ્ત્રીઓએ તો સર્વે પ્રકારની સગવડનો ભોગ આપી તે ઓઝલ પાળવામાં ખરો ટેક અને આગ્રહ રાખવાની જરૂર છે; કેમકે તેમનાંજ સંતાનોથી આખી સેનાઓ ભરવાની છે. જો રાજાઓ અને ઠાકોરો ઓઝલ કાઢી નાખીને બહાર ફરનાર મુસદ્દીઓ જેવાં સંતાનો ઉત્પન્ન કરે તો ચાલે; કેમકે તેઓ સોનારૂપાની તોપો જેવાં રાજ્યની શોભાની ખાતર છે, પણ ગરીબ રજપૂતો તો વજ્રલોહની તોપોના જેવા હોવાની જરૂર છે અને તેઓ ઓઝલમાં રહેનારી અગવડ વેઠી ટેક અને સતીત્વ જાળવનારી રજપૂતાણીઓના લોહીથીજ પાકવા જોઇયે.

રજપૂતાણીના આ શબ્દો સાંભળીને રાજાના મનમાં કાંઇક પ્રકાશ પડયો કે સગવડ અને દેશોદયની વાતોનો ગુંચવાડો એ ખરા પાયા ઉપર રચાયો નથી. રાજાએ ત્યારથી પોલા સુધારાનો ઉપદેશ કરવો છોડી દીધો. તે રજપૂતને અને રજપૂતાણીને સારૂં ઇનામ આપી સુખી કર્યાં અને રજપૂતોને કેળવણી આપી તેમના શૂરવીર પિતાઓ અને સતી ઓઝલમાં રહેનારી માતાઓના ગુણોને દીપાવે એવા કર્યાં, અને સ્વદેશના ઉદયનો પ્રભાત સમય તેના જોવામાં આવ્યો.

સાર:—દેશોદય પ્રાપ્ત સ્થિતી રીતિનો નાશ કરવાથી નથી થતો, પણ સ્થિતિ રીતિનો સર્વોત્તમ પ્રકારે ઉપયોગ કરવાથીજ થાય છે.

કથા ૩ જી.

સુધરેલી વહુ અને પહોચેલો વર.

હાલના સમયના સુધારાના પવનમાં ઘસડાયલા કુટુંબની એક કન્યા ભણી ગણી હોંશીઆર થએલી, તે પોતાને સાસરે ગઇ. સસરાનું કુટુંબ તો જુના વિચાર પ્રમાણે ચાલનારૂં હતું. તેમજ તેનો વર જોકે **બી. એ.** થયેલો હતો તો પણ જુની રીતને વિના કારણે ધિક્કારી કાઢનાર નહોતો. પેલી સુધરેલી વહુ પોતાના પિયરમાં મળેલા સંસ્કાર પ્રમાણે પોતાના સસરા અને જેઠની લાજ કાઢતી નહિં: તે ઉપરથી તે ગામના રિવાજ પ્રમાણે અને પોતાના જુના વિચારો પ્રમાણે સસરો અને જેઠ વગેરે પોતાનું અપમાન અથવા અમર્યાદા થયેલી સમજી નાખુશ થતા. આ પ્રમાણે પોતાના વડિલોનું અંતઃકરણ નજીવી બાબત માટે દુઃખાય તે તેના વરને પસંદ નહોતું. તેથી તેણે પોતાની સુધરેલી સ્ત્રીને કહ્યું કેઃ—તારે આપણાં સર્વ વડીલ પુરૂષ વર્ગની લાજ કાઢવી.

સુધરેલી વહુ બોલીઃ—એવી જંગલી રીત મને પસંદ નથી.

પહોચેલો પતિ બોલ્યોઃ—આપણે સંસારમાં બધું આપણી પસંદગીનું કરતા નથી. બીજાની પ્રસન્નતા માટે પણ ઘણું કરવાનું હોય છે. લશ્કરમાં સિપાઇ પોતાની પલ્ટનના કોઇ પણ ઓફિસરને રસ્તામાં મળે છે તો સલામ કરવીજ પડે છે, નિકર તેને શિક્ષા થાય છે. કપાળે હાથ અડકાડવાથી કાંઇ વધારે ઓછું થતું નથી. છતાં એવી બાબત પોતપોતાના સમુદાયની રીત્ય પ્રમાણે મહત્વની મનાય છે. તેથી તારે પણ આપણા વડીલોનો મલાજો કરવો.

સુધરેલી વહુ બોલીઃ—ભણી ગણી જ્ઞાનવાળી સ્ત્રીઓ

એવા નકામા સ્થાનિક કે સામુદાયિક ચાલોથી બંધાયલી નથી. જુઓ મુનિયોની સભામાં ગાર્ગી નગ્નજ જઇને ઉભી હતી. માટે એવા લોકોના મર્યાદાના નિયમો મને લાગુ પડે તે હું ઇચ્છતી નથી.

પોતાની સ્ત્રીની આવી શિર ફરેલ હઠ જોઇને પેલા પહોંચેલા પતિએ તેને ઠેકાણે આણવાનો વિચાર કર્યો; એકવાર રમત ગમત કરવા તે સ્ત્રી અને પેલો તેનો પતિ એક ઓરડામાં બેઠાં હતાં. પહેલેથીજ તે ઓરડામાં એક પણ વસ્ત્ર પેલા પતિએ રહેવા દીધું નહોતું. પછી હાસ્યવિલાસ કરતાં તે સ્ત્રીનાં બધાં વસ્ત્ર કાઢી લેઇને તેને તેણે ગોપિકા વસ્ત્રહરણની લીલામાંની ગોપી જેવી બનાવીને મૂકી. પતિ તે સ્ત્રીનાં સઘળાં વસ્ત્ર લેઇને બહાર આવી આગલા ખંડમાં પોતાના મિત્રો અને ભાઇઓને એકઠા કરીને વાતો કરતો બેઠો. વાતોમાં ને વાતોમાં તથા શેતરંજની લાંબી ચાલે તેવી રમતમાં સાંજ લગી તેણે બધો વખત ગાળ્યો. ખાવાનો વખત થયો ત્યારે પેલી વહુને હાંકો મારીને ખાવા બોલાવી, પણ નાગી ઉઘાડી શી રીત્યે આવે? તેથી તે બોલ્યા ચાલ્યા વિના પોતાના ખાનગી ઓરડામાં બેશી રહી. મર્યાદાના નિયમ પ્રમાણે સાસુ પોતાની વહુના ઓરડામાં જાય નહિ. તેથી સાસુએ એવુંજ અનુમાન કર્યું કે વહુનું શરીર ઠીક નહિ હોય તેથી ઓરડામાં રહી હશે. પણ વહુ તો તેનું વસ્ત્રહરણ થયેલું હોવાથી ગોપીઓ યમુના જળમાંથી બહાર ન નીકળી શકી તેમ ઓરડા બહાર ન નીકળી શકી. આખો દિવસ ભુખે ઠોકાઈ. રાત્રિએ પેલો પહોંચેલો પતિ પોતાના ઓરડામાં પાછો ગયો. ત્યારે પેલી સુધરેલી સ્ત્રીએ બહુજ ચીડાઇને કહ્યું:—તમે મારાં લુગડાં કાઢી લેઇને બારણે જઇને બેઠા તેથી નગ્ન સ્થિતિમાં હું શી રીત્યે બહાર નિકળું.

અહીં લુગડાં ખોળ્યાં પણ એક ગોદડું તાપડું કે ચટાઈ સરખીએ નહોતી. તેથી સાસુજીએ જમવા બોલાવી તોપણ હું બારણે નીકળી શકી નહીં, અને આખો દીવસ હું ભુખી રહી.

વરે શાન્તિથી કહ્યું:—એ તો મને સરતજ રહી નહિ કે તારાં લુગડાં હું બહાર લેઇ આવ્યો છું. એમાં શું? તારે લુગડાં ઘરમાંના બીજા ઓરડામાંથી લેઇ લેવાં હતાં. અમથી ભુખે શું કરવા મુઇ.

સ્ત્રી વધારે ચીડાઇને બોલી:—હું તો બીજા ઓરડામાંથી જઇને પણ લુગડાં લેઈ આવત, પણ આ ઓરડાના આગલાજ ભાગમાં બધા પુરૂષોને એકઠા કરીને શેતરંજ ટીચવાને અને ગપો મારવાને તમે બેઠા હતા એટલે આ ઓરડામાંથીએ શી રીત્યે નિકળાય?

વરે શાન્તિથી આનંદમાં કહ્યું:—ગાર્ગી મુનિયોની સભામાં નાગી ગઇ અને ત્યાં વાદ કર્યો, તારે તો ફક્ત અમારી વચ્ચે થઇને ચાલ્યાજ જવું હતું તેમાં આટલો બધો સંકોચ શા માટે? તેથી તેં અંદરથી મને હાંકો એક બેવાર માર્યા છતાં હું શેતરંજનો સ્વાદ મુકીને ઉઠયો નહિ. હું તો જાણતો હતો કે તું ગાર્ગીની માફક અમારી આગળ થઇને ચાલી જઈશ.

આ ટોણાથી પેલી સુધરેલીની સાન ઠેકાણે આવી ગઈ અને રીત પ્રમાણે વડીલોનો મલાજો કરતાં શીખી.

સાર—અપવાદરૂપ વ્યક્તિયોનાં ઉદાહરણો ઉપરથી વાચલ સુધારકો જે બેવકુફી ભરેલી દલીલો કરે છે તેના ઉત્તર આવા પ્રકારનાજ જોઇએ.

કથા ૪ થી.

ડાહી અને દોઢ ડાહી.

એક સુધરેલા પિતાની બે પુત્રીઓ હતી, એક જુના સદ્‌વિચારને પસંદ કરનારી નિકળી તેથી લોકો તેને ડાહી એ નામથી ઓળખતા હતા, અને બીજી સુધારાની અનન્ય ભક્ત નીકળી તેને લોકો 'દોઢડાહી' એ નામે ઓળખતા. દોઢડાહી ઘણીવાર પોતાનો મિજાજ ખોતી. પણ ડાહી પોતાની બહેન પ્રત્યેનો પોતાનો ભાંડુભાવ કાયમ રાખતી.

ડાહીને એક પુત્રી હતી અને તે આઠ વર્ષની થઇ એટલે વીશ વર્ષનો જમાઈ શોધી કાઢયો; અને તેની સાથે પેલી પુત્રીનો વિવાહ કર્યો. એ જમાઇ વેદ, વ્યાકરણ, ગૃહ્ય સુત્ર વગેરે ભણેલો હતો, અને ઉત્તમ ગુરૂ કુળમાં ઉછરી અભ્યાસ કરવાથી ઉત્તમ મનોનિગ્રહવાળો સુશીલ હતો. નવમા વરસમાં પુત્રીનું કન્યાદાન કરવાનું નિર્ધારીને ડાહીએ પોતાની બહેન દોઢડાહીને પત્ર લખ્યો—કે લગ્નના શુભ પ્રસંગે વહેલાં પધારજો.

પત્ર પહોંચતાંની સાથે દોઢડાહી બહેનનો તો મિજાજ જ ખશી ગયો, કે કન્યા રજસ્વળા થઇ યુવાવસ્થામાં આવે તે પહેલાં પુત્રીનું લગ્ન કેવું? તેથી દોઢડાહી તો લગ્ન ઉપર જવાને નહિ, પણ પોતાની બહેનને ઠપકો દેઈ લઢવાને માટે પોતાની બહેનને ઘેર ગઇ.

દોઢ ડાહી બોલીઃ–ડાહી! તેં જે અનુચિત કાર્ય કર્યું છે તેને માટે મારે તને પુષ્કળ ઠપકો દેવો છે.

ડાહી બોલી—બ્હેન! જો તમારે મને ઠપકો દેવો હોય તો દેજો. વળી મારી ભુલ મારે સુધારવી પડશે તો પણ

હું સુધારીશ. આવતી કાલે સાંજે તમે જે કહેશો તે સાંભળીશ ત્યાં લગી તમે ધીરજ રાખીને થોભો.

આથી દોઢડાહીએ પોતાનો ઠપકો બીજે રોજ સાંજ લગી મુલતવી રાખ્યો. બીજે રોજ ડાહીએ છેક ત્રીજા પહોરલગી રાંધ્યું કર્યું નહિ. દોઢડાહીના મનમાં કે ખાવાનું હમણાં થશે હમણાં થશે. પણ જ્યાં ત્રીજો પહોર થયો કે અસહ્ય ભુખથી ગાંડી જેવી થઇ ગયેલી દોઢડાહીએ ડાહીને કહ્યું:—કાંઈ ખાવા કરવાનું થયું કે નહિ અત્યારલગી તેં તો ભુખે માર્યાં, આખો દિવસ તેં ભુખે મારવા ધાર્યાં છે કે શું ?

ડાહીએ ઠંડે પેટે કહ્યું:—બહેન તમને ભુખ લાગી ? લાવો ત્યારે હવે હું રાંધવા માંડું છું. ચિન્તા કરશો નહિ.

અધીરી થઇ ગયેલી દોઢડાહીએ અત્યંત ક્રોધથી કહ્યું:—શું ધુળ રાંધવા માંડું છું હવે લાહ્ય લાગી ત્યારે કુવો ખોદવા બેસે છે. આમ ભુખે મરવું પડશે એમ જાણતી હોત તો હું અહીં આવત શું કરવા ?

ડાહીએ નમ્રતાથી કહ્યું:—હું સપાટામાં રાંધી લેઇશ, અને હાલજ નાસ્તો કરવો હોય તો ઘરમાં જઇ ઉતરાયણના વખતનું મગદલ છે તે થોડુંક ખાઈ લ્યો. વધારે ખાશો નહિ કેમકે ઉધરસ થશે. મને રાંધતાં વાર નહિ લાગે.

પછી પેલી ઉતરાયણનું ખોરૂં મગદલ નાસ્તામાં થોડું થોડું કરતાં દોઢ ડાહી ખાઈ ગઇ, અને તેને જરીક શાન્તિ વળી એટલામાં ડાહીએ ખીચડું બાફી દીધું અને દોઢડાહીને ખવરાવ્યું. ડાહીએ પછી દોઢડાહીને કહ્યું—પુત્રીને યુવાવસ્થા પ્રાપ્ત થાય ત્યાં લગી તેનાં લગ્ન ન કરવાં ને ભુખ લાગતાં લગી રાંધવું નહિ તેના જેવું અથવા લાહ્ય લાગતાં લગી કુવો ખોદવો નહિ તેના જેવું છે. ઘરમાં સીધું અને

ચુલો તો આપણા અગ્નીઆરમાં છતાં પણ રાંધી લેતાં કેટલા ધમપછાડા તેં કર્યાં. તો પારકા ઘરમાંથી યોગ્ય વર શોધી લેવો તે કાંઇ પળમાં બનતું નથી. ભુખને લીધે ખોરા નાસ્તાનું કે ખીચડીનું પણ ભાન રહેતું નથી. એ તો તમને પ્રત્યક્ષ આજે અનુભવ થયો છે.

દોઢડાહી બોલીઃ—પણ આઠ વર્ષની છોકરી ને વીશ વર્ષનો જમાઇ—તેમની મેડી થશે ત્યારે કેવો જુલમ થશે? તેનો કાંઇ તેં વિચાર કર્યો.

ડાહીએ તરતજ પોતાના જમાઇને તેડી મંગાવ્યો અને દોઢડાહીના દેખતાંજ તેને કહ્યું:—અમે કન્યા તો દઇએ છીએ, પણ તમારે મેડીનું મુહુર્ત્ત તો અમારી છોડી બાર તેર વર્ષની થશે ત્યારે આપવું પડશે.

જમાઇએ વિનયપૂર્વક જવાબ દીધો કેઃ—આપની મરજી હોય તો કન્યા દો, પણ રજો પ્રાપ્તિ થયા શિવાય મેડીનું મુહુર્ત્ત આપીને અમે **ऋतुस्नातां तामेवाभिगच्छेत्** એવી વેદની આજ્ઞા ઉપર પગ મુકવા માગતા નથી. ભલે તમે અમારે ઘેર તમારી પુત્રીને મોકલજો, તેને યોગ્ય શિક્ષણ આપીને કેળવીશું. પણ ચતુર્થી કર્મ તો રજોદર્શન લગી મારાથી નહિજ બને.

પછી ડાહીએ દોઢડાહીને કહ્યું:—કેમ સાંભળ્યું? બહેન! સુધારાનું ખરૂં રૂપ સમજ્યા વિના દોઢડહાપણ કરો છો તેથીજ લોક તમને દોઢડાહ્યાં કહેછે. ખરો સુધારો કરો તોજ પેશ પોચશે. ખાલી ધાંધળથી કાંઇ સુધારો થતો નથી.

સારઃ—દુઃખનાં કારણો દુર કરવાને બદલે સુખના સેતુ તોડવા તૈયાર થયેલા સુધારકો સુધારાનું લાક્ષણિક સ્વરૂપ જાણ્યા વિના આંધળો બેહેર કુટે છે—તેઓ કાંઈ લક્ષ પહોચાડે તો સારૂ.

કથા ૫ મી.

અજ્ઞાન મૂર્ત્તિપૂજક ને જ્ઞાન ગર્વી એકેશ્વરી.

એક અજ્ઞાન મૂર્તિપૂજક એક મૂર્તિની પુજા કરવામાં રોકાયલો હતો, તેને એક જ્ઞાનમદવાળા એકેશ્વરીએ કહ્યું—અલ્યા તું શું કરે છે?

મૂર્તિપૂજક બોલ્યો:—હું પરમેશ્વરનું પુજન કરૂં છું.

એકેશ્વરી બોલ્યો:—પરમેશ્વર ક્યાં છે તેની તને ખબર છે?

મૂર્તિપૂજક બોલ્યો:—તે તો તમે જાણો. હું તો મારે આમાં પરમેશ્વર છે તેનું પુજન કરૂં છું.

એકેશ્વરી બોલ્યો:—અરે મુર્ખ! પરમેશ્વર તો સર્વત્ર વ્યાપક છે. આ તું શું કરે છે?

મૂર્તિપૂજક ખુશી થઇને બોલ્યો:—ત્યારે આ મૂર્ત્તિમાં પણ છે. તમારા જેવા શાણા માણસની સાક્ષી મળી એટલે મને આ પૂજન ઉપરની શ્રદ્ધા વધારે દ્દઢ થઇ. અહો! પરમેશ્વર કેવા દયાળુ કે આટલી મૂર્ત્તિમાં પણ છે.

એકેશ્વરી:—અક્કલ વગરના! આ માણસની કરેલી મૂર્ત્તિમાં તે પરમેશ્વર હોય?

મૂર્ત્તિપૂજક:—ત્યારે પરમેશ્વર બધે વ્યાપક છે એ તમારૂં કહેવું તમારે મોઢેજ ખોટું ઠરે છે. માટે તમે પરમેશ્વરને ઓળખતાજ નથી, તેથી તમે પરમેશ્વર વિષે હવે જે વાત કહેશો તે હું ખરી માનવાનોજ નથી, બે બોલીવાળા તો જુઠાજ હોય છે.

સાર એ કે:—જ્ઞાન ગર્વ અને પક્ષાગ્રહ કરતાં અજ્ઞાન વધારે સારૂં છે—અંધ શ્રદ્ધા તે જ્ઞાનાન્ધતા કરતાં સારી છે.

કથા ૬ ઠ્ઠી.

જ્ઞાન ગધેડીને યોગ્ય ડફણું.

આજકાલના યોગ્યતાનો વિચાર કર્યા વિના ઉપદેશ કરનાર કોઇ ઉપદેશકની કથામાંથી એક બ્રાહ્મણી બ્રહ્મજ્ઞાનની કથાનો સાર શીખી આવી, અને આત્માને પરમાત્માની એકતાના એક્કામાં જોડાઇ ગઇ. તેથી તેણે તો આચાર અનાચારનો વિવેક વેગળો મૂક્યો, અને રાંધીને તપેલીઓમાંથી દેવને નૈવેદ્ય થયા પહેલાં તેમજ વૈશ્વદેવ થાય તે પહેલાં ખાઇને એંઠુ કરવા લાગી. તેના ધણીએ એક દિવસે તે સ્ત્રીને એ પ્રમાણે એંઠુ કરતાં જોઇ; તેથી તે પોતે ચુસ્ત આચાર વિચારવાળો કર્મકાંડી બ્રાહ્મણ હોવાથી તે સ્ત્રી ઉપર ઘણોજ ગુસ્સે થયો અને બોલ્યો—કે તું બ્રાહ્મણની દીકરી થઇને આવો અનાચાર કરે છે તેથી મારે તને શિક્ષા કરવી પડશે; કેમકે વૈશ્વદેવ તથા નૈવેદ્ય થતાં પહેલાં રસોઇ એંઠી કરવી જોઇએ નહિ એ તું જાણે છે, છતાં હમણાં આ નવું અપલક્ષણ તું શીખી છે, તે મારા જેવા બ્રાહ્મણના ઘરમાં નભશે નહિ.

બ્રહ્મજ્ઞાની થઇ પડેલી તે સ્ત્રી બોલીઃ—ગીતામાં આ પ્રમાણે છે કે **अहं वैश्वानरो भूत्वा प्राणिनां देहमाश्रितः + + + + पचाम्यान्नं चतुर्विधम्** અર્થાત્ ભગવાન પોતે કહે છે કે હુંજ પ્રાણિમાત્રના શરીરમાં વૈશ્વાનર અગ્નિને રૂપે રહીને ચારે પ્રકારના ભક્ષણ કરેલા અન્નનું પાચન કરૂં છું. માટે હું જે ખાઉંછું તે વખતે મારા પેટમાં રહેલા વૈશ્વાનર અગ્નિમાં હોમજ થાય છે; તેમજ નૈવેદ્ય ભગવાનને પોતાને જ પહોંચે છે. માટે તમે જે ક્રોધ કરો છો તે નિષ્કારણ છે.

તે સ્ત્રીનાં આવાં મિથ્યા બ્રહ્મજ્ઞાનનાં વાક્યો સાંભળીને પેલા ધણીએ યુક્તિમાં ને યુક્તિમાં તે સ્ત્રીને કહ્યું—જે તેં શ્રી ભગવદ્‌ગીતાનું વાક્ય કહ્યું તે વાક્ય મારે માથે ચઢાવું છું; અને હું પણ ભગવદ્‌ગીતા પ્રમાણેજ તારી પ્રત્યે વર્ત્તવા માગું છું.

એમ કહીને પેલા ધણીએ તો ચુલામાંથી સળગતું લાકડું લીધું અને પેલી સ્ત્રીને તે ચાંપવા તૈયાર થયો. પેલી સ્ત્રી કકળી ને વેગળી નાસતાં બોલી—આવી પણ અસ્નાઈ કે મને ડામ પડશે! દઝાડીને શું મને મારી નાંખવી છે? આવી સ્ત્રી હત્યા કરતાં શીખ્યા કે!

પેલો પુરૂષ બોલ્યો:—શ્રી ભગવદ્‌ગીતાના પ્રમાણેજ હું તારી સાથે વર્ત્તવાનો. ગીતાજીમાં તો ભગવાને કહ્યું છે:—**नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावकः** અર્થાત્ જે આત્મા સર્વમાં વ્યાપી રહેલો છે તે આત્માને તો હથિયાર છેદી શકતાં નથી અને અગ્નિ બાળી શકતો પણ નથી. તેથી આત્મ સ્વરૂપ થઇ ગયેલી તને અગ્નિથી સળગતું આ લાકડું કંઇ બાળવાનું નહિજ. છતાં બુમો પાડીને નકામી ગીતા વાક્યને ખોટાં શા માટે ઠરાવે છે?

પેલી સ્ત્રી કહે—એ તો ગીતામાં કહેવાનુંજ માત્ર, કાંઇ એમ કહીને અગ્નિને શરીર ઉપર અડકાડાય નહિ.

પેલા પુરૂષે કહ્યું:—ત્યારે કાંઈ વૈશ્વાનરની વાતો કરીને વૈશ્વદેવ અને નૈવેદ્ય કર્યા વિના અને પોતાના પતિના જમ્યા વિના સ્ત્રીથી પહેલું ટીચીને રસોઇ એંઠી ન કરાય! આ ફેરી તો ક્ષમા કરૂં છું પણ હવેથી આવો અનાચાર કર્યો તો બળતું લાકડું ચાંપીશ.

તે જ્ઞાન ગઘેડી બની બેઠેલી સ્ત્રી આ ડફણાનો સપાટો સમજી અને પાછી આચાર વિચાર પ્રમાણે વર્ત્તવા લાગી.

સાર:—જ્ઞાનનો ઉપયોગ કર્મભ્રષ્ટ થવામાં જેઓ કરે છે, તેઓ જ્ઞાનનો ખોટો ઉપયોગ કરે છે. તેવાઓને તો એ જ્ઞાન ગધેડી સ્ત્રીની પેઠે ડફણાં પડે એજ યોગ્ય છે.

કથા ૭ મી.

ચંડાળ અને રાજકન્યા.

એક નગરમાં એક ચાંડાલ રહેતો હતો. તે રોજ પોતાના નિત્ય નિયમ પ્રમાણે તે નગરના રાજાને ત્યાં ઝાડુ વગેરે કાઢવાને જતો હતો. તેવામાં એક દિવસ એવું બન્યું કે એ દાસીઓ તે રાજાની પરણવા લાયક થયેલી કુંવરીના રૂપ લાવણ્યની એક બીજા સાથે વાતો કરતી હતી, તે પેલા ચંડાળના સાંભળવામાં આવી. તેથી ચાંડાલના મનમાં તે કુંવરીને પરણવાની અત્યંત આતુર ઇચ્છા પ્રકટી. પણ તેની સાથે તેને પોતાની ચંડાળની જ્ઞાતિનો વિચાર પણ આવ્યો. તેથી તેના મનમાં તે રાજકન્યાની સાથે હાથેવાળો મળવાનો કેવળ અસંભવ પણ જણાયો. આથી તેણે પોતાના જીવતર ઉપર કંટાળો આવવાથી પોતાને ઘેર જઇને આત્મહત્યા કરવાનો નિશ્ચય કર્યો.

ચંડાળ ત્યાંથી પોતાને ઘેર ગયો, અને પોતાને ગળે દોરડીનો ફાંસો ઘાલીને આપઘાત કરવાની તૈયારી કરી; પણ એવામાં તેની પોતાની સ્ત્રી ચંડાળણી આવી પહોંચી, તથા પોતાના પતિને મરવા તૈયાર થયેલો જોઇને ભય વિનય અને ગભરાટથી તેને પકડી રાખ્યો, અને દયામણા મુખથી કરગરી પડી પૂછ્યું કે:—" હે પતિ! આપ મને રંડાપો આપવાને માટે કેમ આમ તૈયાર થયા છો! મારો એવો

શો દોષ છે ? અથવા તમારા ઉપર એવી શી વિપત્તિ આવી છે કે જેથી તમે આત્મહત્યા જેવું ઘોર પાપ કરવા તૈયાર થયા છો ! ! ”

ચંડાળ બોલ્યોઃ—હે ભલી સ્ત્રી ! એમાં તારો કાંઇ દોષ નથી. પણ દોષ આ મારા ચંડાળ દેહનો છે. તેથી મારે એ દેહ ત્યાગ કરવો છે.

ચંડાળણી બોલીઃ—ખરૂં જોતાં, હે પતિ ! દેહનો કાંઇ દોષ નથી. આપણા પેલા ભવનાં કર્મ પ્રમાણે આપણે આ ચંડાળ જાતિનો દેહ પામ્યા છીએ. તેમાં પણ આપણે આપણો ધર્મ બજાવીને હલાલખોર એ નામને સાર્થક કરીએ તો બ્રાહ્મણ થઇને પોતાનો ધર્મ ન પાળે તેના કરતાં પણ પરમેશ્વરની કૃપા વધારે મેળવી શકીએ તેમ છે. માટે માનવદેહ ગમે તે જાતિનો હોય તોપણ આ સંસારસાગર તરવાના નાવ જેવો છે, તેનો આમ ભંગ કરવો અથવા નાશ કરવો એ સાત ભવ ચંડાળ થઇ આપઘાત કરવાનું જ ફળ ઉપજાવનાર છે; માટે આપણા કર્મ ધર્મ કરી સંતોષથી સુખમાં રહો, અને મને તથા મારા નાના બાળકને રઝળતાં કરવાનો વિચાર છોડી દો.

ચંડાળે કહ્યુંઃ—એ બધું ખરૂં. પણ હું દરબારમાં ઝાડુ ઝ્હોરવા ગયો હતો, ત્યાંથી મેં રાજ્યકન્યાના વખાણ સાંભળ્યાં છે ત્યારથી તેની સાથે લગ્ન કરવાને મને એવી તો આતુર ઇચ્છા પ્રકટી છે કે હું તેને પરણ્યા વિના જીવી શકવાનો નથી; અને તે રાજ્યકન્યા મને આ દેહમાં મળી શકે તેમ નથી માટે મારે આ શરીર છોડવુંજ છે.

ચંડાળણીએ વિચાર કર્યો—“ આને જે ધુન ભરાઇ છે તેનો ઉપાય શો કરવો—તે મારે જઇને રાજપુત્રીને પૂછવો; આમે મારા પતિ આપઘાત કરીને મરશે એટલે હું અને

મારાં છોકરાં તો મરવાનાંજ છીએ. માટે એમને એમ મ-રવું તેના કરતાં આનો ઉપાય પૂછવા જતાં ગુસ્સે થઇ કદી રાજાજી પાસે ગરદન મરાવશે તો પણ બ્હેતર છે. આપઘા-તના દોષમાંથી તો બચીશું."

એ પ્રમાણે વિચાર કરીને પોતાના પતિને ધીરજ આપ-વાને તે ચંડાળણી બોલીઃ—મારાથી બનતી યુક્તિ અથવા પેરવી કરીને તે રાજકુંવરીનો અને તમારો મેળાપ કરી આપીશ. માટે હું મારો પ્રયત્ન કરૂં ત્યાં લગી તો તમે આ-પઘાત કરવો મુલતવી રાખો.

પોતાની સ્ત્રીનું કહેવું તે ચંડાળને કાંઇક ગળે ઉતર્યું તેથી તેણે પોતાનો આપઘાત કરવાનો વિચાર પોતાની સ્ત્રીના પ્રયત્નનો પરિણામ જણાતાં લગી મુલતવી રાખ્યો, પેલી ચંડાળણી પણ બીજે દિવસે દરબારમાં બ્હોરવા ગઇ, અને કુંવરીની આગળ રડી પડી અને પોતાના ધણીની કામા-તુર અવસ્થાનો હેવાલ કહ્યો તથા બોલી કે—" આવી વિપ-રીત બુદ્ધિ મારા પતિને સુજી છે તે મારો અને મારાં છો કરાંનો વિનાશ થવાનોજ સમય આવ્યો છે."

રાજકન્યા બહુ ચતુર તથા સુનીતિવાળી હતી. તેણે ચારે તરફનો શાસ્ત્રદૃષ્ટિથી વિચાર કર્યો તો તેને સમજાયું કે પાપકર્મથી ઉપજેલી દુર્બુદ્ધિને ફેરવવાને તો પરમેશ્વરજ સમર્થ છે. તેથી તે રાજકન્યાએ પેલી ચંડાળણીને કહ્યું કે—" તારા પતિને જઇને કહે કે તું જો રાજકન્યાના ઉપર ખરેખાત આસક્ત થયો હોય તો તે રાજકન્યાનીજ ખાતર **" રામકૃષ્ણ રામકૃષ્ણ "** એ નામનો જપ કરતો કરતો સઘળાં તીર્થ કરીને પાવન થઇ આવ, અને આવે ત્યારે પણ ગામ બહાર મુકામ રાખીને એજ શ્રી હરિ નામનું સ્મરણ કર્યા કરજે. તો હું તને પછી મળીશ."

કુવરીનો સંદેશો ચંડાળણીએ જઇને પોતાના પતિને કહ્યો. તે ચંડાળને પણ રાજકન્યા ઉપર ખરેખરી આસક્તિ હોવાથી એજ પ્રમાણે ખાવાપીવાને ઉંઘવાનું પણ વિસારે નાંખીને "**રામકૃષ્ણ રામકૃષ્ણ**"ની ધુન લગાવતો આખી પૃથ્વીનાં સઘળાં તીર્થની યાત્રા કરીને દશે બારે વર્ષે આવીને ગામ બહાર ઉતર્યો; પણ તીર્થ સ્નાનથી શરીરના અને શ્રી હરિ નામ સ્મરણ કરવાથી મનના સર્વે દોષ જતા રહેવાથી તેનું અંતઃકરણ અભ્યાસ બળે કરીને શ્રી હરિમાંજ સંલગ્ન થયું હતું. તેને જટા નખ વગેરે વધી જવાથી તેનો દેખાવ પણ કોઈ મહાન તપસ્વી મુનિ જેવો થઇ ગયો હતો.

એ ચંડાળે આવીને નગર બહાર ખુલ્લી જગોમાં મુકામ કર્યો, અને 'રામકૃષ્ણ રામકૃષ્ણ' એવી ધુનિ ચાલુ રાખી. ખાવા પીવા ઉપર પણ તેનું ધ્યાન નહોતું. ગામના લોક કોઇ મહા તપસ્વી જાણી તેનાં દર્શન કરવા આવવા લાગ્યા. પણ તેનું મન તો રોજના ભજનના મહાવરાથી તે કોઈ તરફ જતુંજ નહિ. તેઓ પૈસા, ખાવાના પદાર્થ વગેરે મુકીને ચાલ્યા જાય તે ઉપર પણ તે નજર સરખી કરતો નહિ. છેવટે તેની ખ્યાતિ રાજા લગી પહોંચી, તેથી રાજા પણ તેનાં દર્શન કરવાને માટે આવ્યો. પછી રાજાએ રાણીને એનાં દર્શન કરવા જવાને કહ્યું. રાણીએ પોતાની પુત્રીને કહ્યું કે તું પણ એ મહાત્માનાં દર્શન કરવા ચાલ. કુંવરીએ મનમાં જાણ્યું કે એ તો પેલો ચંડાળજ હોવો જોઇએ. તેથી પોતાની માને કહ્યું– "તમે હાલ જઇ આવો અને પછી હું પણ જઇ આવીશ." એમ કહીને કુંવરીએ પોતે એકલાં દર્શન કરવાને જવાનો વિચાર રાખ્યો.

પછી જ્યારે કુંવરી તે ચંડાળનાં દર્શન કરવા ગઇ ત્યારે તેણે સૌ માણસોને વેગળાં ખશેડી એકાન્તમાં તેને કહ્યું—

"હે સાધુ પુરૂષ! જે રાજકન્યાને માટે તમે આટલું તપ કર્યું તે હું પોતે તમારી આગળ હાજર છું; મને શી આજ્ઞા છે? હવે હું વીશ વર્ષની ઉમરની પરણવા યોગ્ય થઇ છું; તે દિવસ તો હું માત્ર દશ વર્ષનીજ હતી. હવે તો યૌવને મારા રૂપગુણમાં વિશેષ ઉમેરો કર્યો છે."

પેલા ચંડાળે તે રાજકન્યાને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને સ્તુતિ કરતાં કહ્યું–' હે માતુશ્રી! હે મારા ગુરૂરૂપ દેવા! તમને હું મારાં પૂજ્ય સદ્ગુરૂ ગણું છું. તમારી પ્રત્યે જે ખોટા વિચાર મને આગળ થયેલા તેને માટે હું તમારી ક્ષમા માગવાનેજ આવ્યો છું. ભગવદ્‌ભક્તિ કરનારને રાજકન્યા તો શું પણ દેવકન્યા પણ મળી શકે છે. પણ તે સર્વમાં ઉત્તમ ગણાતી સદ્‌બુદ્ધિરૂપ કન્યા એજ ખરી ભક્તિનું ફળ છે, અને તે મને તમારી કરૂણાથી પ્રાપ્ત થઈ છે. જે ભક્તિથી સાક્ષાત પરમેશ્વર પણ વશ થાય છે તેનો ઉપયોગ ક્ષુદ્ર વિષયો પ્રાપ્ત કરવામાં વાપરનાર જીવો તે પરમેશ્વરના ભક્ત નથી પણ ખરી ભક્તિને તેમણે ઓળખી જ નથી. મારે અહીં આવવાની ફરીને જરૂર પણ નહોતી પણ તમારા જેવા પવિત્ર રાજકુટુંબની ચંડાળ તરીકે સેવા બજાવવાનો જે મનુષ્ય દેહ મને અમારી વર્ણમાં મળ્યો છે, તેનો લાભ લેઇ મારાં સ્ત્રી પુત્રાદિક પ્રત્યેનો ધર્મ બજાવીને ચંડાળના જીવને પણ ઉત્તમ બુદ્ધિ આપી શકે એવા પરમેશ્વરનું સ્મરણ કરી આયુષ્ય પૂર્ણ કરવાને માટે જ હું પાછો આવ્યો છું. માતાજી! આપની કૃપાથી મને તીર્થયાત્રા અને ઈશ્વરસ્મરણનું ફળ થયું છે. આ દેહ ચંડાળ વર્ણનો છે તે આપના રાજકુટુંબની સેવામાં રહેશે એનું કાંઇ થોડું ફળ નથી. પોતાના જાતિધર્મ પ્રમાણે મહાત્માઓની સેવા કરવી એજ દેહનું સાર્થક છે."

પછી રાજકન્યા તે ચંડાળની પ્રશંસા કરીને ચાલી ગઇ,

અને ચંડાળે તો પોતાનો રાજકુટુંબના હલાલખોર તરીકેનો ધંધો ઇશ્વર સ્મરણ કરતાં ચાલુ રાખ્યો. તે પવિત્ર રાજકુટુંબની કોઇથી પણ ન બની શકે તેવી વિકટ સેવા પોતાના ચંડાળ વર્ણને પ્રતાપે તે સ્વાભાવિક રીતે પણ સમજણ અને ભાવ સહિત બજાવતો હતો. આ પ્રમાણે દિવસ ચાલ્યા જતા હતા તેવામાં તેજ નગરના એક શાહુકારની પુત્રીએ આવીને પેલા રાજાજીના દરબારમાં ફરિયાદ કરી કે—"મારો પિતા મને તેના ગુરૂ સાથે પરણવાની ફરજ પાડે છે, અને તેવું પાપ હું કરવાની નથી. મારા અને પિતાના પણ આપ પિતાજ છો, કેમકે આપ રાજા છો; માટે મને આ સંકટમાંથી છોડાવો અને મારા પિતાને સમજાવો."

રાજાએ પેલા શાહુકારને તથા ગુરૂને બોલાવ્યા. શાહુકારને કહ્યું કે—'તમે તમારી પુત્રીને ગુરૂને આપવાની ઇચ્છા રાખો છો, પણ તે પુત્રીની ઇચ્છા નથી; માટે તમારે એ પ્રમાણે જુલમ કરવામાં પોતાનો પિતા તરીકેનો અધિકાર વાપરવો નહિ જોઇએ.'

શાહુકારે કહ્યું—"મારાં વહાણ તોફાનથી ડુબી જતાં હતાં, પણ તે આ મારા ગુરૂ મહારાજની ઇશ્વર ભક્તિના બળથીજ ઉગર્યાં, અને હું વ્યવહારમાં રહ્યો, નિકર દેવાળુ કાઢી ખરાબખસ્ત થઈ જાત. જો તું મને તારી પુત્રી અર્પે તો વહાણ ઉગરે એવો અનુષ્ઠાનનો પ્રયોગ હું કરૂં. એવો કરાર મારી પાસે ગુરૂજીએ માગવાથી મેં તે કરાર કર્યો છે તે પ્રમાણે મારૂં કામ મારા ગુરૂજીના ઇશ્વર ભક્તિનાં બળથી થયું છે, માટે મારે તે કરાર પાળવો જોઇયે. પુત્રી મારી છે, અને મારા ગુરૂ ઉત્તમ વર્ણના છે તેમને હું કન્યા દઉં તો તેમાં રાજા તરીકે આપ વચમાં પડી શકશો નહિ.

આપનું ધર્મરાજ્ય કહેવાય છે, અને ધર્મશાસ્ત્ર પ્રમાણે કન્યાદાન કરવાનો હક પિતાનો છે. તેમાં પણ હું તો મારા ગુરૂ જેવા ઉત્તમ પાત્રને કન્યા આપું છું.”

રાજાએ તેથી ગુરૂને કહ્યું:—“મહારાજ તમો બ્રાહ્મણ વર્ણના છો અને તેથી વિદ્વાન તથા સન્મતિવાળા હોવા જોઇયે. માટે આપ આ કન્યાની મરજી વિરૂદ્ધની માગણીને છોડી દેઇને આ શાહુકારને તથા તેની પુત્રીને સુખી થવા દો. દયા, ક્ષમા, સત્ય, વગેરે બ્રાહ્મણોના ગુણો આપમાં છે તો આવો કરાર પળાવવાનો આગ્રહ છોડી દો.”

પેલા શાહુકારનો ગુરૂ બોલ્યો:—“ક્ષત્રિયોએ બ્રાહ્મણોને શીખામણ દેવાની નથી. હે રાજન્! તું તારૂં કામ કર. આપનાર લેનાર રાજી તો શું કરે રાજાજી! છતાં મને મળતા કન્યાદાનમાં જો વચ્ચે આડી જીભ ઘાલશો તો હું બ્રાહ્મણ શ્રાપ શિવાય બીજું બળ ધરાવતો નથી. આગળ બ્રાહ્મણોના શાપથી મોટા મોટા રાજાઓ પાયમાલ થઇ ગયા છે, તે તમારૂં અજાણ્યું નથી, માટે મારી બ્રાહ્મણની ઇચ્છા અને આ શાહુકારની પોતાની પુત્રી ઉપરની પિતા તરીકેની સત્તાનો અમલ થવા દો, અને ધર્મશાસ્ત્ર તથા ન્યાય ઉપર પગ મુકવાની વાત કોરાણે રાખો.”

આવો ગુંચવાડા ભરેલો કજીયો જોઇ ધર્મ પ્રમાણે વર્તનારો રાજા તો મુઝવણમાં પડ્યો. આ મુકર્દમાની સુનાવણી મુલતવી રાખી રાજા અંતઃપુરમાં ગયો. પણ ન્યાય શો કરવો એના એ વિચારમાં તે સુનમુન જેવો થઇ ગયો હતો. તેથી તેની રાણી તથા કુંવરીએ આ પ્રમાણે સુનમુન થઇ જવાનું કારણ રાજાને પૂછ્યું. તે ઉપરથી રાજાએ પેલા શાહુકારની પુત્રી સંબંધી બધી તકરારની હકીકત અથથી માંડીને કહી, એટલે તેની કુંવરીએ કહ્યું કે એનો ઇ-

ન્સાફ તો આપણો જાજરૂ વાળનાર ચંડાળ કરી આપશે; માટે આપ નિશ્ચિન્ત રહો. રાજાએ પછી બીજે દિવસે એ મુકર્દમાનો ઇન્સાફ કરવા પેલા ચંડાળને બોલાવ્યો. તેની આગળ બધી તકરારની હકીકત કહેવામાં આવી. પછી પેલો ઢેડ બોલ્યો—“ આ શાહુકારના ગુરૂએ ભક્તિ કે અનુષ્ઠાન કર્યું જ નથી. ભક્તિ કે અનુષ્ઠાન એ ઇશ્વર ઉપરની પ્રીતિ છે. જો એ ભક્તિ એ મહારાજે કરી હોય તો તેમના અંતઃકરણમાંથી કામેચ્છા જવીજ જોઇએ. જ્યાં ભક્તિ હોય ત્યાં કામાદિક હોય નહિ. પ્રકાશ હોય ત્યાં અંધારૂં કદી પણ હોવું સંભવે છે ? તેથી જ્યારે એમનામાં ભક્તિજ નહોતી તો તેનું ફળ કયાંથી જ હોય ? વહાણ ઉગર્યાં છે તે આ શાહુકારની શ્રદ્ધાથીજ ઉગર્યાં છે. તેમાં આ ગુરૂજીનું કાંઇ પરાક્રમ નથી. તેથી તે કરાર પાળવાને શાહુકાર બંધાયો નથી. વળી આ ગુરૂજી જો કે બ્રાહ્મણીને પેટ જન્મ્યા છે, તોપણ બ્રાહ્મણના પુત્ર નથી. બ્રાહ્મણમાં અયોગ્ય દુરાગ્રહ હોવો ઘટતો નથી. ”

તે ચંડાળનાં આવાં વચનો સાંભળીને પેલા ગુરૂજીને તો પોતાનું અપમાન થયેલું લાગ્યું તેથી તે તો પેલા ચંડાળને શ્રાપ દેવા તૈયાર થયા. ચંડાળે નમ્રતાથી વિનંતી કરી કે—‘ તમે બ્રાહ્મણના પુત્ર નથી પણ જારજ છો, એ વાર્ત્તા સત્ય છે. માટે સત્ય વાર્ત્તા કહેનારને મને તમે શ્રાપ દેશો તો કદી લાગવાનો નથી, કેમકે સત્યને શ્રાપ લાગતો નથી. તમે જારજ છો; માટે તમે સંતાપ કરી આમ બીજા ઉપર ક્રોધ કરવો મુકી દો, અને સાચે ભાવે ઇશ્વર ભક્તિ કરો તો જારજ છો તે છતાં પણ તમે સાચી શાન્તિ અને અંતઃકરણનું સુખ પામી શકશો. પૂર્વના કોઇ પાપથી જારજ શરીર પામ્યા છો, તેને માટે ગ્લાની પામીને કકળશો તેથી કાંઇ ખરા બ્રાહ્મણ થઇ શકવાના નથી. ’

પેલા ગુરૂજીને આથી શાન્તિ થવાને બદલે વધારે ક્રોધ ચડયો તેણે તે ચંડાળને ઘણા શ્રાપ દીધા પણ ચંડાળને કાંઇ પણ હાનિ થઈ નહિ, તેમજ ચાંડાલને કાંઇ ક્રોધ પણ ચઢયો નહિ. પેલા ગુરૂજીને આથી વળી અધિક ક્રોધ ચઢયો તે બોલ્યોઃ—'હે રાજા આ તમારો ચંડાળ હોવાથી હલકો ને વળી હવાલદારે બોલાવ્યા જેવો ફાટી ગયો છે તેણે મારે માટે જે જે આરોપો કહ્યા તેની સાબીતી તેની પાસે આપ માગો અને જો તે સાબીતી આપી શકે નહિ તો તેને ગરદન મારો, નિકર આ નીચ વર્ણથી બ્રાહ્મણનું અપમાન થવા દેવાને માટે તમે ક્ષત્રિય હોવાથી અપરાધી કરશો, અને બ્રાહ્મનિંદાને સહન કરવાથી તમારો કુળ ક્ષય થશે અને રાજ્યનો પણ વિનાશ થશે.'

ગુરૂજીના કોપથી શ્રદ્ધાળુ રાજા ભય પામ્યો અને ચંડાળને તેનું કહેલું સાબીત કરી આપવાનો હુકમ કર્યો, અને કહ્યું કે—"જો તું તારૂં કહેલું સાબીત નહિ કરી આપે તો બ્રાહ્મણનું અપમાન કરવાને માટે તને ભારે શિક્ષા કરવામાં આવશે." આ સાંભળીને પેલા ચંડાળે કહ્યું—"હે રાજાજી ! મને તો મારા અંતર્યામીએ જે પ્રેરણા કરી તેજ હું બોલ્યો છું તેની સાબીતી કાંઈ મારી પાસે નથી મને ગરદન મારવો હોય તો મારો." પેલા ગુરૂજી તથા બીજા પોતાની ભક્તિનો અયોગ્ય મિથ્યાભિમાન રાખનાર બ્રાહ્મણોના દબાણથી રાજાએ તે ચંડાળને ગરદન મારવાને માટે હુકમ કર્યો. પણ જેને ખરી ભક્તિ પ્રાપ્ત થઈ હતી તે ચંડાળને તેથી લેશમાત્ર પણ ભય થયો નહિ, કેમકે તેનું અંતઃકરણ નિર્મળ અને પરમેશ્વર ઉપર આસક્ત હતું; પરંતુ તેને ગરદન મારવામાં આવે તે પહેલાં પોતાને ખરી ભક્તિને રસ્તે ચઢાવનાર રાજકુમારિકાના ચરણ પખાલી

બનાવેલું ચરણામૃત પીવાની તેણે ઇચ્છા બતાવી. મરનારની આ ઇચ્છા પૂરી પાડવાને રાજાથી ના કહેવાઇ નહીં. પોતાની કુંવરીના પગ ધોવડાવી રૂપાના તરભાણામાં પાણી ભરી મંગાવી રાજાએ પેલા ચંડાળને તેની છેલ્લી ઇચ્છા તૃપ્ત કરવાને માટે પીવા આપ્યું. ચાંડાલ જેવો તે તરભાણું મોઢે માંડી શ્રદ્ધાપુર્વક પીવા જતો હતો તેવામાં નર્કલોક જણાયો, તેમાં એક મ્લેચ્છ નર્કના કુંડમાં પડેલો અને શોકમય પોકાર કરતો જણાયો. તે મ્લેચ્છનો પોકાર તે ચંડાળના સાંભળવામાં આવ્યો. તે મ્લેચ્છ શોકમય સ્વરે બોલતો હતો કે—" હે પવિત્ર અંતઃકરણના ચંડાળ! આ બાવાજી જે મારો પુત્ર થાય તે ઉપદેશકનું કામ લેઈ બેઠો છે—તે તો જાણે શાસ્ત્ર વિરૂદ્ધજ છે. પણ ધર્મનો ઉપદેશક બની પારકી બેટાબેટીને ઇચ્છી તારા જેવા નિરપરાધીને મારવા તૈયાર થયો છે, તેથી મારી નર્કયાતનાની અસહ્ય વેદનામાં વળી અધિક વધારો થાય છે. માટે રાજાને અને એ બાવાજીને આ તરભાણામાં જોઇ મારી વાત સાંભળવાને તું કહે. "

ચંડાળ આ સાંભળી આશ્ચર્ય પામ્યો અને તેણે રાજાને તથા પેલા બાવાજીને કહ્યું કે આ મારી સદ્‌ગુરૂરૂપ શ્રી રાજકુમારીના ચરણામૃતમાં તમો બંને જણ જુઓ. તે ઉપરથી રાજાએ અને બાવાજીએ તે તરભાણામાં નજર માંડી તો તેઓને પણ પેલો નર્કકુંડમાં પડેલો મ્લેચ્છ મનુષ્ય જણાયો. તેણે રાજા અને બાવાજી સાંભળે તેજ પ્રમાણે કહ્યું:—" એક ભલો બ્રાહ્મણ પોતાની સ્ત્રીને મુકીને કાંઇ ગામડે ગોઠડે ગયેલો. તે પોતાની સ્ત્રીને કાંઇ ઘર બહાર નહિ રખડવાની આજ્ઞા કરીને ગયેલો પણ સ્ત્રીને નદીએ નહાવા જવાની ઇચ્છા થવાથી તે

એકલી ગઇ. તેવામાં નદી કિનારે એકાન્ત હોવાથી મેં તેના ઉપર બળાત્કાર કર્યો. તેથી મરણ પછી હું આ નર્કયાતના ભોગવું છું; અને તે બળાત્કારથી ગર્ભ રહેલો તે જીવ આ બાવાજી છે. ગમે તેમ તોપણ તે મારો જારજ પુત્ર છે. તેના પાપકર્મથી મને નર્કયાતના વધારે દાહક થઇ પડે છે. માટે હે રાજન્! આ નિરપરાધી ચંડાળને મારીને પાપકર્મમાં ઉમેરો કરશો નહિ."

આ ચમત્કારથી પેલા બાવાજી તો બિચારા ગ્લાનિ પામી કાળા શાહી જેવા થઇ ગયા, અને રાજાને પણ ખાત્રી થઇ કે એ બાવાજી પણ મ્લેચ્છનાજ પુત્ર હતા. રાજાને એ જાણવાની જીજ્ઞાસા થઈ કે આ ચંડાળમાં આટલી બધી સત્તા કયાંથી? તેથી તેણે ચંડાળને પુછ્યું કે:—ભાઇ તારામાં આટલું બધું ચમત્કારિક સામર્થ્ય કયાંથી આવ્યું, ત્યારે ચંડાળે પોતાને રાજકન્યા વિષે થયેલા મોહ વિષેની વાત તથા રાજકન્યાએ તેની બુદ્ધિ શુદ્ધ થવાને માટે તેને ભક્તિમાં યોજવાની જે યુક્તિ વાપરેલી તેથી તેને કેવી રીતે અંતઃકરણની શુદ્ધિ અને જ્ઞાન વૈરાગ્ય અને ઇશ્વરકૃપા પ્રાપ્ત થઇ તે વિષેની સઘળી હકીકત માંડીને કહી. તેથી રાજા ઘણો પ્રસન્ન થયો. પેલા શાહુકારને હુકમ કર્યો કે ભક્તિ અને ધર્મોપદેશને ઓથે પોતાના કામવિકારોને તૃપ્ત કરવાને સ્વાર્થ સાધનાર મનુષ્યોને પુજ્ય માનવાથી કાંઇ પણ લાભ નથી પણ ઉલટી એથી અનીતિ વધે છે અને પરમેશ્વરના કોપ વડે પ્રજા અનેક પ્રકારની વિપત્તીઓ ભોગવે છે. પેલો ગુરૂ તો શરમીંદો થઇને એ રાજ્યની હદ છોડીને પછી ચાલ્યો જ ગયો અને શાહુકારની પુત્રી તેના જુલમમાંથી છુટી.

સાર:—એ કે કામાદિક હેતુઓ વડે પણ જો ભક્તિનો ખરો રંગ બેસી જાય તોજ માણસની બુદ્ધિ સુધરી જાય,

અને ત્યારેજ તે માણુસ ધર્માત્મા થઇને શાન્તિ તથા જ્ઞાન પામીને પુજવા યોગ્ય થાય; પણ ભક્તિનો ડોળ કરીને શિકાર શોધનાર બગભક્તોને આંખ્યો મીંચીને પુજવાથી તો લોકો પ્રજામાં કેવળ પાપનોજ વધારો કરે છે. શ્રીમદ્ભગવદ્ગીતાના અધ્યાય ૯ મામાં કહ્યું છે કેઃ–**अपिचेत्सुदुराचारो भजते मामनन्यभाक् । साधुरेव समन्तव्यः सम्यग्व्यवसितोहिसः ॥ ३० ॥ क्षिप्रं भवतिधर्मात्मा शश्वच्छान्तिनिगच्छति ॥**

કથા ૮ મી.

સંસાર કે સ્વપ્ન.

એક માણુસે કોઈ મહાત્માને પૂછ્યું કે–સાધુઓ કાંચન અને કામિનીનો ત્યાગ કરવાનો બોધ કરે છે તેનું કારણ શું ? મહાત્માએ પ્રત્યુત્તર આપ્યો કે—સાધુ પુરૂષો કાંચન અને કામિનીનો ત્યાગ કરે છે, અને ઉપદેશ તો મનુષ્યના અધિકાર પ્રમાણેજ કરે છે.

પેલા માણુસે તે મહાત્માને પૂછ્યું કેઃ–હે ભગવન્ ! મારો અધિકાર કેવા ઉપદેશને માટે છે ?

મહાત્મા બોલ્યાઃ—હે સૌમ્ય ! તારા અંતઃકરણને તું પુછ. તને ધર્મયુક્ત સંસાર ભોગવવાની ઇચ્છિા થાય છે કે તને સર્વ બંધન છોડનાર ત્યાગ ઉપર રૂચિ થાય છે ?

પેલા માણુસે કહ્યુંઃ—મારૂં મન એ વાર્તાનો નિર્ણય કરી શકતું નથી.

મહાત્માએ કહ્યુંઃ—ત્યારે હું તને ધર્મયુક્ત સંસારનું સેવન કરીને તેનો અનુભવ કરવાને માટે સલાહ આપું છું.

માટે તું યોગ્ય સદ્‌ગુણવાળી કન્યાનું પાણિગ્રહણ કરવાને માટે પ્રયાસ કર.

તે સલાહ માથે ચઢાવીને પેલો માણુસ થોડુંક ભાતું તૈયાર કરીને બહારગામ કન્યાની શોધ કરવાને જવા નિ-કળ્યો. કન્યાને માટે પ્રવૃત્તિ આરંભી ત્યારથી અંતઃકરણના ધર્મ પ્રમાણે તેને ભવિષ્યના ગૃહસ્થાશ્રમના સુખના અનેક પ્રકારના વિચારો આવવા લાગ્યા. રસ્તે જતાં જતાં ખરો બપોર થયો, અને એક કુવાના થાળામાં બેશીને તેણે પો-તાની પાસેનો નાસ્તો છોડીને ખાધો અને પાણી પણ પીધું. કુવા ઉપર વડની શીળી છાયા પડેલી હતી, જેથી તેને સ-હજ ઉંઘ પણ આવવા લાગી. તેથી કુવાના થાળા ઉપરજ તે તો ઉંઘી ગયો. થાળું બહુ ઢોળાવ પડતું નહોતું, પણ સપાટ જેવું હતું. તેને ઉંઘમાં સ્વપ્નુ આવ્યું કે એક સું-દર અને સદ્‌ગુણી કન્યા મળી આવી અને તેની સાથે લગ્ન કરી તેણે જાણે ગ્રહસ્થાશ્રમ માંડયો, અને પરમેશ્વરની કૃ-પાથી તેને એક પુત્રરત્નની પ્રાપ્તિ થઇ. તે પુત્રને લેઇને બંને સ્ત્રી પુરૂષ જાણે સુતાં છે. એક તરફ પોતે સુતો છે, અને બીજી તરફ પોતાની અર્ધાગના સુતી છે, તથા વચમાં પુ-ત્રને સુવાડયો છે. આ પ્રમાણે પેલા કન્યાની ખોળમાં નિ-કળેલા માણુસનો સ્વપ્ન સંસાર રચાઇ ગયો. એવામાં પેલી સ્ત્રી બોલી કે-'હે સ્વામિનાથ ? આ છોકરાને સંકડામણ પડે છે, માટે આપ જરીક પેલી તરફ આઘા ખસો.' પો-તાની ધર્મપત્નીનાં આવાં મધુર વચન સાંભળીને પેલા સ્વ-પ્નપુત્રના પિતાજી આઘા ખસતા ખસતા થાળામાંથી રગ-ડીને ધબ દેતાકે પેલા કુવામાં પડયા. એટલું સારૂં થયું કે કુવામાં પાણી ગળા સુધી હતું તેથી 'બાપાજી'ને વાગ્યું નહિ, તેમજ બુડી પણ ગયા નહિ !

પેલો માણુસ કુવામાં પડયો તેનો ધબાકો સાંભળીને કેટલાક વટેમાર્ગુઓ ત્યાં આવી પહોચ્યા અને તેને બહાર કાઢવાને કુવાની અંદર દોરડાં વગેરે ફાંસ્યાં, તે પકડીને પેલો સ્વપ્ન સંસારી માણુસ બહાર આવ્યો, અને પાછો પેલા મહાત્મા પાસે જઇને કહેવા લાગ્યો કેઃ—હે ભગવન્! મને હવે સંસારના સ્વરૂપનો અનુભવ થયો છે. સ્વપ્નનો સંસાર તે સ્વપ્નમાં પણ સ્વપ્ન આવ્યું હોય તેવો છે. આવા સ્વપ્નના મિથ્યા સંસારે પણ મને કુવામાં ઝીકાવ્યો, તો ખરો સંસાર તો કોણ જાણે મારી શીએ દશા કરે?

તે મહાત્માએ આ ભડકેલા મુમુક્ષુને બધો ઇતિહાસ પુછ્યો. તેણે બધો સ્વપ્નનો જે બનાવ બન્યો હતો, તે યથાસ્થિત કહી બતાવ્યો. પછી મહાત્માએ તેને **સાર એવો બતાવ્યો જે**—જો બની શકે તો ત્યાગ—વૈરાગ્ય એ તો સર્વ પ્રકારે નિર્ભય સ્થાન જેવો છે, અને ગ્રહસ્થાશ્રમ તે તો સંસારરૂપ કુવાના થાળા જેવો છે. એ ગ્રહસ્થાશ્રમરૂપ થાળું જો સંસારરૂપ કુવાથી ઉલટી દિશામાં એટલે મોક્ષ ભૂમિ તરફ વધારે ઢાળવાળું હોય, અર્થાત્ મોક્ષ પ્રત્યે લેઇ જાય તેવા ધર્મરૂપ ઢાળવાળું હોય તો સંસારકુવાને કિનારે આઘો પાછો ખસે તોપણ માણુસને કુવામાં રગડી પડવા દે નહિ, પણ કુવાના મુખથી વેગળો ને વેગળો રાખે.

આ સાંભળીને પેલા માણુસે તો એવો નિશ્ચય કર્યો કે આવો ભય ભરેલો ગૃહસ્થાશ્રમ સેવવા કરતાં ત્યાગ આશ્રમ અથવા સંન્યાસ લેવો એજ ઉત્તમ છે. તેથી પેલા મહાત્મા પ્રત્યે બોલ્યોઃ—હે ભગવન્! હવે મને સંન્યાસનીજ નિર્ભયતા ઉપર અત્યંત પ્રેમ થાય છે અને સંસારની સભ્યતાની મને પૂર્ણ ખાતરી થાય છે. માટે મને સંન્યાસની દીક્ષા આપો.

પરંતુ તે સર્વજ્ઞ અને શરણાંગતનું હિત ચિન્તવનાર મ-

હાત્માએ કહ્યુ કે-હે પુત્ર તને સંન્યાસ ઉપર ભાવ થયો છે ખરો, પણ તેથી કાંઈ સંન્યાસ પાળવા જેટલી તારી યોગ્યતા અથવા અધિકાર થયો છે એમ માનવું એ પણ જોખમ ભરેલું છે. માટે એ વિષે પણ તારે હજુ વિશેષ વિચાર કરવાની જરૂર છે. તેમજ સંસારની સભ્યતા વિષે તને આજે **કારણ વૈરાગ્ય** થયો છે તે કારણ વૈરાગ્ય ખરો છે કે નહિ તેની પણ તારે વિશેષ પરીક્ષા કરવાની જરૂર છે.

પેલો માણુસ બોલ્યો:—ત્યારે હે ભગવન્! આપ આજ્ઞા કરો તે પ્રમાણે હું કરૂં.

મહાત્મા બોલ્યા:—હે વત્સ! તું ફરીને પાછો આજની રાત્રી તેજ કુવાના થાળામાં જઈને સુઈ રહે, અને કાલે મને આવીને આખી રાત્રીની હકીકત કહેજે. પછી તારે શું કરવું તે હું તને બતાવીશ.

મહાત્માની આ પ્રમાણે આજ્ઞા થતાં તે માણુસ પાછો પેલા કુવાના થાળામાંજ સુઇ રહ્યો; પણ પ્રથમ એકવાર કુવામાં પડેલો તેથી સાવધ થઈ ગયેલો તે માણુસ પોતાની સાથે એક ફાનસ પણ લેઈ ગયેલો, અને કુવાના થાળામાં સુતો, તોપણ જાગતોજ રહેલો. તેવામાં કુવાની ભીંતોમાંથી એક સાપ નિકળીને ધસમસ્યો તેને ડંખવા આવ્યો. ફાનસના અજવાળે તેણે તે સાપને જોયો, તેવોજ તેણે પોતાની પાસેની લાકડી વતી જરીક ઉછાળ્યો એટલે તે સાપ જઇને ઠેઠ કુવામાં પડયો, અને પાછો તે નિરાંતે થાળામાં સુતો. ત્યાર પછી થોડોક વખત વીત્યા પછી એક વાઘ તે કુવાના થાળા ઉપર માણુસની ગંધથી ખેંચાઇને આવ્યો; તેણે પણ થાળામાં આવીને તે માણુસને પકડવાને અને ઉપાડી જવાને પ્રયત્ન કર્યો, પણ તે માણુસે તે વાઘને પણ એક ધક્કો લાગ સાધીને માર્યો તેથી તે વાઘ પણ તેજ કુ-

વામાં પડયો. પછી તે માણુસ નિરાંતે પાછો થાળામાં સૂઇ રહ્યો. પણુ થોડાક સમયમાં હાહાકારની બુમો સંભળાઈ તે ઉપરથી તે માણુસે પાસેના એક આંબાના ઝાડ નીચે મુસાફરોને ઉતરેલા જોયા. તેઓમાંના એકની પાછળ સાપ પડયો હતો તે તેને કરડવાથી તે મરી ગયો, અને તેની સારવારમાં તેઓ રોકાયા હતા, તેવામાં એક વાઘ આવીને તેમનામાંના એકને ગરદનથી પકડીને ઉપાડી ગયો હતો. તેને લીધે તે મુસાફરો હાહાકાર કરી રહ્યા હતા.

બીજે રોજ સવારમાં ઉઠીને પેલો થાળામાં રાત રહેલો માણુસ પેલા મહાત્મા પાસે ગયો અને બધી હકીકત નિવેદન કરીને કહ્યું કેઃ—હે મહાત્મન્! જો હું કુવાના થાળામાં ન હોત તો વેગવાન સર્પનો તથા બળવાન વાઘનો પરાભવ કરી શકત નહિ. કેમકે પાછળ પડેલો સર્પ મનુષ્યનો પ્રાણુ લીધા વિના રહેતો નથી. તેમજ વાઘની સાથે લાંબો સમય બથ્થંબથ્થા કરતાં માણુસ થાકી જાય તો તેને વાઘ પણુ મારી નાંખે છે. અને જેઓ મારી નજદીક છુટી જમીનમાં ઉતરેલા હતા તે મુસાફરોની મેં એવી સ્થિતિ થયેલી મારી નજરેજ જોઇ છે. પણુ મારી સાથે રાખેલ લાકડી તથા ફાનસે મને ઘણીજ મદદ કરી હતી.

આ સાંભળીને પેલા મહાત્મા બોલ્યાઃ—હે બુદ્ધિમાન્ મહાશય! હવે તમે કહો કે સંસારરૂપ કુપના થાળા જેવા ગૃહસ્થાશ્રમ વસવાથી લાભ છે કે નહિ? તમારી પેઠે જેઓ પોતાની પાસે શાસ્ત્રરૂપ ફાનસ રાખીને ગૃહસ્થાશ્રમ સેવે છે, તેઓ કામરૂપ ચપળ સર્પને પોતાના શાસ્ત્ર દીપને અજવાળેથી પારખી લેઇને દાંપત્ય ધર્મના દંડ ઉપર ચઢાવીને સંસાર કુપમાંજ ઉતારી દે છે, અને પોતે નિરૂપદ્રવ રીત્યે પોતાનું સુનીતિ જીવન જાળવી શકે છે. પણુ જેઓ સંન્યા-

સના છુટા મેદાનમાં પડેલા હોય છે તેઓમાં જો પૂર્ણ ચાપલ્ય અને નાસવાનો વેગ ન હોય તો પેલો કામરૂપ સર્પ પોતાના વેગથી પકડી પાડીને તેને ડંસે છે અને તેનું સુનીતિ જીવન નાશ પામે છે. તેજ પ્રમાણે મોહરૂપ વાઘને પણ ગૃહસ્થાશ્રમી સહજ સાવધતા વાપરે છે તો ન્યાય વિષયોપયોગરૂપ લઘુલાઘવીથી સંસારકુપમાંજ ધકેલી પાડે છે, અને પોતે બચી જાય છે. પણ સંન્યાસરૂપ છુટા મેદાનમાં વસનારમાં તો વાઘની સામે કુસ્તી કરીને તેને પરાભવ કરવાની શક્તિ હોવી જોઇએ તેમ ન હોય તો મોહરૂપ વ્યાઘ્ર તેની ગરદન પકડીને લેઈ જાય છે.

સાર:—પોતાની શક્તિનો વિચાર કરીને સેવેલો ગૃહસ્થાશ્રમ કે સંન્યાસ બંને મોક્ષ ક્રમમાં ઉપયોગી છે, પણ ગૃહસ્થમાં સાવધતા અને મોક્ષ પ્રત્યે વળણ તથા શાસ્ત્રનો પ્રકાશ જરૂરનો છે. સંન્યાસીમાં પોતાના મનોનિગ્રહનું સામર્થ્ય અથવા બળ ખાસ જરૂરનું છે.

કથા ૯ મી.

રામનામ રૂપી ચિન્તામણિ.

એક આળસુ અને હરામહાડકાંનો માણુસ હતો, તેને આ સંસારનાં વિવિધ સુખો ઉપર ઘણીજ આસક્તિ હતી; પણ તે કોઇ પણ પ્રકારનો રૂડો ઉદ્યોગ તો કરતોજ નહિ; તેથી તેને સુખની તૃષ્ણા છતાં સુખનાં કાંઇ પણ સાધન પ્રાપ્ત થતાં નહોતાં. એકવાર તે માણુસ, એક સાધુઓનું ઝુંડ આવ્યું તેનાં દર્શન કરવા ગયો, ત્યાં એક સાધુ તુલસીદાસ કૃત

રામાયણ વાંચી કથા કરતો હતો. તે કથા કરનાર સાધુએ કથા કરતાં કરતાં એવું કહ્યું કેઃ—"શ્રી રામચંદ્રજીનું નામ તે તો એક ચિન્તામણિ છે, અને રામનામથી મન ચિન્તવ્યાં કાર્ય થાય છે" પેલા હરામહાડકાંવાળા માણસે જાણ્યું કે—"આ રામનામ તે આપણને બહુ ઉપયોગી થઈ પડે તેવી વસ્તુ છે; માટે આપણે તો આજથી સાધુ થઇને એ રામ નામ રૂપી ચિન્તામણિનીજ સેવા આરંભવી."

આવો વિચાર કરીને તેણે તો સુખની પ્રાપ્તિનો સહેલો ને સટ ઉપાય હાથ કરી લેવાને ખાખીના પંથની દીક્ષા લીધો, અને પોતાના ગૃહસ્થાશ્રમના નામને બદલીને **રામકીદાસ** એવું નામ ધારણ કર્યું. તેને ગામમાં ઘર નહોતું અને સીમમાં ખેતર નહોતું; તેથી રામકીદાસજી મહારાજ તો જઇને ગામને પાદરે બેઠા અને "**રામરામ**" શબ્દનો ધ્વનિ મચાવ્યો. તે ગામના લોકોમાંના શ્રદ્ધાળુ માણસોએ જાણ્યું કે આ માણસ તો મોટો જ્ઞાની થઈ ગયો અને ભક્તિમાં ભીંજી ગયો. સર્વ લોકો ધીમે ધીમે તેની પાસે આવી ખાનપાનના પદાર્થો આપવા લાગ્યા અને પગે લાગવા લાગ્યા. **રામકીદાસ**ને રામનામ ચિન્તામણિનો મહિમા તરતજ સમજાયો, કેમકે સાધુ થયો તે પહેલાંજ તેને મિષ્ટાન્નની ઇચ્છા હતી તે સાધુ થયા પછી તરતજ પૂરી પડવા લાગી. ખાવાપીવા મળ્યા પછી તેને તડકામાં બેશી રહેવું પડતુ તેથી એક ખાખીના જેવો છતરો દાટવાની મરજી થઇ, તે પણ લોકોએ આણી આપ્યો; પણ ચોમાસુ માથે આવ્યું એટલે કાંઇક નાની સરખી ઝુંપડીની ઇચ્છા પણ રામકીદાસના હૃદયમાં થઇ. તે રામનામ જેવો ચિન્તામણિ તેની પાસે હોવાથી લોકોએ તેને એક ઝુંપડી પણ કરી આપી, અને ઝુંપડીની આસપાસ એક બગીચો પણ ઠાકોરજીને ફુલ ચડાવવાનો નાનો સરખો લોકોએ તૈયાર કરી

આપ્યો. રામકીદાસને પછી તો એક પાકું મકાન મંદિરને માટે કરાવવાની ઇચ્છા થઇ તે પણ રામ નામના ચિન્તા-મણિના બળથી તરતજ સિદ્ધ થઇ, અને ગામ બહાર એક ઇંટો અને ચુનાનું મકાન પણ ધાર્મિક લોકોએ એક ટીપ કરીને ઉભું કરી આપ્યું. થોડાક સમયમાં રામકીદાસના મંદિરની અંદરના ઠાકોરજીના રાજભોગ માટે જાથુકની આવકની ઇચ્છા થઇ તે પહેલાં તો રામ નામ રૂપી ચિન્તા-મણિના પ્રભાવથી પચાસ સાઠ વિઘા જમીનનાં ખેતર પાદર પણ આવી ગયાં; તથા રામકીદાસના મનમાં ચિન્તવ્યા પ્રમાણે ઠાકોરજીને દુધનો ભોગ લગાવવા માટે અનેક ગાયો ભેંસો પણ આવી ગઈ. રામકીદાસ મહારાજનું કામ વધી ગયું, પોતે કાળા અક્ષરને કુટી મારેલો તેથી સંસારમાં હતા ત્યાં તો તેમને કોઇ બોલાવતું પણ નહિ, પણ રામ-નામનો ચિન્તામણિ પામ્યા તેથી રામકીદાસ મહારાજ થયા પછી તો તેમના મંદિરમાં કથા કરવાને દરરોજ આવનાર એક **ઉદ્દરશંકર** નામનો વિદ્વાન વ્યાસ પણ હવે રામકી-દાસ મહારાજને બે હાથ જોડી નમસ્કાર કરીને “ **જય સીતા રામ** ” કહેતો. આ પ્રમાણે રામકીદાસ મહારા-જને તો રામનામના ચિન્તામણિનો ચમત્કાર પ્રત્યક્ષ સમજાયો.

રામકીદાસે તો તેથી વધારે વધારે રામ નામની ધુન ચલાવવા માંડી. પહેલાં તો રામકીદાસને રોટલાનાએ સાંસા હતા, તેથી કુંઠિત થયેલે ગળે “ **રામ રામ** ” કરતા પણ હવે તો દુધ દહીં ઘી સાકર વગેરેના સેવનથી તેમનો ઘાંટો મસ્તાન પાડા જેવો થયો હતો, તેથી ચાર ચાર ખેતરવા લગી સંભળાય તેવા ગંભીર ઘોષથી “ રામ રામ રામ રામ રામ રામ ” નો ધ્વનિ ચલાવતા, અને

બૈરાં તથા મરદોને એકઠાં કરીને ભજન કરાવતા ત્યારે તો "રામા રામા રામા ભાઈ બાપા હો રામા" ની ધુનનો અવાજ તો આખા ગામને ગજાવી દેતો, અને રામ નામ રૂપી ચિન્તામણિથી મન ચિન્તવ્યા પદાર્થ મળતા.

આ પ્રમાણે રામનામ રૂપી ચિન્તામણિને પ્રતાપે મહારાજ રામકીદાસજીને મનચિન્તવી વસ્તુઓ મળવા માંડી. વિવિધ પ્રકારના વૈભવો અને વિષયો આવી આવીને તેમને તો પ્રાપ્ત થયા. પછી ગાયો ભેંસો વગેરેને દોવાને તથા દુધ દહીનું વલાણું કરવાને તેમજ મંદિરની વ્યવસ્થા રાખવાને એક જાથુ રહેનાર બૈરાની મહારાજને જરૂર જણાઈ, તેની સાથે પોતાના વૈભવની વાતચીતમાં વિસામો આપનાર એક સુખ દુઃખની ભાગિયણની પણ મહીલે પેટ્રે તંગી પડવા માંડી. રામનામરૂપ ચિન્તામણિના ચમત્કારનો પાર નથી. પૌષ્ટિક અને ઇન્દ્રિયો બહેકાવનાર પ્રસાદના પતરાળા રૂપ રામકીદાસજીના મન અને શરીર ઉપર કામરૂપી કાગડાએ "કાંક કાંક" અવાજ કરવા માંડયો. તેને પણ ઉડાડવાને માટે અને શાન્તિ મેળવવાને માટે રામકીદાસજી મહારાજને ઉપાય શોધવો પડયો.

રામનામના ચિન્તામણિએ તો રામકીદાસના મનની ઇચ્છા પ્રમાણે તરતજ ભગતાણીઓના ટોળેટોળાં તેમની પાસે ભજન મંડળીમાં ભજન સાંભળવા અને કીર્તન કરવા લાવીને રજુ કર્યાં. કથામાં પણ જ્ઞાનની ભોગી ભ્રમરીઓએ ગણગણાટ કરવા માંડયો. સંતોની સર્વ પ્રકારે સેવા કરવામાંજ મોક્ષનો રસ્તો છે એવો ઉપદેશ તો ચાલતોજ હતો. તેથી પેલી ભગતાણી ભામિનીઓમાં કોઇ એક ભક્તિરસમાં બહુ આગળ વધેલીએ સંતની સેવાનો સર્વોત્તમ માર્ગ શોધી લીધો. રામકીદાસને રામકી મળી અને તે બાવાજી-

એ મનની પતરાળી ઉપર "કાંક કાંક" કરીને ઝાપટ મારતા કામરૂપી કાગડાને ઉડાવવામાં રામનામના ચિન્તામણિને પથરાની પેઠે છુટો માર્યો. રામનામ ચિન્તામણિ હાથથી ગયો. કામરૂપ કાગડો તે ચિન્તામણિને કાંઇ પેટ ભરવાનો પદાર્થ ગણી ચાંચમાં ઘાલીને લેઇ ગયો. કાગડાની જાતે લાંબા જીવનની બહુ આસક્તિ હોય છે, તેથી કામરૂપી કાગડો ચિન્તામણિને પ્રતાપે અમર થઈ રામકીદાસ અને તેમની રામકીના હૃદય સંપુટમાં માળો બાંધીને રહ્યો. પોતાનો માળો પોતાને કબજે જ રહે એવો સંકલ્પ કામરૂપ કાગડાના મનમાં થવાથી રામકીદાસ અને રામકી તે કામ કાગડાના કબજામાં જ રહ્યાં. તેમના સદ્વિચાર અને સદાચારરૂપ તત્વ તે અમર થયેલા કામ કાગડાએ કોરી ખાધા, અને ચિન્તામણિ રામકીદાસના કબજામાં ન હોવાથી કામરૂપ કાગડાની ચાંચો ખાતાં જીવન ગાળવા લાગ્યાં, અને ચિન્તામણિ જવાથી બધો પ્રતાપ જતો રહ્યો, તેની હવે રામકીદાસના સુખભોગનાં સાધન પણ એક પછી એક લોપ થઇ ગયાં. રામકીદાસના ભાગ્યમાં રોવાનુંજ રહ્યું. રામકી પણ કામ કાગડાનીજ સત્તા નીચે પડેલી હોવાથી ચિન્તામણિ ફેંકી દેવાથી વૈભવરહિત થયેલા રામકીદાસને છોડી બીજા કોક અક્કલના ફુટા અને ખીસ્સાના તર લાલ સાહેબને લેઇને મદનતીર્થની યાત્રાએ ચાલી ગઈ. તોપણ કામરૂપી કાગડો પેલો રામનામ ચિન્તામણિ પોતાની ચાંચમાં કે પાંખમાં દબાવી રાખીને ઇચ્છતો કે રામકીદાસનો હૃદયરૂપ માળો મારાજ તાબામાં રહે તે પ્રમાણે રામકીદાસ કાગડાના હાથમાં ગયેલા ચિન્તામણિ ચમત્કારથી કામ કાગડાને રહેવાના મનરૂપ માળા વાળું જંગમ ઝાડ થઇને જીવ્યો, અને શરીરવૃક્ષ કાળે કરીને પડી ગયું; તોપણ રામ-

કીદાસનો મનરૂપી માળો તો હમેશને માટે-જન્મોજન્મને માટે કામ કાગડાની માલકીનો થઈ ગયો.

સાર:—જે સાધુઓ રામનામનો ચિન્તામણિ વિષય પ્રાપ્તિ માટે વાપરે છે તેમની આવીજ દુર્દશા થાય છે.

કથા ૧૦ મી.

ત્યાગે તેની આગે, અને માગે તેથી આઘે.

એક શહેરમાં એક એવો સંતોષી અને પ્રમાણિક માણસ રહેતો હતો, કે તે પોતાનો કાપડ વણવાનો રોજગાર પ્રમાણિકપણે કરીને પોતાનું ગુજરાન ચલાવતો, અને તેને જે કાંઇ મળતું તેમાં તે પૂરેપૂરો સંતોષ રાખતો હતો. આ વણકર બહુ બુદ્ધિમાન હતો અને તેથી તે નિરંતર પોતાની ઓછી ઉપાધિવાળી સ્થિતિને લીધે પોતાના સમયનો ઉપયોગ તત્વજ્ઞાનનાં પુસ્તકો વાંચવા-વિચારવામાં અને જ્ઞાની પુરૂષોનો સમાગમ કરવામાં કાઢતો હતો. તેની સ્ત્રી અને તેનાં સગાંવહાલાં તેની બુદ્ધિનો મહિમા સારી પેઠે જાણતાં હતાં. તેથી તેઓ તેને કહેતાં કે બુદ્ધિને તમે કોઇ લાભકારક વ્યાપારમાં યોજો તો તમારી પૈસા સંબંધી દશા સુધરે અને સંસારમાં તમે પ્રતિષ્ઠા પામો, અને ઘણા મોટા માણુસ થઈ પડો. ત્યારે તે બુદ્ધિમાન તત્વજ્ઞાની વણકર કહેતો કે બુદ્ધિ જેવી ઉત્તમ વસ્તુનો સોનાની ખાણમાં ખોદનાર કોદાળા પાવડા જેવો ઉપયોગ કરવાનો નથી, પણ તેનાથી સૂક્ષ્મ વિચારો કરીને અંતઃકરણની યોગ્યતા વધારીને મનને વધારે વધારે ઉચ્ચ સ્થિતિએ પહોંચવાનું કામ કરવાનું છે.

વ્યવહારની સિદ્ધિ માટે મારી સ્થિતિ પ્રમાણે મને નિર્વાહનાં સાધન પ્રાપ્ત થાય તેટલું કામ હું કરૂં છું, અને કોઇને હું ભારરૂપ થઇ પડવા નથી માગતો. વળી બુદ્ધિ ને શ્રીમંતાઇને કાંઈ નિકટનોજ સંબંધ હોય છે એવો નિયમ નથી. નિર્વાહ અને નીતિ એ બંને તો બુદ્ધિથી પ્રાપ્ત થાય છે, પણ શ્રીમંતાઈ સંબંધી લાભ થવો એ કાંઇ બુદ્ધિનું નિશ્ચિત ફળ નથી. માટે મારા સદ્‌વિચારને હું એમ પૈસાને અર્થે ખર્ચી નાંખવાનો નથી. પરમેશ્વરના અને મારા આત્મસ્વરૂપના બારીક વિચારોમાં રહેવાથી મને જે આનંદ મળે છે તે બીજી કોઈ રીતે પણ મળી શકે તેમ નથી. તોપણ તેનાં સ્ત્રી વગેરે સગાંવહાલાં તથા મિત્રો તેને વધારે કમાવાને માટે વારેવારે આગ્રહ કરતાં હતાં. તોપણ તે તત્વજ્ઞાની વણકર એકનો બે થાય નહિ. જ્યારે તેની સ્ત્રી તેને વધારે વધારે સતાવતી ત્યારે તે કહેતો કે પૈસા ઘણા એકઠા કરવા તે કાંઇ માણસના હાથમાં નથી, તેમજ પૈસા એકઠા કરવાથી જ માણસના કર્ત્તવ્યની સમાપ્તિ થતી નથી. માણસનું કર્ત્તવ્ય તો સદ્‌વિચાર તથા પરોપકાર છે. તે બંને જેવી રીત્યે રળી રોટલો ખાનારથી બની શકે તેવી સારી રીત્યે પૈસાદારથી બની શકતા નથી. ઉલટો ઘણીવાર પૈસો લોકોપકારને બદલે લોકને અનર્થમાં ઉતારે છે. તેમજ ઉપાધિનો વધારો થતાં માણસની સ્થિતિ સૂક્ષ્મ વિચાર કરવા જેવી રહેતી નથી. વળી મારી પોતાની પ્રકૃતિ પ્રમાણે મને મારી હાલની પ્રાપ્ત સ્થિતિમાં વધારે આનંદ ભાસે છે. માટે વધારે બોજારૂપ સ્થિતિ માટે મારે કોઈ પણ પ્રકારના પ્રયત્ન કે ઉપાધિમાં પડવું નથી, અને પરમેશ્વરને આપવું હશે તો પરમેશ્વર પૈસાનો વર્ષાદ વર્ષાવશે. માટે મારે ચિંતામાં પડી તત્વચિન્તન તજવું નથી.

તે વણકરના આવા વિચારથી તેની સ્ત્રી રોજ અસંતોષ વાળી રહેતી; પણ નિરંતર તત્વચિન્તનમાં રહેનાર તે વણકરનું કાંઇ પણ લક્ષ તેની તરફ જતું જ નહિ. લોકમર્યાદા પ્રમાણે ઉદ્યોગ અને પ્રમાણિકતાથી વ્યવહાર ચલાવનાર આ વણકરના સંતોષથી શ્રીઇશ્વરની કૃપાથી અને તેના પ્રારબ્ધ કર્મના બળવડે એક વાર એવું બન્યું કે તે વણકર એકવાર સૌચ માટે જંગલમાં ગયો હશે ત્યાં મૂત્ર ત્યાગ કરતાં તેના રેલાવડે ધુળ ખશી જવાથી એક મોટી પીતળની ડેગનો કાનો દેખાયો. તેણે જીજ્ઞાસુથી તેની આગળ પાછળની ધુળ કાઢી નાંખીને જોયું તો અંદર છલાછલ મોહોરોથી ડેગ ભરેલી જણાઇ. વણકરે વિચાર્યું કે આ તો અથાગ ધન છે, પણ આપણું તેને લેવામાં કશું હિત નથી. તેમજ સરકારમાં જાહેર કરવા જવામાં પણ માલ નથી, કેમકે આપણે શુદ્ધબુદ્ધિથી કહેવા જઇશું તો કુટિલતા વાળા સરકારી અમલદારો એમ માનશે કે:—પહેલું કેટલુંક ધન તો કાઢી લેઇને પછી શાહુકાર થવાને માટે આ થોડુંક ધન હું સરકારને બતાવું છું. તેથી શક ઉપરથી મને રાજસેવકો પજવશે. માટે જે ગામ આપણે જવું નથી તે ગામનું આપણે નામ પણ શું કરવા પુછવું. એવો વિચાર કરીને તે વણકર તો પાછી જેવી ધુળ હતી તેવીજ ઢાંકીને ત્યાંથી ચાલતો થયો, અને જાણે કશું તેણે જોયુંજ નથી એ પ્રમાણે બનેલી બાબત વિસ્મૃતિમાં નાખી દેઇને પોતાને ઘેર ચાલ્યો ગયો. એવામાં દૈવયોગે એવું બનેલું કે દ્રવ્યના લોભથી લોકોના ઘરમાં ખાતર પાડનાર ચાર પાંચ ચોર લોકોએ પેલી ડેગના મોઢા ઉપર ધુળ વાળતાં પેલા વણકરને વેગળેથી જોયેલો તેમણે જાણ્યું કે એ માણસે કાંઇક કિમતી માલ અત્રે કોઇનો ચોરીને આણેલો દાટયો છે, તેથી આજ રાત્રે

આવીને આપણે આ સઘળું દ્રવ્ય કાઢીને લેઇ જવું. પણ આપણે કાઢીએ તે પહેલાં કોઈ કાઢી જાય નહિ, માટે આપણે ચારે જણે ખાધા પીધા વિના અહીંજ બેઠે બેઠે ચોકી કરવી, અને રાત પડયે જળ જંપે તે સમયે બધું કાઢીને ઘેર લઇ જઇ વહેંચી લેવું.

આ પ્રમાણે વિચાર કરી પેલા ચોરી કરીને પણ દ્રવ્યને શોધનાર લોભી ચોરો આખો દિવસ ખાધા પીધા વિનાજ ત્યાં ચોકી કરવાને બેશી રહ્યા અને રાત્રી પડી અને જ્યારે લોક ઉંઘી ગયા ત્યારે પેલી ડેગ ઉપરથી ધૂળ કાઢી નાંખીને ઉઘાડી, પણ એ ડેગ આ ચોર લોકોના પ્રારબ્ધની નહોતી તેથી તેમાં ધનને બદલે તેમણે તો વીંછી જ ભરેલા જોયા. તેથી તે ચોરોને બહુ ગુસ્સો ચઢયો કે એ સાળો વણકર બડો લુચ્ચો માણસ; આ પ્રમાણે વીંછી ભરેલી ડેઘ મૂકીને એણે ધૂળ વાળી હશે. તેથી જો આજે અજવાળી રાત ન હોત તો આપણે અંધારે અંદર હાથ ઘાલત તો આપણે બૂમેબૂમ પાડવી પડત. માટે હવે તો ગમે તેમ કરીને એ વણકરને આપણે શિક્ષા કરવી. આપણે આજ આ ડેગ લઈ જઇને એને છાપરેથી એના ઘરમાં ઠાલવવી કે એનેજ અથવા એના ઘરના માણસોનેજ વીંછી ચડપો ચડપ ડંખ મારે. એવો નિશ્ચય કરીને પેલા ચાર ચોરે તો પેલી ડેગનું મોઢુ જાળવીને જાડી પછેડી વડે બાંધ્યું, અને ચારે જણે મળીને ડેગ ઉપાડી; અને પેલા વણકરને છાપરે ચઢયા. અને તેનાં નળીઆં અને શયઢણ ખશેડીને ધીમે રહીને પેલી ડેગ તેના ઘરમાં ઠાલવવાની તૈયારી કરી.

એવામાં પેલા વણકરે તેની સ્ત્રીને પેલી ડેઘ સંબંધી વાત કહેલી તેમજ તેણે કહેલું કે પૈસાનું આપણે કામ નથી. આપણો નિર્વાહ ચાલે તેથી વધારેની જરૂર નથી. આથી

અસંતોષ પામેલી તેની સ્ત્રી તેની પાછળ પડી કે **"લક્ષ્મી ચાંલ્લો કરવા આવે ત્યારે મોઢું ધોવા જાય"** એવા તમારા જેવા મૂર્ખને પરણીને મને કદી પણ લીલાં પીળાં થઈ નાતમાં ફરવાનો વખત ના આવ્યો. આ લડાઇ ધણી ધણીઆણી વચ્ચે ખરા જોસમાં જામેલી હતી. તેમાં પેલા વણકરે કહ્યું કેઃ—જો પરમેશ્વરને આપવુંજ હશે તો જેમ તેમણે દ્રવ્ય બહાર દેખાડયું તેજ પ્રમાણે ઘરમાંજ આપશે; નહિ તો પૈસા માટે હું કાંઈ બેશી રહ્યો નથી. પ્રમાણિક ઉદ્યોગથી મારૂં ગુજરાન ચલાવી શકું છું, તેથી મને સંતોષ છે. તેથી તે વણકરની વહુ ઘણા ગુસ્સાથી બોલી કેઃ—એ પ્રમાણે પરમેશ્વરનું આપેલું પણ જે લે નહિ, તેમનો કાંઈ પરમેશ્વર નોકર નથી કે તેમને ઘેર આવીને મજુરની પેઠે નાંખી જાય. પેલો વણકર તો આ પ્રમાણેના તેની સ્ત્રીના ટકટકારાથી જરીક પણ કકળ્યા વિના ઠંડે પેટે બોલ્યો કે—"જો પરમેશ્વરને આપવું હોય છે તો—જેને આપવાને એટલું બધું ધન મળે છે, તે પરમેશ્વરને તે ધન ઉચકીને તેની મરજી પ્રમાણે તેના કૃપાપાત્ર માણસને ઘેર પહોચાડનાર મજુરો પણ મળેજ છે." વણકર આ પ્રમાણે બોલ્યો એટલામાં તો પેલા ચોરોએ તેના છાપરામાંથી પેલી સોના મ્હોરોની ડેગ તેના ઘરમાં ઠાલવી, અને ખડખડખડ કરતો મ્હોરોનો વરસાદ તેની અને તેની સ્ત્રીની પથારીની પાસે થયો. ચોરોએ પોતાના અવળા પ્રારબ્ધથી ડેગમાં જે વીંછી દેખ્યા હતા તે વણકરના પ્રારબ્ધનીજ મ્હોરો હતી.

વણકરની સ્ત્રી તો તરત ભડકીને ઉઠી અને દીવો લેઈ જોવા લાગી કે પોતાના કમનસીબ ધણીનું છાપરૂં તુટી પડયું કે શું? પણ તેના આશ્ચર્યની સાથે તેના ઘર વચ્ચે મ્હોરોનો મોટો ગંજાવર ઢગલો થયેલો તેની નજરે પડયો.

પેલા ચોર તો ઘરમાં દીવો થયેલો જોઇને ફક્ત પેલી તાંબાની ડેઘ રૂ. ૧૫) ની કિમતના આશરાની લેઇને ચાલ્યા ગયા. તેમને જાણે આટલી બધી મ્હોરો ઉપાડીને વણકરને ઘેર પહોંચાડવાનું-વહીતરૂં કર્યું તેની મજુરી જેટલુંજ તેમના પુરૂષાર્થ અથવા મહેનતનું ફળ મળ્યું-એમ પોતાના ઉદ્યોગનેજ એકલાને ફળ આપનાર સમજનાર મિથ્યાભિમાની નાસ્તિકો ઉદ્યોગના અમોઘપણા માટે દલીલ આણશે. પણ આટલેથીજ આ વાતનો અંત નથી આવ્યો. પછી બીજે ત્રીજે રોજ ગામના તલાટીને શીમમાં ખોદાયલું જણાયાથી વહેમ પડયો કે અહીંથી કોઇએ ધન ખોદી કાઢેલું છે. તે ઉપરથી તલાટીએ પોલીસ ઉપર લખાણ કર્યું અને પોલીસે તપાસ કરતાં પેલા ચોરોને ત્યાંથી મુદ્દાની ડેઘ પકડી અને પેલા ખોદેલા ખાડા સાથે મેળવી તો તે બંદબેસ્તી આવવાથી પેલા ચોરોના ઉપર તપાસ ચાલી પણ તેમણે તો પોતાના સમજવા પ્રમાણે કોઇના ઘરમાં વીંછી નાંખેલા હોવાથી તે પણ ગુન્હોજ ગણાય; માટે એકના સાટે બે ગુન્હા થવાના ડરથી વીંછીની બાબત તો તેઓ કચેરીમાં કહી શક્યાજ નહીં, અને મુગે મોંઢે કેદમાં ગયા, ચોરની મા કોઠીમાં મોં ઘાલી રૂવે તેવું થયું.

સાર:—જેઓ કોઈપણ પદાર્થની શોધમાં ને શોધમાં રહે છે, તેમનાથી તે પદાર્થ ઇશ્વરના અનુગ્રહ વિના વેગળો ને વેગળો રહે છે, પણ જેઓ પ્રાણી પદાર્થ ઉપર આસક્તિ નહિ રાખતાં પોતાની શુદ્ધબુદ્ધિથી પ્રાપ્ત થતા પદાર્થોમાં સંતોષ માને છે તેઓને વિશ્વંભરનાથ આપે છે. ચોરોના પેઠે અશુદ્ધબુદ્ધિથી કરેલા કામની મજુરીના પૈસા પણ પચતા નથી પણ ઉલટી આપત્તિ આણે છે

કથા ૧૧ મી.

વિદ્વાન વ્યાસ, અને ભોળી ભરવાડણ.

એક મોટા શહેરમાં ચોમાસામાં એક વિદ્વાન્ વ્યાસજી **શ્રી રામાયણની** કથા વાંચતા હતા. દરરોજ સરિયામ રસ્તા ઉપર એક ઓટલા ઉપર બેશીને તે વ્યાસજી મહારાજ રસ્તામાં એકઠા મળીને સાંભળવા બેઠેલા ભાવિક શ્રોતાઓને પોતાની પોથીમાંથી શ્રી **રામચંદ્રજીનું** ત્રિભુવનપાવન ચરિત્ર શ્રવણ કરાવતા હતા. તેમાં રસ્તે જતાં માણસો પણ કેટલાંક થોડીવાર ત્યાં આગળ ઉભાં રહેતાં અને જે બે અક્ષર કાને પડે તે સાંભળતાં અને પછી પોતાને રસ્તે ચાલ્યાં જતાં. એકવાર એક ભોળી ભરવાડણ પાસેના ગામડામાંથી પોતાનાં ઢોરાંને માટે ખોળ અને કપાસ વગેરે ખરીદવાને તે શહેરમાં આવેલી, તે પણ પોતાને માથે ખોળ અને કપાસનો પોટલો લેઇને રસ્તે જતાં પેલા વ્યાસજીની કથા સાંભળવાને થોડોક વખત ઉભી રહી. તેના સાંભળવામાં શ્રી **રામચંદ્રજીએ નળ—નીલ** વાનર પાસે જે સેતુ લંકામાં જવાને માટે બંધાવ્યો હતો તે સંબંધી કથા ભાગ આવ્યો. તેમાં તેના જાણવામાં એવું આવ્યું જે શ્રી રામચંદ્રજીનું નામ ઉચ્ચારીને નળ—નીલ જે પથરા સમુદ્રમાં મૂકતઃ તે પથરા જળમાં કાષ્ટની પેઠે તરતા પણ બુડી જતા નહિ. તે ઉપરથી તે ભોળી ભરવાડણના નિષ્પાપ અંતઃકરણમાં શ્રી રામનામના અદ્‌ભુત મહિમા અથવા પ્રતાપની છાપ ઘણીજ શ્રદ્ધા સાથે સજ્જડ બેઠી એટલોજ કથા ભાગ સાંભળીને પોતાના પોટલા સાથે તે પોતાને ગ.મ જવાને નિકળી. જરીક અસુરૂં તો થયું પણ તે પતિતપાવન રામ-

નામનું રટણ કરતી કરતી નિર્ભયપણે પોતાના ગામ તરફ ઉતાવળે પગલે ચાલવા લાગી.

હવે એવું બન્યું કે પોતાના ગામની નજીકમાં એક નદી હતી, અને ઋતુ તો ચોમાસાંની હતીજ. જેથી કોઈ દુર પ્રદેશમાં વર્ષાદ થયેલો હોવાથી તે નદીમાં ચારે કાંઠે પૂર આવેલું હતું. તેથી નદી ઉતરીને પેલી પાર શી રીત્યે જવું? તેની ચિન્તામાં તે ભરવાડણ પડી. પણ તેને એકદમ પેલી કથામાં રામનામે પથ્થર તરવાની વાત સાંભળેલી તે યાદ આવી. તે ઉપરથી તે ભરવાડણે તે નદીને કિનારે લોકોને લુગડાં ધોવાની બે મોટી શિલાઓ પડી હતી તેમાંની એક ઉચકીને ' **શ્રી રામ** ' કહીને નદીમાં મૂકી. તે ભરવાડણના અચળ શ્રદ્ધામય સંકલ્પથી તે શિલા તો પાણી ઉપર તરવા લાગી તેના ઉપર પોતાની સાથેના પોટલા સહિત તે ભરવાડણ બેઠી, અને ' **શ્રીરામ શ્રીરામ** ' એવો મન વાણીથી ઉચ્ચાર કરતી કરતી સામે પાર ગઇ, અને શિલાને પાછી તે કિનારા ઉપરજ બહાર કાઢીને મૂકી. એ પ્રમાણે તે ચોમાસામાં ગમે તેવું પૂર આવ્યું હોય, તો પણ તે ભરવાડણ તે પથ્થરની નૌકા વડે આવતી જતી. આ શિલારૂપ નૌકાના સાધનની અનુકૂળતા થવાથી અને કથાનો મહિમા સમજાવાથી તે ભરવાડણ રોજ શહેરમાં જઇ કાંઇ પોતાનું કામકાજ કરવાનું હોય તે કરીને પેલા વ્યાસના શ્રોતા મંડળ ભેગી કથા સાંભળવા બેસે અને કથા થઇ રહ્યા પછી પોતાને ઘેર જાય. આ પ્રમાણે કેટલાક દિવસ વીત્યા બાદ એક દિવસ ગુરૂ પૂર્ણિમા (અષાઢી પૂનમ) આવી તે રોજ તે ભરવાડણે પેલા વ્યાસને પોતાને ઘેર તેડી જઇ. તેનું પૂજન કરીને તેને જમાડીને પોતાની શક્તિ પ્રમાણે દાન આપવાનો વિચાર કરીને નોતરૂં દીધું. એ નોતરૂં

અંગીકાર કરી વ્યાસજી પેલી ભરવાડણની સાથે તેને ગામ જવાને નીકળ્યા.

હવે ભરવાડણ અને વ્યાસ બંને પેલી નદીને કિનારે આવ્યાં, ત્યાં પૂર આવેલું હતું. પેલી ભરવાડણે તો પોતાના નિત્યના નિયમ પ્રમાણે એક શિલા લેઇને તેને નદીમાં **'શ્રી રામ'** કહીને તરતી મૂકી તે ઉપર સવારી કરી અને નદીમાં માર્ગ કાપવા માંડયો. તે બિચારી એમજ જાણતી હતી કે રોજ **રામનામે પથ્થર તરે** એવા ઉપદેશવાળી કથા વાંચનાર વ્યાસ તો નદી કિનારે પડેલી બીજી શિલા લઇ તે ઉપર બેશીને ઝપાટાબંધ તેની પણ આગળ નીકળી જશે, પણ વ્યાસ તો તે બાઇને તરતા પથ્થર ઉપર બેશીને નદી ઉતરતી જોઇને દિંગમૂઢ બની ગયા હતા. તે પેલી બાઇને બુમ મારી કહેવા લાગ્યા કે 'બાઈ આ નદીમાં પૂર ભારે છે માટે હું શી રીત્યે ઉતરૂં ?' તે બાઇનુ ધ્યાન હવે કિનારે પ્હોળું મોહું કરીને ઉભેલા વ્યાસજી તરફ ગયું અને તેણે વ્યાસજીને કહ્યું કે—' આપની કથામાં આપે જે રામનામનો પ્રતાપ કહ્યો હતો તેજ પ્રતાપે આ મારે બેસવાનો પથ્થર તરે છે, તો આપ પણ મારી પેઠે નદી ઉતરો ' વ્યાસજી બોલ્યાઃ—' એ તો કથામાં કહેવાની વાતો અને એ તો સત્યુગમાં બની શકે તેવી વાતો ! પણ હાલ તો કળિયુગ છે, માટે રામનામે કાંઇ પથ્થર તરે નહિ. ' પેલી ભરવાડણે જવાબ દીધોઃ—' પણ હું તો હાલ કળિયુગમાંજ શ્રી રામનામે પથ્થર ઉપર બેશીને તરૂં છું માટે તમારા બોલવામાં મને કાંઇ સમજણ પડતી નથી. ' વ્યાસજી બોલ્યાઃ—બાઈ મારાથી કાંઇ પૂરમાં તણાઇને તારે ત્યાં જમવા અવાશે નહિં. માટે હું તો પાછો જાઉં છું, પણ બ્રાહ્મણને નોતરૂં દેઇને વિમુખ કાઢે છે તેથી પાપ

લાગશે.' ભરવાડણ બોલી—'હું આપને પાછા કાઢતી નથી. આપનેજ આપની કથા ઉપર વિશ્વાસ નથી, તેથી આપ પાછા જાવ છો. આપના જેવા શ્રદ્ધા વિનાના બ્રાહ્મણના જમવાથી મને પુણ્ય પણ શું થાત? તેમજ આપના વિમુખ જવાથી મને પાપ પણ શું લાગશે? આપ આપની મેળેજ પાછા જાવ છો, તેમાં મારો કંઈ પણ દોષ નથી.'

વ્યાસજી પાછા પગ ઘસતા ઘેર આવ્યા અને ભરવાડણ નદી ઉતરીને પેલીપાર ગઈ.

સારઃ—કહેણી પ્રમાણે રહેણી નહિ રાખનારા અને શ્રદ્ધા વિનાના વિદ્વાનો તે મશાલચી જેવા છે. તેમની કહેણીથી ખરા અંતઃકરણવાળાં મનુષ્યો લાભ પામે છે, પણ તેવા ઉદરનિર્વાહ માટે કથા-કીર્તન કરનારા પોતે તો રામનામથી તરી શકતા નથી. એ તો મશાલચી બીજાને અજવાળું આપે પણ પોતે તો ઠોકરો ખાયાજ કરે.

કથા ૧૨ મી.

રાજા અને દીર્ઘદર્શી અવધૂત.

પશ્ચિમ દિશામાં આવેલા ખંડોની પ્રજાની રીતભાત ઉપર પોતાના બચપણમાં મળેલા શિક્ષણથી તથા પાછળથી પણ ઉચ્છેદક સુધારકોના સંગથી અત્યંત મોહિત થઇ ગયેલો કોઇ એક રાજા પોતે હિંદુ છતાં પણ પાશ્ચાત્ય રીતિ પ્રમાણે વર્તવાને તથા પોતાના અધિકારીઓને વર્તાવવાને ઘણોજ દુરાગ્રહ રાખતો હતો. પ્રધાન પણ હિંદુ હતો, અને તે રાજાનો ખરેખરો રાજભક્ત નોકર હતો, પરંતુ તે પોતે

જુના વિચારનો હતો, અને પોતાના રાજાજી હાડસુધારાને પડખે ચઢતા હતા, તે તેને રૂચતું નહિ. પણ મરજી આવે તેમ કરવાની સત્તા ધરાવનાર રાજાની આગળ તે કાંઇ કહી શકતો નહિ. આ પ્રમાણે રાજા અને પ્રધાનનો સંબંધ ચાલતો હતો. પણ ઇશ્વરેચ્છાથી એવું બન્યું કે તે રાજાને ત્યાં તથા દિવાનને ત્યાં એક એક પુત્રી જન્મી. રાજાએ મોટો આનંદ માન્યો કે પ્રાચીન કાળનો જે સ્વયંવરનો રિવાજ રાજાઓમાં હતો, અને જે આપણા મૂર્ખ આર્યોએ ત્યજી દીધો છે; પણ ડાહ્યા પાશ્ચાત્ય લોકોએ અદ્યાપિ પણ પકડી રાખ્યો છે—તે રિવાજ પાછો સજીવન કરવાની અમુલ્ય તક હાથમાં આવી. રાજાજીએ પ્રધાનને પણ તેને ત્યાં પુત્રીનો જન્મ થવા સંબંધે અભિનંદન આપતાં કહ્યું કેઃ—"તમે પણ, પ્રધાનજી, પુત્રીને સ્વયંવર કરાવીને પ્રાચીન આર્યક્ષત્રિઓની નીતિને પુનઃસ્થાપન કરવાનો રૂડો લાગ પામ્યા છો, તેથી હું તમને ભાગ્યશાળી સમજું છું." પ્રધાને સંકોચ પામતાં વિનય સાથે ઉત્તર આપ્યો કેઃ—"કૃપાનાથ! હું તો સામાન્ય રજપુત છું હું કાંઇ રાજ્યનો ધણી નથી; ફક્ત આપની કૃપાદૃષ્ટિથી પ્રધાનપદ ભોગવું છું, તેથી રાજાઓએ આચરવાની નીતિ ઉપર દાવો કરવો એ મારે માટે તો એક મોટી ધૃષ્ટતા ગણાય." રાજાએ આગ્રહપૂર્વક કહ્યું કેઃ—"તેની કાંઈ ફિકર નહિ, સ્વયંવર માટેનો સઘળો ખર્ચ રાજ્યભંડારમાંથી હું કરીશ, પણ તમારે મારી ઇચ્છા પ્રમાણે કરવું જ પડશે. જો તમે મારે પગલે ન ચાલો તો બીજા કોઇ તો પછી મારી ઇચ્છા પ્રમાણે વર્તેજ શાના? અને આખા ભારત વર્ષમાં જે અંધારૂં ફેલાયું છે, તે ટળેજ શી રીત્યે?"

બિચારો પ્રધાન આવી રાજહઠ જોઇને તે વખતે મુગો રહ્યો, અને આગળ ઉપર પ્રસંગ આવશે ત્યારે થઇ પડશે

એમ વિચારીને તે મોન પકડી રહ્યા, પણ રાજાએ તો આ વાત કદી પણ વિસારે નાંખી નહિ, અને હરરોજ સ્વયંવરના રિવાજની વાત સંભારી સંભારીને દિવાનને આગ્રહ કરવાનું જારી રાખ્યું. એમ કરતાં કરતાં રજપૂતની નાતના રિવાજ પ્રમાણે રાજપુત્રી તેમજ પ્રધાનપુત્રી અઢાર અઢાર વર્ષની થઇ. પણ રાજપુત્રીની કેળવણી જ્યારે હાલની સુધરેલી યુવતીને નામે ઓળખાતી સ્ત્રીના જેવી હતી, ત્યારે પ્રધાનપુત્રીની કેળવણી રજપૂતોની ચાલતી રૂઢી પ્રમાણે લાજમર્યાદાવાળી તથા ધાર્મિક શ્રદ્ધાવાળી હતી. રાજપુત્રી જ્યારે પોતાને સર્વ કાર્યમાં સંપૂર્ણ યોગ્યતાવાળી સમજતી હતી, ત્યારે પ્રધાનપુત્રી પોતાને કુમારી અવસ્થામાં માતપિતાને આશ્રયે, યુવાવસ્થામાં પોતાના પતિના આશ્રયે અને વૃદ્ધાવસ્થામાં પોતાના પુત્રોને આશ્રયે રહીને એક મર્યાદશીલ સ્ત્રી તરીકે સંસારમાં પોતાનું હિત સાધવાની યોગ્યતાવાળી સમજતી હતી.

એમ કરતાં કરતાં રાજાએ પોતાની પુત્રીનો સ્વયંવર કરવાનું ધાર્યું. દિવાને જાણ્યું કે આ રાજા કોઈ અનર્થમાં ફસાશે, તેથી તે ચિન્તામાં પડયો. પછી એક રોજ, એક અવધૂત મહાત્મા કે જેમને દિવાન પોતાના ગુરૂ તરીકે માનતો હતો, તેનાં દર્શન કરવાને તે દિવાન ગયો. તેમણે દિવાનને વિચારગ્રસ્ત જોઇને તેની દિલગિરીનું કારણ પૂછ્યું. તે ઉપરથી દિવાને સર્વ હકીકત માંડીને કહી સંભળાવી. અવધૂતે કહ્યું:—રાજાને સ્વયંવરની બાબતમાં તું રોકીશ કરીશ નહિ, પણ રાજપુત્રીના સ્વયંવરને માટે જરૂરની સામગ્રીમાંથી કોઈ એકાદ વસ્તુ રાજપુત્રીએ પોતેજ ખરીદી લાવવી એવો શાસ્ત્રનો લેખ છે એમ રાજાને તું કહેજે. રાજા કારણ વગેરે પૂછે તો મારૂં નામ દેજે.” તે ઉપરથી પ્રધાને

રાજાની પાસે જઇને તેના મતમાં ભળતા થઇને કહ્યું કેઃ— "આપ સ્વયંવર રચાવો છો તો તે ઘણુંજ ઉત્તમ છે, પણ એક અવધૂત મહાત્મા એવું શાસ્ત્રનું વાક્ય કહેતા હતા કે સ્વયંવર કરનારી રાજકન્યાએ પોતાના દાયચામાં લેવાના ઘોડાઓ પોતાની જાતેજ નવા ખરીદવા જોઇયે." રાજાએ કહ્યું કે આવી બેવકુફી ભરેલી શાસ્ત્રની આજ્ઞા હોયજ નહિ. ત્યારે દિવાને પેલા અવધૂતનું નામ ઠામ બતાવ્યું, અને રાજા તે દિવાનને તેડીને તે અવધૂત મહાત્મા પાસે ગયો, અને પૂછ્યું કે "સ્વયંવર કરનારી રાજકન્યાએ પોતાને દાયચામાં મળવાના ઘોડાઓ પોતે જાતેજ ખરીદી લાવવા જોઇયે એવું કયા શાસ્ત્રમાં લખ્યું છે?"

અવધૂતે જવાબ દીધો કેઃ—એવું એક ગ્રંથમાં લખેલું છે અને તે મારા વાંચવામાં હું નાનો હતો ત્યારે આવેલું હતું, પણ હાલ તે ગ્રંથ મારી પાસે નથી. તેથી હું તે ગ્રંથ તમને હાલ બતાવી શકતો નથી. પણ રાજકન્યા પોતાને માટેના ઘોડા પોતેજ ખરીદી લાવે તો એમાં શા અડચણ આવે તેમ છે?

રાજા બોલ્યોઃ—ઘોડાની પરીક્ષા રાજપુત્રીને પડે નહિ, અને સોદાગર લોકો અનેક ખોડયોવાળા અને કુટેવવાળા ઘોડાઓ રાજાઓને પોતાની યુક્તિથી વેચી દે છે, અને કિમ્મત પણ "મારવો તો હસ્તી અને લૂટવો તો ભંડાર" એ કહેવત પ્રમાણે રાજાઓ પાસેથી મ્હો માગી કિંમત લે છે, અને પછીથી **પોલો** જેવી રમતમાં કે બીજી લશ્કરી કવાયતમાં કામ ન આવે તેવા હોવાથી હજારો રૂપૈયા આપીને ખરીદેલા ઘોડા તે અમારા લોકોને કોડીની કિમ્મતે કાઢી નાંખવા પડે છે. તો એ સોદાગરો કુંવરીને તો ઠગી જ જાય એમાં શો શક?

અવધૂતે મંદહાસ્ય કરીને ઉત્તર આપ્યો,—"હે રાજન! તારી પુત્રી ઘોડા ખરીદતાં પણ ઠગાય એવી છે એટલુંજ નહિ, પણ પ્રત્યેક મનુષ્ય જે બાબતનો પોતાને અનુભવ ન હોય તેમાં મોટો પંડિત હોય તોપણ ઠગાય એવો પૂરેપૂરો સંભવ રહે છે, જ્યારે ઘોડા જેવાં જનાવર પરખીને પસંદ કરવાનું તારી પુત્રીની મુનસફી ઉપર રાખવું એમાં પણ તને ભય લાગે છે, તે છતાં આખી જીંદગાનીનો સાથી તેનો પતિ (વર) ખોળવાનું કામ તું તારી પુત્રીને સોંપે છે. એ કેવું અવિચારનું કામ તું કરે છે. તેનો તને જરીક પણ વિચાર આવતો નથી? વિચારણા વગરની સુધારણાના છંદમાં સપડાયલા હે નરેશ! રાત્રિદિન ઘોડાઓમાં વસનાર તું પણ અનુભવી અશ્વશાસ્ત્રીઓ અને શાલિહોત્રીઓની સલાહ વિના ઘોડા ખરીદતાં આંચકો ખાય છે, તો જેને સંસારની જીંદગાનીનો નવલકથાઓ શિવાય બીજી કોઇ રીત્યે અનુભવ નથી, એવી તારી પુત્રીને હલેતી અવસ્થામાં વર પસંદ કરવાનું કામ સ્વતંત્રપણે સોંપે છે, તે શું કેવળ મૂર્ખાઇ નથી? હે રાજન્! તને સંસારનો અનુભવ થયો છે, તારા અને તારી રાણી વચ્ચેના સંબંધમાં એક બીજા પ્રત્યે વર્ત્તતા ગુણદોષનાં વાસ્તવ સ્વરૂપ તારા સમજવામાં આવ્યાં છે. તેથી વરની વાસ્તવ યોગ્યતા તારી કુંવરીની યોગ્યતાના પ્રમાણમાં તું અને તારી રાણી જેવી રૂડી રીત્યે સમજી શકો, તેવી રીત્યે તારી વેશે ચઢતી અને વિચાર કરતાં વેગને વશ અધિક વર્ત્તનારી સ્થિતિમાં આવેલી પુત્રી શી રીત્યે સમજી શકવાની હતી!"

રાજા બોલ્યો:—હે મહાત્મન્! આપની આ દલીલથી અને ઉપદેશથી મારી વિવેકબુદ્ધિ કાંઇક ઠેકાણે આવતી જણાય છે. પણ આગળના સમયમાં રાજાઓમાં સ્વયંવરનો ચાલ હતો તે શું કાંઇ મૂર્ખ હતા?

અવધૂત બોલ્યો:—તેઓ મૂર્ખ નહોતા, તેથીજ તેઓએ સ્વયંવરનો અખ્તરો સેંકડો જમાના લગી અજમાવી જોઇને છેવટે સ્વયંવરનો સંપ્રદાય બંધ કર્યો છે—અને આખી જીંદગીનો સાથી ખોળી લેવાનું વિકટ કાર્ય દિવાની યુવાનીના અણીના સમયમાં આવેલી છોકરીના મનોવિકારના હાથમાંથી ખુંચી લેઇને સંસારના અનુભવવાળાં માતાપિતાના હિતસ્વી હાથમાં સોંપ્યું છે.

રાજાએ આ ખુલાસાથી સમાધાન પામી સ્વયંવર માંડી વાળી યોગ્ય વરને રાજપુત્રીનું કન્યાદાન દીધું.

સાર:—આ વાર્તાનો સાર ખુલ્લોજ છે. સ્વયંવર કરીને વિલાયતની પેઠે વારંવાર છેડા છુટકાના કેસ ઉભા કરીને સંસારનો પાયો હચમચી જાય અને માનવ સંબંધને બદલે પશુના જેવો લગ્ન સંબંધ થઇ જાય. તેના કરતાં માતપિતા પોતાની પુત્રીને યોગ્ય વર જોઇને પરણાવે એ આપણા દેશનો રિવાજ ખોટો નથી. સંસારનું સુખ દુઃખ જાણનાર માતાપિતા પણ વખતે વરની પસંદગીમાં થોડી ઘણી ભૂલ ખાય છે તો મોહ વશ વર્તનારી જુવાન છોકરીઓ વિલાયત વગેરે દેશોમાં થાય છે તેવી ભુલો કરે એ તો ખુલ્લુંજ છે.

કથા ૧૩ મી.

એકજ માબાપના બે દીકરા.

અકબર બાદશાહના સમયમાં એકવાર તે બાદશાહને અને જોધપુરના મહારાજાશ્રી યશવંતસિંહજીને એવો વાદ થયો કે:—બાદશાહ કહે કે:—‘ પઠાણો ઘણા જબરા યોદ્ધાઓ હોય છે ’ અને યશવંતસિંહજી મહારાજા કહે કે:—

'રજપૂતો ઘણા જબ્બર યોદ્ધાઓ હોય છે.' બાદશાહે આ વાત પઠાણુ અને રજપૂતો વચ્ચે લડાઇ કરાવીને સાબીત કરી આપવાનો મહારાજા યશવંતસિંહજીને હુકમ કર્યો. તે ઉપરથી યશવંતસિંહજીએ બે રજપૂત યુવાનોને પોતાના તરફના યોદ્ધા તરીકે શોધી કાઢયા. તે બંને યુવાનો એકજ માતાપિતાના પુત્રો હતા. તેમનો પિતા ગુજરી ગયો હતો અને તેમની માતા પવિત્ર ક્ષત્રાણીઓના રિવાજ પ્રમાણે પોતાનું વૈધવ્ય પોતાન સ્વર્ગવાસી પતિનું ધ્યાન કરતી પાળતી હતી. પોતાના બંને પુત્રને એ પ્રાણઘાતક પરીક્ષામાં મોકલવાને ક્ષત્રાણી સિવાય બીજા કોઈની હિમ્મત ચાલેજ નહિ, પણ આ વૃદ્ધ રજપુતાણી તો રજપુતનો જન્મ યુદ્ધમાંજ પ્રાણ તજવાથી અથવા તો વિજયથીજ સફળ થાય છે—એ ઉત્તમ સિદ્ધાન્તને સારી પેઠે જાણતી હતી. તેથી તેણે આખી રજપૂત જાતિનો ટેક રાખવાને માટે પોતાના પૂત્રોને પઠાણુ સાથે યુદ્ધમાં ઉતરવા માટે આપ્યા.

બાદશાહે પણ તે બે યુવાનો સામે ઘણા કુશળ અને કસાયલા બે પઠાણ યોદ્ધાઓને તૈયાર કર્યા; તેમની સામે કાચા અને મોઢે મુછ પણ ન ફુટેલી એવા બે રજપુત યુવાનોને જોધપૂર મહારાજા સાહેબે ઉભા કર્યા. સંગ્રામનો અખાડો રોપાયો. બાદશાહ અને મોગલો તથા રજપૂતોનો ભરેલો આખો દરબાર એ યુદ્ધ જોવાને માટે આતુર હૃદયે બેઠા.

એ બે રજપૂત યુવાનોમાંથી જે નાનો ભાઇ સોળ વર્ષની ઉમરનો હતો તેણે તેની સામે આવેલા પઠાણ યોદ્ધાને કહ્યું કેઃ—'તું મારા ઉપર પ્રથમ ઘા કર?' ત્યારે પઠાણે કહ્યુંઃ—'તું મારા ઉપર પ્રથમ ઘા કર.' રજપુતે કહ્યુંઃ— 'રજપુત નિરપરાધી ઉપર કદી ઘા કરતો નથી, તેથી તારા ઘા કર્યા વિના હું ઘા કરીશ નહિ. વળી જો હું પ્રથમ

ઘા કરીશ તો તું સામો ઘા કરવા જીવીશજ નહિ, માટે તું પ્રથમ ઘા કર ’ તે ઉપરથી પછી પેલા પઠાણે તે રજપુત યુવાનને ભાલો માર્યો. તે ભાલો તે રજપુત બચ્ચાના પેટને ભેદી આરપાર નિકળી ગયો. તે છતાં પણ તે રજપુતે આગળ ધસી પોતાની તલવારથી તે પઠાણનું માથું ઉડાવી દીધું. ત્યારબાદ પોતાના પેટમાંથી ભાલો ખેંચી કાઢયો અને પછી પોતાની તલવાર મ્યાનમાં ઘાલી, એટલે તે રજપુત જખમના દુઃખે જમીન ઉપર પડયો અને પોતાના યશસ્વી શરીરનો ત્યાગ કરીને તે શુરવીર પુરૂષોની શિવસાયુજ્યગતિને પામ્યો.

તેજ પ્રમાણે બીજા મોટા રજપૂત યુવાને પણ પરાક્રમ કરીને બીજા પઠાણ યોદ્ધાને પણ માર્યો અને પછી પોતાની તલવાર મ્યાનમાં ઘાલતો હતો અને મ્યાનમાં તલવાર પૂરેપૂરી ઘાલવી ચાર આંગળ બાકી રહી એટલામાં તે જખમની અસરથી જમીન ઉપર પડી ગયો અને શુરવીર ક્ષત્રિયોની પરમ ઉચ્ચ ગતિને પામ્યો.

આ પ્રમાણે **અકબર** બાદશાહની સાથે બકેલી હોડમાં મરૂભૂમિના મહારાજા શ્રી **યશવંતસિંહજી** જીત્યા. રજપુત યોદ્ધા પઠાણ યોદ્ધાઓથી વધારે ચઢિયાતા સાબીત થયા, અને **અકબર** બાદશાહે પોતાને મુખે સાનંદાશ્ચર્ય પામીને મરનાર રજપૂત શૂરવીર યુવકોની અત્યંત પ્રશંસા કરી; તથા તેમની માતુશ્રી કે જેણે આવાં પુત્રરત્નને જન્મ આપ્યો હતો, તેને ઈનામ આપવાને માટે બીરબલ પ્રધાનને મોકલ્યો, અને ખાસ પોતા તરફથી તે રજપુતાણી બાઈને ‘ **વીર**સૂતા ’ તરીકે અભિનંદન મોકલ્યું.

અકબર બાદશાહની આજ્ઞા પ્રમાણે બીરબલ તે બે વીર રજપુત યુવાનોની માતા પાસે શ્રીયશવંતસિંહજી સાથે ગયો.

તે વીર પુત્રોની માતા પોતાના પુત્રોનો સંગ્રામતીર્થમાં મોક્ષ થયેલો સાંભળી આપણી હાલની હિંદવાણીઓ પેઠે રૂદન કરવા લાગી નહિ, પણ તેણે '**મારી કુખ અને તેમનો જન્મ બંનેને સફળ કર્યાં, અને અમારી રજપુતોની મહત્તાને સાબીત કરી આપી**' એટલા શબ્દો બોલીને આનંદ દર્શાવ્યો. હિંદુત્વના ટેકવાળી તે ક્ષત્રાણીએ બાદશાહ પાસેથી કોઇ પણ ઇનામની લેવાની વિનયપુર્વક ના પાડીને કહ્યું કેઃ—'ઈનામની લાલચથી અમે ક્ષત્રિયો પ્રાણાહુતિ આપતા નથી, સ્વધર્મ માટે અને અમારી જન્મભુમિના યશને માટેજ અમે મરનાર જાતિ છીએ.

પછી બીરબલે તે વીરરત્નોની માતાનાં વખાણ કર્યાં; અને કહ્યું કે મારે આપને એક ખુલાસો પુછવો છે, તે આપ આપશો ? તે ક્ષત્રાણીબાઇએ બીરબલને કહ્યું—'પુછો, કોઈ પણ રીત્યે સંકોચાશો નહિ.'

બીરબલે પુછ્યુંઃ—'માજી, આપનો એક નાનો પુત્ર સંગ્રામને અન્તે પોતાની આખી તલવાર મ્યાનમાં ઘાલતાં લગી પોતાના પ્રાણ ટકાવી શક્યો, અને આપનો મોટો બીજો દીકરો તે મ્યાન કરતાં તલવાર ચાર આંગળ બાકી રહી અને જમીન ઉપર પડ્યો. આ પ્રમાણે ફરક પડવાનું કારણ શું ?'

ક્ષત્રાણી બાઇએ કહ્યુંઃ—'ભાઈ ! એ પ્રમાણે બન્ને ભાઇઓની સહિષ્ણુતામાં ફરક પડવાનું કારણ હું તમને કહું તે સાંભળો. જ્યારે મારો મોટો પુત્ર ઉત્પન્ન થયો, તે વખતે મારી ઉમર અનુભવ વગરની હતી. તે પુત્ર જે ન્હાવણ પછી ઉત્પન્ન થયો હતો. તે ન્હાવણ ન્હાઇને હું મારા ઘરના મેડા ઉપર હતી. તેવામાં બારીએથી મારી નજર સામા ઘરના ઓટલા ઉપર પડી. ત્યાં એક વણુકર બેઠો હતો, તે

મારા જોવામાં આવ્યો, જો કે મારા પિતા ભ્રાતા કે પુત્ર પ્રમાણેજ ગણનારી છું તો પણ એ વણકર અથવા સાળવી જેવા બ્હીકણ કે કાયર મનુષ્યના મુખદર્શનથી પણ આટલી ઓછી સહિષ્ણુતા મારા પ્રથમ પુત્રમાં આવેલી, પણ આગળ જતાં હું રજસ્વલા સ્ત્રીના ધર્મો વધારે સમજી તેમ તેમ વધારે અનુભવથી વધારે સાવધ રહેતી થઇ અને ત્યાર પછી મારો બીજો દીકરો થયો, તેનામાં સર્વ પ્રકારના ક્ષત્રિગુણો પુર્ણપણે આવેલા હતા. આ પ્રમાણે તમે પુછેલી વાતનો ખુલાસો છે.

આ ખુલાસો સાંભળીને સૌના મનનું સમાધાન થઇ બોધ મળ્યો કેઃ—ખરા ક્ષત્રિય વિષેની ઉત્પત્તિ માટે કેવા પ્રકારની સાવધતા અને ચોકશી રહેવાની જરૂર છે.

કથા ૧૪ મી.

વેદાન્તી પરોણો અને વિવેકી ગૃહસ્થ.

કોઇ એક શહેરમાં એક વિવેકી ગૃહસ્થ રહેતો હતો. તેને ઘેર એક વેદાન્તનો ઉપદેશક પરોણા તરીકે આવીને ઉતર્યો. તે ગૃહસ્થે પોતાના પરોણાનો સારો આદરસત્કાર કર્યો તથા તેને અન્નપાનાદિકની જોઇએ તેવી વ્યવસ્થા કરી આપી. પછી પેલા પરોણાએ સાંજે કોઇ પુસ્તકશાળા જેવા જાહેર મકાનમાં આગળથી કરી રાખેલી ગોઠવણ પ્રમાણે વેદાન્તનું વ્યાખ્યાન કરવા જવાને તૈયારી કરી, અને પોતાની મહેમાનગત કરનાર પેલા ગૃહસ્થને પણ પોતાની સાથે પોતાના વ્યાખ્યાનમાં આવવાને કહ્યું. તે ગૃહસ્થ પણ જ્ઞાન પ્રાપ્તિ ઉપર પ્રીતિ રાખનાર હોવાથી પોતાના પરોણા સાથે વ્યા-

ખ્યાન સાંભળવા ગયો. કેટલાક દિવસ અગાઉથી ફેરવી રાખેલી જાહેર ખબરોને લીધે લોકો તે પુસ્તકશાળામાં સંખ્યાબંધ એકઠા થયા હતા. તેઓ આગળ પેલા વ્યાખ્યાન કરનાર પરોણાએ પોતાના વ્યાખ્યાનોના ઉપોદ્ઘાતરૂપ વ્યાખ્યાન તે દિવસે કર્યું, તેમાં જ્ઞાનનો મહિમા અને તેનું ફળ વર્ણવતા તેણે ત્યાં લગી કહ્યું કેઃ—"ખરૂં જોતાં તો ગુરૂ, શાસ્ત્ર અને બીજા સાધનો પણ માત્ર કલ્પિત છે, જ્ઞાનજ સત્ય છે અને અન્ય સઘળાં સાધન તે અસત્ય છે." આ સાંભળીને ઓછી સમજણવાળાં મનુષ્યો તો એમજ પોતાના મનમાં સમજવા લાગ્યાં કે કર્મકાંડનો કુટારો અને ઉપાસનાની ઉથલપાથલ કશું પણ ફળ આપનાર નથી તેમાં અત્યારથી આપણે કાંઇ પણ ધ્યાન આપવું નહિ, અને કેવળ બ્રહ્મજ્ઞાની થઇને બેસવું, કેમકે હાથીના પગલામાં સર્વના પગલાનો નાશ છે. વ્યાખ્યાન સાંભળવા મળેલા શ્રોતાઓને આવા પ્રકારની અસર થઇ છે તે પેલા વિવેકી ગૃહસ્થને સમજાયું તેથી તેણે પોતાના પરોણાને ઠેકાણે લાવવાનો વિચાર કર્યો.

બીજે દિવસે પેલો વેદાન્તી પરોણો ગામની અંદર પોતાના વ્યાખ્યાન વિષે કેવાં વખાણ થાય છે તેનો તપાસ કરવાને માટે સવારમાં ઉઠીને ફરવા નિકળી પડયો. કેમકે તે તો પોતાને જ્ઞાની થયેલો સમજતો હતો, તેથી તેને કાંઇ પ્રાતઃકાળમાં નિત્યકર્મ કરવાની કટાકુટ નહોતી. તેથી તે તો ફરતો ફરતો પોતાના વ્યાખ્યાનનાં વખાણ સાંભળીને ફુલાતો ફુલાતો પાછો પેલા ગૃહસ્થને ઘેર મુકામ કર્યો હતો ત્યાં આવ્યો. એટલામાં પેલો ગૃહસ્થ તો પોતાના નિત્યકર્મથી પરવારીને રસોઇ તૈયાર કરાવીને પોતાના પરોણાની વાટ જોતો પોતાને ઓટલે બેઠો હતો. તેણે પેલા

પરોણાને આવતો જોઇને પાનસોપારી બનાવીને પેલા પરો-ણાને આપવા માંડી, અને પોતે જાણે જમીને બેઠો હોય તેમ ઓડકાર ખાવા લાગ્યો.

વેદાન્તી બોલ્યોઃ—ભૂખ્યે પેટે પાનસોપારીને શું કરી-એ? તમે તો ઓડકાર ખાવ છો, તેથી જમ્યા હો એમ જણાય છે.

વિવેકી ગૃહસ્થ બોલ્યોઃ—નાજી! હું તો આજે એકાદશી કરૂં છું, માટે મારે તો જમવું નથી, અને ઓડકાર તો કાલે જમેલો તે પચ્યું નથી, તેથી આવે છે.

વેદાન્તી બોલ્યોઃ—ત્યારે તો મારે એકલાનેજ માટે ર-સોઈ તૈયાર કરાવી હશે, તેથી હું જમી લેઉ. મારે એકલા-નેજ જમવું પડશે તે મને ઠીક નહિ લાગે, આપ પણ જો જમવામાં સાથે હોત તો આનંદ પડત.

ગૃહસ્થઃ—એ તો ખરી વાત છે, પણ રસોઇઓ તેનો કાકો આજ ગુજરી જવાથી સ્મશાન ગયો છે, તેમજ તેને સુતક પણ આવશે, અને ઘરમાં બૈરાંથી થઈ શકે તેમ નથી, અમારે બંનેને તો આજે અગિયારશ પણ છે. આવતી કાલે હું મારી જાતે રસોઇ કરીશ ત્યારે પારણાં થશે; અને આ-પને તો એકાદશી કરવાની કાંઈ જરૂર નથી. કેમકે ઉપવા-સાદિક સાધન સર્વે જ્ઞાનીની દૃષ્ટિએ તો કલ્પિત છે. માટે આપનો વિચાર શો છે?

વેદાન્તીએ જાણ્યું કે આપણને તો જમવાની છુટ છે એમ આ ગ્રહસ્થ પણ સમજે છે, આથી આપણે તો જમવાનોજ વિચાર રાખવો. તેથી તેણે કહ્યુંઃ—'મારો અભિપ્રાય મારે માટે તો જમવાનો છે. કેમકે મારે માંથે ભુખ્યા રહેવાથી પિત્ત ચઢી જાય છે. જમવાથી તૃપ્તિ અને શાન્તિ થાય છે.'

ગૃહસ્થે કહ્યું:—'અહો! જમવાથી તો તૃપ્તિ અને શાન્તિ થાય છે એમાં કાંઇ શક નથી. જમવાથી મનને આનંદ રહે છે, શરીરમાં કામ કરવાની શક્તિ રહે છે. જમવા જેવું તો એકે નથી.'

આ પ્રમાણે તે ગૃહસ્થે તો જમવાનાં અને તેથી થતી શાન્તિ તૃપ્તિનાં વખાણુજ કરવાં જારી રાખ્યાં, પણ પેલા વેદાન્તી પરોણાને જમાડવા માટે શી ગોઠવણ કરવા ધારે છે તે વિષે તો તે કાંઇ બોલ્યોજ નહિ, તે ઉપરથી પરોણાએ જાણ્યું કે—'મારે પોતાને હાથેજ રાંધી લેવાનું હશે.' તેથી તેણે કહ્યું 'હું મારે હાથે રાંધી લેઇશ. મને વાસણ અને સીધું વગેરે દેખાડો. મને કાંઇ પણ અગવડ રાંધતાં પડે તેમ નથી. મને રસોઇ કરતાં આવડે છે, તેથી આપ કોઇ પણ પ્રકારનો સંકોચ રાખશો નહિ.'

તો પણ પેલા ગૃહસ્થે જમવાના અને તેથી થતી તૃપ્તિના અને શાન્તિનાં વખાણુજ ચાલુ રાખ્યાં. પછી પેલા પરોણાએ કંટાળીને કહ્યું:—'પણ મને સીધું સામાન અને વાસણ આપોને?"

પેલા ગૃહસ્થે કહ્યું:—'શું કાંઈ વાસણ લાકડાં અને કાચું સીધું ખાવામાં આવે છે? એ તો નકામાં છે, માત્ર ભોજનથીજ તૃપ્તિ અને આનંદ છે? એમ કહી વળી તેણે તો ભોજન, તૃપ્તિ અને શાન્તિનાં વખાણ ચલાવ્યાં.'

પેલા પરોણાએ કહ્યું:—'પણ કાંઇ રાંધ્યા વિના ભોજન થાય?'

પેલા ગૃહસ્થે કહ્યું:—'રાંધવું એ તો કલેશ માત્ર છે, ધુમાડો ખાવો અને આંખો ફોડવી એ ક્લેશનો ત્યાગ કરીને કેવળ ભોજનનો આનંદ, તૃપ્તિ અને શાન્તિજ સેવવા યોગ્ય છે. સાધન એ તો મિથ્યા કલ્પિત કડાકુટ છે."

પરોણો કહે—'પણ તે કડાકુટ કર્યા વિના કાંઇ ભોજન અને તૃપ્તિ થાય છે.' ત્યારે પેલા ગૃહસ્થે કહ્યું કે—'કર્મ અને ઉપાસનાની કડાકુટ અને વિવિધ સાધનો ભેળાં કર્યા વિના કદી પણ જ્ઞાન અને મોક્ષ થાય છે? તમારે માટે મેં રસોઈ કરીને તૈયાર રખાવી છે; પણ તમે ગયે કાલે સૌની આગળ બધાને એક અસ્તરે મુંડવા જેવો ઉપદેશ કરતા હતા કે સાધન માત્ર કલ્પિત છે, તેથી લોકોને ખોટી અસર થવાનો સંભવ છે. માટે ઉપદેશ તો કર્મ અને ઉપાસનાનોજ કરવાની જરૂર છે, અને જ્ઞાનનો અધિકારી તો પોતેજ **શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ટ** ગુરૂને શોધી જ્ઞાન પ્રાપ્ત કરશે.'

સાર એજ કે:—આજકાલ મિથ્યા બ્રહ્મજ્ઞાનના ઉપદેશને લીધે આચારવિચાર તથા પ્રયત્ન એનો લોપ થતો જાય છે—તેવા સમયમાં જ્ઞાનનીજ વાર્તાઓ કરનાર તે જીવ મુક્ત કે સિદ્ધ પુરૂષોને બદલે ભ્રષ્ટ અને પ્રમત્ત મનુષ્યોનો વધારો કરે છે. જ્યાં લગી શારીરિક જરૂરીઆતો છે ત્યાં લગી જ્ઞાનનો મિથ્યા દંભ કરનાર પ્રજા પામર દશાને પામે છે, અને વિષયીપણું અને મોક્ષેચ્છા તો ક્યાંએ જતી રહે છે. પુમડું પાણી ચૂસાય નહિ અને મોટા અગસ્ત્ય જેવો આડંબર કરવામાં કાંઇ પણ માલ નથી.

इन्द्रियविषयासक्तो ब्रह्माहमितियो वदेत् ।
कर्मब्रह्मोभय भ्रष्टः तं त्यजेदन्त्यजं यथा ॥ १ ॥

અર્થ:—જેઓ શરીર સંબંધી વિષયોમાં આસક્ત છે અને 'હું બ્રહ્મ' એવું કહે છે તેઓ કર્મભ્રષ્ટ અને બ્રહ્મભ્રષ્ટ છે તેઓને ચંડાળ જેવા ગણીને ત્યાગવા.

કથા ૧૫ મી.

એક રાજા પંડિત અને ગીતા.

એક ધર્માત્મા રાજા પાસે એક પંડિત દ્રવ્યની લાલસાથી ગયો. રાજાએ પંડિતને પૂછ્યું કેઃ—આપ કાંઈ ભણ્યા છો ? આપ જેટલું ભણ્યા હશો તેના પ્રમાણમાં આપનો આદરસત્કાર થશે. કેમકે પાત્ર પ્રમાણે દાન આપવું એ રાજાનો ધર્મ છે. પાત્ર જોયા વિના દાન આપવાથી પ્રજામાં વિદ્વાનો અને અવિદ્વાનોનો વિવેક નહિ રહેવાથી અજ્ઞાનને ઉત્તેજન મળવાનો સંભવ રહે છે.

પંડિતે કહ્યુંઃ-રાજન્ ! હું વેદાદિક સર્વ શાસ્ત્ર ભણેલો છું.

રાજાએ કહ્યુંઃ-ત્યારે આપને ગીતા તો બહુ સારી રીત્યે આવડતી હશે.

પંડિતે કહ્યુંઃ—ગીતા તથા તે ઉપરનાં સર્વ ભાષ્ય અને વાર્તિકો મને જીવ્હાગ્રે છે.

ત્યારે રાજાએ કહ્યુંઃ—મને

શ્લોક.

अनन्याश्चिन्त यन्तोमां येजनाः पर्युपासते
तेषां नित्याभियुक्तानां योगक्षेमं वहाम्यहम् ।

એ શ્લોકનો અર્થ સમજાવો, એટલે હું જાણીશ કે આપ વિદ્વાન છો.

પંડિતે કહ્યુંઃ—આ શ્લોકનો અર્થ તો ઘણોજ સહેલો છે એમાં આપે શું પૂછ્યું ? એથી પણ કાંઇક અધિક કઠિન પૂછો તો પણ હું આપને મારી વિદ્યાની ખાત્રી કરી આપવા તૈયાર છું.

રાજાએ વિનય સાથે કહ્યુંઃ—આપ જેવા પંડિતોને તો સર્વ સહેલુંજ છે, પણ અમારા જેવા સંસારનું તરીલું તાણનારને તો સર્વ કઠણુજ છે. માટે મને ફક્ત એટલોજ શ્લોક આપ બરોબર સમજાવો કે જેથી આપનાં દર્શનનું ફળ હું જેવા રજોગુણી ક્ષત્રિયોને પ્રાપ્ત થાય.

પંડિતે કહ્યું—સાંભળો ત્યારે તમે જે શ્લોકનો અર્થ પૂછ્યો તે શ્લોક શ્રી ભગવાને અરજુન પ્રત્યે કહેલો છે, અને તેનો અર્થ એવો છે કે—"જે મનુષ્યો અનન્ય ભાવે મારૂં ચિન્તન કરતાં મને નિત્ય ઉપાસે છે તેવા મારામાં નિરંતર નિમગ્ન રહેનાર મનુષ્યોનો યોગક્ષેમ હું વહન કરૂં છું. અર્થાત્ જે જે જરૂરની વસ્તુ તેમની પાસે નથી હોતી તે તેમને મેળવી આપુછું, તથા તેમને જે જે વસ્તુ પ્રાપ્ત હોય છે તેનું હું રક્ષણ કરૂં છું."

રાજાએ કહ્યુંઃ—આપ એ શ્લોકનો અર્થ સમજતાજ નથી. તેથી પંડિતજી! આપ વિદ્વાન નથી.

પંડિત બોલ્યોઃ—મહારાજ! મેં જે અર્થ કર્યો છે તે ખરો છે, એ સંબંધી જો આપને કાંઇ શંકા પડતી હોય તો પાંચ વિદ્વાન બ્રાહ્મણોને બોલાવી પુછી જુઓ.

રાજાએ કહ્યુંઃ—તમે આ શ્લોકનો અર્થ બિલકુલ જાણતા નથી. આવતી કાલે ફરીને શાસ્ત્રો વગેરે વિચારીને આવજો.

પંડિત બીજે રોજ પણ શાસ્ત્રો વગેરે જોઇને અક્ષરે અક્ષરનો અર્થ નક્કી કરીને આવ્યો. પણ એ શ્લોકનો ભાવાર્થ તો એનો એજ નીકળ્યો. રાજાએ તો ફરીને પણ તે પંડિતને એમજ કહ્યું કે—તમે એ શ્લોકનો અર્થ કાંઈ પણ સમજતા નથી. ત્રીજે દિવસે પણ ગીતાનાં ભાષ્યો વાર્તિકો અને ટીકાઓ સાથે લેતો આવ્યો, અને તે શ્લોકનો અર્થ કરવા માંડયો; પણ રાજાએ તો પંડિતને સ્પષ્ટ કહીજ દીધું

કે તમે એ શ્લોકનો ખરો અર્થ સમજ્યા નથી. માટે અર્થ સમજીને આવો. પછી તે પંડિત પોતાને ઘેર ચાલ્યો ગયો, અને તેના મનમાં વિચાર કરવા લાગ્યો કે–'ભાષ્ય વાર્તિક અને ટીકાઓમાં જેવો અર્થ કરેલો છે તેવો અર્થ મેં રાજાને કરી બતાવ્યો પણ તે મને એમજ કહે છે કે તમે અર્થ સમજતા નથી, માટે સમજીને આવો. એ શું?' પછી પંડિત રાજા પાસે ધક્કા ખાઈને થાક્યો તેથી તેને શ્લોકના ભાવાર્થ ઉપર વિશ્વાસ રાખવાનું સુજ્યું કે—પરમેશ્વરમાં નિમગ્ન રહેનારનાં યોગ્યક્ષેમ પરમેશ્વર નિભાવે છે, તો મારે રાજા પાસે યાચના કરવા શા માટે જવું? આ પ્રમાણે વૈરાગ્ય અને વિશ્વંભર ઉપર વિશ્વાસ થયાથી તે તો ગીતાનો અને વેદનો પાઠ કરીને ઇશ્વરમાં ચિત્ત રાખતો નિવૃત્તિ સુખ ભોગવવા લાગ્યો, અને રાજા પાસે જવાનુંજ માંડી વાળ્યું. પછી રાજાએ વિચાર્યું કે પેલો બ્રાહ્મણ હવે આવતો નથી તે પેલા શ્લોકનો અર્થ સમજીને આવતો નથી કે કંટાળ્યો તેથી બીજે કોઈ ઠેકાણે યાચવા ગયો. તેથી રાજા તે બ્રાહ્મણના ઘેર ગયો, અને જોયું તો બ્રાહ્મણ નિત્યકર્મમાં રોકાયલો હતો. તેણે તે પંડિતને પૂછ્યું–મહારાજ! કેમ પછી આપ આવ્યા નહિ, આપને પેલા શ્લોકનો અર્થ કોઇ પણ ગ્રંથમાંથી હાથ લાગ્યો કે નહિ? કેમ પછી આવ્યા નહિ?

તે પંડિત બોલ્યો:—તે શ્લોકનો અર્થ મને આપની તરફથી નિત્ય ટકોર થતાં છેવટે સમજાયો છે—હું પરમેશ્વરનું ચિન્તન કરવાનું મૂકીને બીજાઓ આગળ શીદને ભીખ માગું?—પરમેશ્વર યોગક્ષેમ રૂપ નિભાવ કરવાનોજ છે. તેથી હું આપની કે કોઇની પાસે યાચના કરવા ઇચ્છિતોજ નથી. આપની યુક્તિથીજ મને એ શ્લોકનો ખરો અર્થ સ-

મજાયો અને નિવૃત્તિ થઇ તેથી હું આપનો આભારી છું.

રાજાએ તરતજ પ્રસન્ન થઇને તે બ્રાહ્મણના સર્વે નિર્વાહનો બંદોબસ્ત કરી દીધો, અને બ્રાહ્મણે નિરંતર ઈશ્વર સ્તવનમાંજ જીંદગાની ગાળી.

સાર એ છે કે:—શાસ્ત્રોના અર્થ કરી જાણ્યા તેથી કાંઇ ખરો લાભ નથી, પણ તે પ્રમાણે વર્ત્તવાથીજ ખરો લાભ થાય છે. ઇશ્વર સૌનો બેલી છે એમ કહેવા કરતાં તે કથન ઉપર દૃઢ વિશ્વાસ રાખી નિસ્પૃહ અને સ્વધર્મનિષ્ઠ થવું એજ એ કથન સમજ્યાની નિશાની છે.

કથા ૧૬ મી.

જેને જે વાતનો છંદ પડયો તે શું જાય છે?

આ દેશમાં એવી ચાલ છે કે કોઈ પુરૂષ પંડિતમાં પોસાયો એટલે તેને ઘેર સો પચાસ વિદ્યાર્થિયોની પથારી પડી રહે છે. એ વિદ્યાર્થિયો પંડિત ગુરૂની સેવા કરે છે. એક સમય દેવદત્ત નામનો વિદ્યાર્થિ એક મોટા પંડિતને ઘેર શીખવા રહ્યો. દેવદત્તનો બાપ મોટો વિદ્વાન કેહેવાતો હતો માટે એની ઇચ્છા એવી કે મારો દિકરો જો મારૂં નામ રાખે તો સારૂં. દીકરો લગાર શોખી જીવડો હતો, તેથી તેને મેહેનત કરવી ગમતી નહિ. પોતે પોતાની વેળા રમતમાં કહાડી નાંખતો એટલુંજ નહિ, પણ બીજા પોતાના સોબતીઓને રમતીઆળ કરી નાંખ્યા. ૭ વર્ષ થયાં એટલે બાપે પેલા પંડિત ઉપર પત્ર લખ્યો કે મારા છોકરાને કૃપા કરી ઘેર મોકલી દેજો. પેલો પંડિત દેવદત્તના બાપનો પત્ર વાંચીને ઘણો દીલગીર થયો; કેમકે તેણે વિચાર્યું, જે છો-

કરે તો કાંઇ ભણ્યો નથી ને આવોને આવો જઇ તે આપના મોં આગળ ઉભો રહેશે ને બાપ તેનો અભ્યાસ જોઇ મ્હારા વિશે કેવો અનુમાન કરશે? પણ દેવદત્તને મોકલી દેવાનો પત્ર આવેલો એટલે તેનાથી કેમ રાખી શકાય? માટે તેણે દેવદત્તને વિદાય કર્યો. જતી વખતે દેવદત્તના કાનમાં એટલો મંત્ર મુકયો કે " સર્વ વાતમાં જેને જેની લત લાગી તે પ્રમાણે તે આચરે છે. " આટલો મંત્ર તેના હૈયામાં ઠસી રહ્યો.

દેવદત્ત પોતાના ગુરૂને ઘેરથી નિકળ્યો અને રસ્તામાં જતાં તેને તીર્થવાસીની સોબત થઈ. એક બીજાનું ગામ, નામ, ઠામ પૂછતાં દેવદત્તને ખાતરી થઇ કે આ તો આપણા ગામનો સંન્યાસી છે. જે આપણા ગામમાં લોકોની માંહોમાંહે લડાઈ સળગાવતો તેજ આ મૂર્તિ હોય નહિ! ઘણા દિવસે મેળાપ થયેલો અને વળી તેણે સાધુનું રૂપ ધરેલું એટલે દેવદત્તના મનમાં પક્કી ખાતરી થયેલી નહિ, કે આપણા ગામનો છે. એમ કરતાં કરતાં તેઓ આગળ ચાલ્યા અને રસ્તામાં એક મોટું નગર આવ્યું. ત્યાં તેઓ એક મઠમાં ભેગા ઉતર્યા, અને સાંજની વખતે ફરવા નિકળ્યા. ચાલતાં ચાલતાં તેઓ એક વાણીયાની હવેલી પાસે આવ્યા. સંન્યાસીની કાંતિ જોઇને એ વાણીઆની સ્ત્રીએ તેમને ઘરમાં બોલાવ્યા અને આસન આપી માનપૂર્વક તેમની ખબર પુછી અને ભિક્ષાને સારૂ ઘરમાં બ્રાહ્મણ પાસે રસોઈ કરાવી. સંન્યાસીએ પણ બે ચાર લાંબા લાંબા શ્લોક લલકારીને કહ્યા કેની એટલે તેની વાણીથી ઘરનાં બૈરાં એવાં તો સડક થઇ ગયાં કે તેઓ તો તેને ને તેને દેખવા લાગ્યાં મહારાજને અને દેવદત્તને સારી પેઠે જમાડયા અને બૈરાંએ તેમને હાથ જોડીને કહ્યું કે મહારાજ, જ્યાં સુધી આ નગ-

રમાં રહો ત્યાં સુધી આપણે અહિં પધારવાની કૃપા કરવી.”
સંન્યાસી અને દેવદત્ત દિવસ પંદરેક રહ્યા. રોજ મિષ્ટાન્ન
મળવા લાગ્યાં એટલે એ શેહેર છોડવું શાનું ગમે ?

એક વખત તે સંન્યાસીના મનમાં આવ્યું કે રખેને હું
મારી આગળની ચાલ ભુલી ગયો હઉં, માટે મારે તે અજ-
માવી જોવી જોઇએ. આગળનું અપલક્ષણ એ હતું કે કોઇ
પણ બે માણુસની વચ્ચે લડાઈ ઉભી કરવી. આવા લોકો
ઉપર પુરૂષ કરતાં સ્ત્રીઓની આસ્થા બહુ રહે છે. તેથી
પેલા શેઠની વહુ તથા દિકરાની વહુ આ સંન્યાસીની સેવા
બહુ ઉલટભેર કરતાં. સાસુ વહુને માંહોમાંહે ઘણોજ બનાવ
રહેતો. પેલા સંન્યાસીએ પોતાનું ટીખળ હવે રચવા માંડયું,
એક દહાડો તે પેલા શેઠના ઘરમાં પેઠો ત્યારે તેના ઘરમાં
શેઠાણી એકલી હતી. છોકરાની વહુ નહોતી, આ જોઇને
સંન્યાસીએ શેઠાણીને પાસે બોલાવી કહ્યું.

“ શેઠાણી, શી તમને વાત કહું ! કહેતાં મારૂં હૈયું
કોરાઈ જાય છે. તમારી વહુએ તો ગજબ કરવા માંડયો
છે ! બહુ બેહેકી ગઇ છે. ચેતજો હો, નહિ તો તમારૂં
સત્યાનાશ વળી જશે. ”

શેઠાણી—હેં હેં મહારાજ, હેં તમે બોલ્યા શું ? મને
કહોની ? ન કહે તેને ગળાના સમ.

સંન્યાસી—તમારી વહુએ તમારા છોકરાને વશીકરણ
કરવા માંડયું માટે તમારા છોકરાને કહેજો કે ચેતતો રહે.

શેઠાણી—(પગે લાગીને) મહારાજ, બહુ સારૂં, મને
તમે આગળથી કહ્યું. નહિ તો આજકાલની વહુ ઉપર શો
ભરોસો છે ?

એ પ્રમાણે એ શેઠાણીને સમજાવ્યા પછી પેલો સંન્યા-
સી વહુને પીયર ગયો અને તેને મળ્યો. વહુને કહ્યું.

" અરે, બાઇ તારી સાસુને હડકવા થયો છે કે શું ? તારા વર આગળ એ કેટલું તારૂં ભુંડુ બોલી છે. તારા ઉપર છીનાળાનું આળ મુકયું છે; ઘરમાંથી તું દાગીના લઇ ગઈ એમ કહે છે. તારો વર તો તારા ઉપર એટલો રીશે બળ્યો છે કે જો આજ તું સાસરે જઇશ તો તને માર્યા વગર રહેનાર નથી, માટે આજ તું જઇશ નહિ, કાલે સવારે જજે.

વહુ તે દિવસે સાસરે ગઇ નહિ તેથી પેલી સાસુના તથા છોકરાના મનમાં વેહેમ આવ્યો કે, ખરે પેલા સ્વામીએ વાત કહી તે ખરેખરી. આજ કાળીચૌદશ છે માટે એ કાંઇક કામણ કરવા રહી હશે એમાં સંદેહ નહિ.

બીજે દિવસે પેલી વહુ સાસરે ગઇ અને થોડી એક વાર પછી ઝઘડો ચાલ્યો. ઘરમાં કોળાહળ થઈ—સાસુએ વહુને મેણાં માર્યાં અને વહુએ સાસુને, પછી ઉપરની વાતની તજવીજ થઈ. સાસુએ પૂછ્યું કે અરે વહુ, હું કોના આગળ તારૂં ભુંડું બોલી છું ?

વહુ—પેલા સંન્યાસીના.

સાસુ—એ સંન્યાસીએ જ મને કહ્યું કે, તું મારા દિકરાને વશ કરવાનું કરે છે. ત્યાર પછી એ સંન્યાસીને ઉતારે તેડું મોકલ્યું. ત્યાં જુવે છે તો કોઇ મળે નહિ. પેલો દેવદત્ત અને સંન્યાસી ઝઘડો સારી પેઠે જામ્યો સાંભળી ગામપાર પલાયન કરી ગયા હતા. ચાલતાં ચાલતાં સંન્યાસી મનમાં વિચાર કરે છે કે હું મારી અસલની ટેવ ભુલ્યો નથી.

આ વખતે દેવદત્તને પોતાના ગુરૂનું વાકય સાંભર્યું. પછી એણે પેલા સંન્યાસીને વેહેતો મુકયો અને પોતે આગળ ચાલ્યો.

જતાં જતાં તેને ગોકુળ મથુરાની જાત્રા કરી આવતો એક સંઘ મળ્યો, સંઘવી મોટો પહેલવાન ને દેખાવડો હતો.

પેલા દેવદત્તે એની ચિકિત્સા સારી પેઠે જોઇ અને જોયું તો માલમ પડયું કે તે મોટા મોટા શેહેરમાં ફરેલ છે. ઘણી ઘણી જાત્રાઓ તથા દેવસ્થાન જઇ આવ્યો છે, પણ આખરે તેણે પોતાની બદચાલ છોડી નથી.

એટલામાં દેવદત્તને એક બ્રાહ્મણ મળ્યો. તે ગંગાજમનાની જાત્રા કરીને આવતો હતો. એ બ્રાહ્મણની તુંમડીમાં પાણી દેખી દેવદત્તે તૃષા ઠારવાને તેની પાસે માગ્યું. પેલાએ એને આપ્યું. પણ પીતાં પીતાં દેવદત્તે કોગળો કર્યો ને કાહાડી નાંખ્યું. દેવદત્તે કહ્યું, "અરે ભાઇ તું મને ગંગાજળ નથી પાતો; ઝેર પાય છે—હાવું કડવું ઝેર તે ગંગાજળ હોય કે ?"

બ્રાહ્મણ—પાણી તો ગંગાનું છે પણ તે કડવું છે તેમાં મારી તુંમડીનો વાંક છે.

દેવદત્ત—એમ કેમ ?

બ્રાહ્મણ—આ તુંમડી મેં કાચીને કાચી તોડી લીધી હતી. હું સમજ્યો કે એનો ગર કહાડી નાંખી ધોઇ નાંખીશ એટલે તેની કડવાશ જશે. એક વાર તો મેં એને કુવાના મીઠા પાણીએ ધોઇ નાંખી હતી, ત્યારે પછી જ્યાં જ્યાં હું તીર્થને અર્થે જાઉં છું ત્યાં હું તેને મીઠા જળે ધોઉં છું. મેં ગંગા, જમના, ગોદાવરી, ભાગીરથી, મહાનદી, કૃષ્ણા, સિંધુ વગેરે જ્યાં હું ફર્યો ત્યાં એને ઝબોળી પણ તેની કડવાશ હજુ પણ જતી નથી. એને મેં ગોકુળના વનમાંથી ચુંટી લીધી હતી.

ગોકુળમથુરાનાં ફળ કડવાંજ હોય છે શું ?

આ સાંભળી દેવદત્તના કાન ઉઘડયા, એને પોતાના ગુરૂનું વાકય સાંભળી આવ્યું. જે જે ચરિત્ર એણે જોયાં તે તે ઉપરથી એને ખાતર જમા થઇ કે જેમાં કાંઇ પણ ગુણ

બેશી સજ્જડ થઈ ગયા તે પછી ધોવાઇ જવા બહુ કઠણ છે–માણુસ ગમે તેટલી જાત્રા કરી આવે. ગમે તેટલી નદીઓ ન્હાય, સમુદ્ર ન્હાય, પણ તેથી તેના અવગુણ ધોવાતા નથી. ગુણ પણ પુખ્ત ઉમ્મરમાં જો રહ્યા તો રહ્યા નહિ તો જતા રહે છે. સદ્‌ગુણને બગડવાની જેટલી ધાસ્તી છે તેટલી દુર્ગુણને નથી. એ સદ્‌ગુણ શાથી આવે ? માત્ર નાનપણમાં તે મેળવવાનો પ્રયત્ન કર્યાથીજ ?

એ પ્રમાણે દેવદત્તને બોધ લાગ્યાથી તે કાશીમાં રહ્યો અને એક વર્ષ સુધી ત્યાં અભ્યાસ કર્યો અને પછી બાપ પાસે મળવા ગયો. એટલી મુદતમાં જે કાળજી રાખીને ભણ્યો તેટલું તેના સોબતીઓથી પેલા પંડિતને ઘેર ભણાયું નહોતું. પછી બાપે આવો ભણેલો પુત્ર જોઇ તેનો બહુ સત્કાર કર્યો અને દેવદત્તની લોકમાં વાહવાહ થઇ.

કથા ૧૭ મી.

ભદ્રંભદ્રોની કોનફરન્સ !!!

(મનહર.)

ભદ્રંભદ્રોની કોનફરન્સોમાં ભાગ લેવા–
તાપીના કિનારાપર જરૂર પધારજો !!!
પેમો મારો પ્રમુખ ને શોમો મારો સેક્રેટરી !
દુધીયા દાંતના ડેલીગેટોને બોલાવજો !
નાતજાતની સંમતિ લેવાની જરૂર નથી !
અંધારે વ્હેંચાવી ગોળ નામના જમાવજો !
એક્તાનું કામ નથી ! નિયમોનું નામ નથી !

ટાઢે પેટે ભાષણોના ભરડા ચલાવજો ! ભદ્રં૦ ૧
નાત અને મહાજનના મોભાને ઘટાડે એવા !
ના'ના ના'ના પોરીયાની મંડળીઓ લાવજો !
હિતવર્ધક મંડળો જે હિંદમાં હોય તેનાં-
બંડલો બાંધીને મો'ટી ત્વરાથી પ્હોંચાડજો !
મિત્ર ને અમિત્રની સભાઓ તમો શોધી શોધી !
જરૂર આ પ્રસંગે પ્રસિદ્ધિ મધ્ય લાવજો ! ભદ્રં૦ ૨
છાપાની કટોરેમાંહે લટકાવું હોય-
તેવાઓને વ્હેલા વ્હેલા ટ્રેનમાં ચડાવજો !
વગર મ્હેનતે જેને નામ કાઢવાંજ હોય,
એવાં બોધલાંઓને જરૂરજ બોલાવજો !
નિંદાખોર ભુટ્ટાચોર હોય રખડેલા ઢોર !
એવાઓને વિદ્વત્તાનાં પૂંછડાં લગાવજો ! ભદ્રં૦ ૩
બોલવામાં બુરા હોય ! રાંડપર શૂરા હોય !
એવાઓને આ સભામાં કદી ન વિસારજો !
ભેંસતણા ભાઈ હોય, દિલના કસાઇ હોય !
હોય સ્વાર્થે સાધુ પરમાર્થિમાં પેખાવજો !
હોટેલના હુતીઆઓ એકેએક વીણી ચુંટી-
જરૂર અમારી કોનફરન્સો શોભાવજો ! ભદ્રં૦ ૪
વિલાયત જવાતણું બારણું ઉઘાડી તમો,
સુધરેલા તણી મોટી સંઘમાંહે આવજો !
એક સુધારામાં જરા હાથને લંબાવી પછી-
અનેક કુધારા તણાં તોરણો બંધાવજો !
બાળલગ્નો કજોડાંઓ બંધ કરવાનું બકી,
પાસે રહી બાળલગ્નો કજોડાં કરાવજો ! ભદ્રં૦ ૫
ભેદમાં પડેલા તમો ભેદભાવનાઓ ત્રોડી,
અભેદની ઓળખ આનંદથી કરાવજો !

વાંઢાઓને માટે કોઈ વંઠેલી કન્યાઓ લાવી!
મ્હાજનોની પાસ તેની શુદ્ધતા કરાવજો!
કોણ પુછનાર છે આ કળિકાળ મધ્ય–
માત્ર ઉપરની ટાપટીપ મોહક બનાવજો! ભદ્રં૦ ૬
કે'ણી તેવી રે'ણીની જરૂર આંહીં કશી નથી,
પોપટીયાં જ્ઞાન ગોખી ગોખી વ્હેલા આવજો!
આવડે ન બોલતાં તો પાડોસી પાસે લખાવી–
સુધારાની મો'ટી મો'ટી નોંધો દેખડાવજો
દેશભક્ત! નાતભક્ત! ગામભક્ત! થવા માટે–
જુક્તિદાર ફેન્સી ઝબ્ભામાં આંહીં આવજો! ભદ્રં૦ ૭
રાંડીરાંડો પરણાવા વ્હેલા વ્હેલા બ્હાર પડી!
દામ્પત્ય ધર્મનાપર મા'ટું મી'ડું વાળજો!
એક પ્યાલે પાણી આખા દેશનેજ પાજો!
ગંગાજળને ઠેકાણે મોટા બાટલા ઉડાવજો!
સદાચાર તજી અનાચારમાં આગળ વધી,
ઢોંગ ધતુરાથી આખો દેશ ખરડાવજો! ભદ્રં૦ ૮
આખી કોમ તણે નામે કોનફરન્સો બોલાવીને,
નાદાન બાળકો મોટા પંડિતો બનાવજો!
મોટા મોટા સવાલોની વાતો તણો ડોળ કરી–
ગાજરની પીપોડીથી દેશ ગરજાવજો!
ઢેડ ફજેતાઓ કરી, ટોળાને વગોવી પછી–
ડાહ્યા ડમરાઓ ટીશીન પાર્ટીઓ ઉડાવજો! ભદ્રં૦ ૯
ઘરધંધો ભુલી હોય! લાંબી જેની લુલી હોય!
એવી ઘરધણીઆણી સહિત પધારજો!
ભૂગોળ ભણેલી હોય, ખગોળ ખણેલી હોય!
બૂટને સ્ટોકીંગવાળાં મીસીસ સુહાવજો!
બની શકે તો અમારા કેળવેલાં મીસીસોને
કોટ પાટલૂન તણા ડ્રેસમાં દીપાવજો!. ભદ્રં૦ ૧૦

હજુ એક સુધારો છે બાકી તે સુધારા માટે,
મોટી મોટી જહેમતો જરૂરજ ઉઠાવજો !
પુરૂષોની બરાબરી કરનારી મીસીસો–
શા માટે છોકરાંઓ જણે વાતો એ વિચારજો !
એવી કડાકૂટમાંહે સ્ત્રીઓનેજ ગોંધી રાખી,
ક્યારે મોટા ભદ્રંભદ્રો દેશને સુધારશો ? ભદ્ર૦ ૧૧
રવીવાર આવી પહોંચ્યો કવિતાને મોડું થયું,
માટે સંક્ષિપ્ત સારથી સંતોષજ વાળજો !
હજુ ઘણું મારા ભદ્રંભદ્રો ભાયોનું
વર્તન છે વાંચવાનું એલેન્સમાં રાખજો !
સમય પરત્વે અમો ભરડો ભુંસીશું ભાઇ,
હાલ ભગવાન મારા પ્રણામ સ્વીકારજો !
ભદ્રંભદ્રોની કોનફરન્સોમાં ભાગ લેવા–
તાપીના કિનારાપર જરૂર પધારજો ! ! ! ૧૨

કથા ૧૮ મી.

જનસિદ્ધિ ધનસિદ્ધિ નામે બે રાજકુંવરો.

પ્રાચીન સમયમાં એક સર્વાર્થસિદ્ધિ નામે મોટો રાજા હતો, તેને બે પુત્રો હતા; તેમાં એકનું નામ જનસિદ્ધિ હતું અને બીજાનું નામ ધનસિદ્ધિ હતું. સર્વાર્થસિદ્ધિ મહારાજા જ્યારે વૃદ્ધ થયા અને તેમણે વાનપ્રસ્થ આશ્રમ લેવાનો નિશ્ચય કર્યો, ત્યારે તેમણે પોતાના બંને પુત્રોને પોતાનું રાજ્ય ઘણું વિસ્તારવાળુ હોવાથી સરખે ભાગે વહેંચી આપવાનો વિચાર કર્યો, ત્યારે નાનો પુત્ર જે જનસિદ્ધિ નામે હતો તેણે પોતાના પિતાને કહ્યું કેઃ—“રાજ્ય વહેંચીને

તેના ટુકડા કરવાથી રાજ્યનું બળ ઓછું થશે અને તેથી શત્રુઓ કોઇવાર આપણા રાજ્ય સામે ફાવી જાય એવો પ્રસંગ આવશે, તેથી મારા મોટા પાટવીભાઈ ધનસિદ્ધિને આખું રાજ્ય આપ સોંપો અને મને તો માત્ર જીવારકની રકમ મળે તે પ્રમાણેજ આપ બંદોબસ્ત કરો." જનસિદ્ધિ કુમારના સમજાવવાથી પિતાએ ધનસિદ્ધિને સઘળું રાજ્ય સોંપ્યું, પણ જનસિદ્ધિ કુંવરનો નિઃસ્વાર્થ અને ડહાપણ ભરેલો સ્વભાવ જોઇને પિતાને તેના ઉપર અત્યંત પ્રેમ આવ્યો, અને જનસિદ્ધિને જીવારકની મોટી વાર્ષિક રકમ વંશપરંપરા મળે તેવી ગોઠવણ કરી. ત્યાર પછી સર્વાર્થસિદ્ધિ મહારાજાએ ક્રમે ક્રમે ત્યાગાવસ્થા સિદ્ધ કરીને વિદેહ નિર્વાણ પ્રાપ્ત કર્યું.

હવે મહારાજા ધનસિદ્ધિને નિષ્કંટક રાજ્ય અને કુમાર જનસિદ્ધિને મોટું વર્ષાસન ભોગવી આનંદમાં રહેવાનું હતું. તોપણ મનુષ્યે ઉદ્યોગ વિના રહેવું નહિ—એ શાસ્ત્ર અને સત્પુરૂષોના સિદ્ધાન્ત પ્રમાણે ધનસિદ્ધિ અને જનસિદ્ધિએ પોતાના સ્વદેશના લોકોના હિતની ખાતર જુદા જુદા પ્રયત્ન કરવા માંડયા.

ધનસિદ્ધિએ એક એવું દૈવી અનુષ્ઠાન આરંભ્યું કે તેથી તેને મણિભદ્ર નામના દેવતાએ પારસમણિ આપ્યો; તેનાથી ધનસિદ્ધિએ પોતાના રાજ્યનાં માણસોને એકે કાળે શ્રીમંત બનાવી દેવાનો વિચાર કર્યો. પણ વધારે વિચાર કરતાં તેને એમ જણાયું કે સૌ કોઇ એક સરખા શ્રીમંત થઈ જશે તો લોકો પોતપોતાનું કામ કરવું છોડી દેશે, તો નીચા ગણાતા ધંધા જેવા કે ઘાંચી, મોચી, ઢેડ, ધોબી વિગેરેના ધંધા કોઈ કરશે નહિ; તેમજ ખેતી જેવો ઘણીજ મહેનતનો પણ મનુષ્યના નિર્વાહને માટે અનિવાર્ય અગત્યનો

એવો ધંધો પણ કોઇ કરશે નહિ. તેથી દીર્ઘદર્શીપણું વાપરીને ધનસિદ્ધિએ પોતાના રાજ્યમાં જુદાં જુદાં ખાતાં અને કારખાનાં ઉઘાડી ઉઘાડીને લોકોને પૈસાનું અઢળક ઉત્તેજન આપવા માંડયું, સૌને પોતાના શ્રમ કરતાં પણ વધારે આવક થવા માંડી. તેથી ધનસિદ્ધિના રાજ્યમાં સૌને અનાયાસ લીલાલહેર જેવી સ્થિતિની પ્રાપ્તિ થઇ. સૌને સુખ અને વૈભવનો અનુભવ થવા લાગ્યો, દુઃખ અને ચિન્તાનો આખા દેશમાંથી નાશ થઇ ગયો અને ધનસિદ્ધિ રાજાનું રાજ્ય તે સ્વર્ગસમાન ગણાવા લાગ્યું.

પેલા નાના કુંવર જનસિદ્ધિએ શું કર્યું તે સાંભળો. જનસિદ્ધિએ પણ એક એવી ઉપાસના કરી કે શ્રીરુદ્રભગવાને આવીને તેણે કહ્યું કેઃ—હે પુત્ર! વરદાન માગ. ત્યારે જનસિદ્ધિએ માગ્યું કે મને એવી સત્તા આપો કે મારા સમાગમમાં જે માણસો આવે અને જેઓને હું ઉપદેશ કરૂં તેઓને મરણ, રોગ, દારિદ્રય વગેરે દુઃખોનો જરીક પણ ભય લાગે નહિ, અને તેઓને જીવન અને ધન વગેરે સુખ વૈભવ લલચાવી શકે નહિ. શ્રી રુદ્રભગવાન્ તેને એવું વરદાન આપીને અંતર્ધ્યાન પામી ગયા. પણ આ જનસિદ્ધિનો સમાગમ કરવાનો અવકાશ ધનની રેલછેલવાળા દેશમાં કોઇને ભાગ્યેજ મળતો. સૌ કોઇ ધનને પ્રતાપે સુખ અને વૈભવનાં સાધન શોધવામાં અને ભોગવવામાં એવા તો નિમગ્ન રહેતા હતા, કે વૈભવી વૈભવી જનોનાં ટોળાં બંધાઇ સ્વર્ગ સુખ ભોગવતા અને પોતાના રાજા ધનસિદ્ધિને દરરોજ આશીર્વાદ દેતા—આનંદના ઉદ્‌ગાર કાઢતા હતા. આ પ્રમાણે સુખમાં દિવસો વીતતા હતા. આથી જનસિદ્ધિને પોતાના સ્વભાવ પ્રમાણે વૈભવરહિત સાદા અને શાન્ત મનુષ્યોવાળા પાસેના એક બીજા દેશમાં જઇને થોડોક વખત વસવાની

ઇચ્છા થઈ, તેથી તે પોતાના મોટા ભાઇની રજા લેઇને તે બીજા દેશમાં જઇને રહ્યો, અને ત્યાં તેને તેનું વર્ષાસન મળ્યે જાય, એવી ગોઠવણ ધનસિદ્ધિએ કરી.

જનસિદ્ધિએ પેલા નિર્ધન અને સાદા દેશમાં જઇને નિવાસ કર્યો; ત્યાંના લોકોએ પોતાના જેવીજ રૂચિવાળા તે જનસિદ્ધિની પાસે આવીને તેનો ઉપદેશ સાંભળવા માંડયો, તે ઉપરથી તે દેશના લોકોએ તેના દૈવી ઉપદેશના સામર્થ્યથી પોતાની રંક સ્થિતિથી થતા ભય અને દુખાદિકની ઉપર જય મેળવ્યો. તેઓના અંતઃકરણમાંથી ધનાદિકની લાલસા તથા વૈભવની તૃષ્ણાનો દાહ જતો રહેવા લાગ્યો. આથી તે દેશની નિર્ભય થયેલી પ્રજાએ આ જનસિદ્ધિને પોતાના રાજા તરીકે પસંદ કર્યો. તેણે શ્રમ સહન કરનારી અને પ્રાણ તથા ધનની દરકાર વિનાની એક પ્રબળ અને પ્રામાણિક પ્રજા ઉત્પન્ન કરી અને તેઓના રાજા તરીકે સ્થાપ્યો. મનુષ્યજાતિને ખરો ન્યાય આપવો અને વૈભવની ઇચ્છાથી વેગળા રહેવું એ સિદ્ધાંતવાળી શરીરને કસનારી અને મનને સબળ રાખનારી આ પ્રજા પણ પોતાના પ્રયાસશીલ-જીવનમાં આનંદપૂર્વક રહેવા લાગી.

આ પ્રમાણે વર્ષો વીતી ગયાં. તે અરસામાં ધનસિદ્ધિ મહારાજાની પ્રજાની નીચે પ્રમાણે અવનતિ થઇ. ઇનામો અને ઉત્તેજન પુષ્કળ મળવાથી સૈનિકનો ધંધો કરનાર યોદ્ધાઓ યુદ્ધકળાના શસ્ત્રાસ્ત્રના પ્રયોગોમાં ઘણા હોંશિયાર તો થયા, પણ તેઓ પૈસાવાળા થવાથી તેઓને મોજશોખ ભોગવવાની પણ ટેવ પડી, અને તેની સાથ શરીરમાં કોમળતા પ્રવેશવા લાગી; પછી તો સુખભોગમાં આસક્ત મનવાળા યોદ્ધાઓ યુદ્ધનો સમય આવે ત્યારે પ્રાણ જાય એવી બીતિથી ફડફડવા લાગ્યા. સુખભોગ, પૈસા અને પ્રતિષ્ઠા મૂકીને મરવાનો પ્રસંગ આવે એ વાત તેમના અંતઃકરણને ઘણી

ભયંકર જણાવા લાગી. જ્યાં લગી સ્વદેશમાંજ કવાયતો વખતે હથિયાર ઉંચાં નીચાં કરવાનું હોય અને ભારે ઇનામો મળવાનાં હોય, ત્યાં લગી તો બાર પાદશાહી; પણ એકાદ પ્રદેશી પ્રજા જોડે લડાઇમાં ઉતરવું પડે ત્યારે પૈસા અને વૈભવ છોડી પ્રાણ ત્યાગ કરવો પડે એ વિચાર જ્યારે જ્યારે મોજશોખી લડવૈયાના મનમાં આવતો ત્યારે ત્યારે તેઓનું અંતઃકરણભય અને શોકથી ધ્રુજી જતું. ધનસિદ્ધિના રાજ્યની ક્ષત્રિ પ્રજાની આવી અવસ્થા થઇ હતી, તે ઉપરથી બીજી બ્રાહ્મણ અને વૈસ્યાદિક પ્રજા કેવી હશે તેનો ખ્યાલ તો સાધારણ રીત્યે વાંચનારને આવી જાય તેમ છે. ધનસિદ્ધિના રાજ્યના બ્રાહ્મણો સઘળી લશ્કરી વિદ્યા વગેરે વિદ્યાકળાઓ સારી પેઠે જાણતા, પણ તેનો રણક્ષેત્રમાં પ્રયોગ કરવા સમયે જે જોખમમાં ઉતરવું પડે તે બાબતનો ભય તેમના વૈભવાસક્ત અંતઃકરણને હચમચાવી નાંખે તેમ હતું. વૈસ્યો વ્યાપારકુશળ અને સુખવૈભવના પદાર્થો પૂરા પાડવામાં ઘણા કુશળ હતા, તથા દેશમાં અખુટ દ્રવ્ય હોવાથી તેમનાં વહાણો બુડે તોપણ ચિન્તા કરે તેવા નહોતા, તેમજ પરદેશી ચાંચીઆ વહાણ લુટે તોપણ હાયવરાળ કરીને લડાઇમાં ઉતરી પડે તેવા નહોતા ! ‘ પણ **જીવતો નર ભદ્રા પામશે** ’ એ કહેવત બોલીને ઠંડે પેટે પોતાની દુંદ ઉપર હાથ ફેરવે તેવા હતા.

ધનસિદ્ધિના દેશના વૈભવની વાતો બીજા ઘણા ઘણા દૂર દેશ લગી પહોંચી. બીજા દેશની ભૂખડુ પ્રજાઓની આંખ્યો ધનસિદ્ધિના રાજ્ય તરફ ખેંચાવા લાગી. કોઇ કહે એ દેશમાં કાચું સોનું પાકે છે, કોઇ કહે એ દેશમાં કિમતી ધાતુઓ અને રત્નની ખાણો છે, અને કોઇ કહે કે એ દેશમાં તો નાણાંના ચરૂના ચરૂજ નાંગળેલા છે. **સ્રીની કાયા અને મરદની માયાને** જ્યાં ત્યાં ભય છે. એ નિ-

યમ પ્રમાણે થયું, અને એક દૂર દેશની યવન પ્રજા ધનસિદ્ધિ મહારાજના દેશ ઉપર હથિયારબંધ ચઢી આવી.

ધનસિદ્ધિ મહારાજા સિવાય આખું રાજ્ય તો આ ખુનરેજી પ્રસંગ આવવાથી ગભરાઈ ગયું, કેમકે આખું રાજ્ય અને પ્રજા તો મોજમજા અને જીવવાની આશાથી પાંગળા જેવું થઇ ગયું હતું, પણ ધનસિદ્ધિ રાજા તો મહાશૂર ક્ષત્રિય મહારાજા સર્વાર્થસિદ્ધિનો પાટવી પુત્ર હતો તેથી તે તો ચઢી આવેલા યવનોની સાથે સંગ્રામ કરવાને માટે તૈયાર થયો. આ વાતની ખબર પડતાં ધનસિદ્ધિનો નાનો ભાઇ જનસિદ્ધિ પણ પોતાની પ્રજાની મરણીયા સેના લેઇને પોતાના મોટા ભાઇની મદદે વિના બોલાવ્યે પણ આવી પહોંચ્યો. ધનસિદ્ધિએ અત્યંત પ્રેમપૂર્વક પોતાના વીર લઘુ બંધુનો સત્કાર કર્યો, અને યુદ્ધ સંબંધી વિચાર કરવાને મંત્રિમંડળ બોલાવ્યું. તેમાં જે ચર્ચા ચાલી તે સાંભળવા યોગ્ય હતી!—

સૌ પહેલો તો સ્વાદસિદ્ધિ પુરોહિત બોલ્યો:—"હે રાજન્! યુદ્ધ એ તો દેશને જબરી ખરાબીના ખાડામાં ઉતારનાર છે. તરેહ તરેહના પકવાન, સૂર્યપુરની બરફી, ભૃગુપુરના ગુંદવડાં અને વટપદ્રની એકવાર પાગેલી તાજી તાજી જલેબી અને શ્રી નગરની મરકી તથા શ્રીમહામાયાપુરીના હલવા વડે રોજ હજારો બ્રાહ્મણોનાં બ્રહ્મભોજન થાય છે—તે યુદ્ધને લીધે અટકી પડશે. તેથી પુણ્યનો પ્રવાહ અટકી પડશે. બ્રાહ્મણ અને બ્રાહ્મણપત્નીઓને મારંમારીમાં અને લડંલડામાં ત્રાસ ઉપજશે. પ્રજા દુઃખી થશે માટે ગમે તેમ કરીને લઢાઇનું મોઢું તો કાળુંજ કરવું."

પછી વૈભવસિદ્ધિ નામે પ્રધાને પોતાનો મત જણાવ્યો કેઃ—"કૃપાનાથ! જો શત્રુઓ સાથે સંગ્રામ કરીશું તો હજારો ઉત્તમ ઇમારતો, વાડીઓ, બાગ, બજારો અને વા-

દનોવાળાં શહેરોની પાયમાલી થઇ જશે, હજારો આબાદ અને વૈભવી મનુષ્યોની નાશભાગ થશે, અને આખો દેશ જે એક લીલા લહેરના બગીચા જેવો છે તે રૂદ્રગણોને ખેલવાના સ્મશાન જેવો થઇ જશે. જ્યાં ગાનતાન થતાં હશે ત્યાં રો–કકળાણ થઇ જશે. જ્યાં સ્ત્રી પુરૂષો તાંબુલની પિચકારીઓ મારી કકુના કોગળા કરતાં હશે, ત્યાં રૂધિરના પ્રવાહ વહેશે. માટે ગમે તેમ કરીને પણ લડાઇમાં ઉતરવું પડે નહિ તેમજ આપણે તો કરવું."

પછી શૃંગારસિદ્ધિ નામે સેનાપતિ બોલ્યોઃ—"પુરોહિતજી અને પ્રધાનજીનો અભિપ્રાય ઘણો વિચારમાં લેવા લાયક છે. કેલૈયા કુંવર જેવા હજારો યોદ્ધાઓ આપણી પાસે તૈયાર છે, તેઓ લશ્કરી કવાયતમાં ઘણા કેળવાયલા અને નિશાનો ઉડાવવામાં જબરા દૂર લક્ષ્ય વેધી છે. તો પણ આપણે તેમને લડાઇમાં ઉતારવા એ તેમના પ્રાણને જોખમમાં નાંખવાનું છે. એવા સુંદર જણાતા સિપાઇઓને કાળના મુખરૂપ રણસંગ્રામમાં ઝીકાવવા એ સારૂં નથી. માટે ગમે તેમ કરીને આપણા યોદ્ધાઓને રણમાં ઉતરવાનો પ્રસંગ ન આવે તેમજ કરવું એ આપણું કર્ત્તવ્ય છે."

જનસિદ્ધિએ પોતાનો અભિપ્રાય જણાવ્યો કેઃ—લડાઇ એ કાંઈ હાથે વતી શોધીને ઉભી કરવા જેવી વસ્તુ નથી, એ તો હું પણ સમજું છું; પણ આ પ્રસંગ એવો છે કે યવનો આપણા ઉપર ચઢી આવ્યા છે. તેમને પૈસા આપીને આપણે પાછા કાઢવાને માટે પ્રયત્ન કરીશું, અથવા બીજી રીત્યે પણ જો તેઓ આપણું ઢીલું જોશે, તો તેઓ વારંવાર આપણી પાસેથી પૈસા ઓકાવવાને આપણા ઉપર ચઢી આવશે, કિંવા બીજી યવન પ્રજાઓ પણ આ લોકોનો દાખલો જોઇને આપણા ઉપર ચઢી આવશે. **"ડોશી મુવાનો ભય નથી પણ જમ પેધ્યાનો ભય છે."**

માટે આ લોકોને તો સંગ્રામમાં એવો તીખો સ્વાદ ચખાડવો કે ફરીને આપણી પ્રજાનું નામજ તેઓ દે નહિ. તેમનો સંહાર થયેલો જોઇને બીજા શત્રુઓ પણ આપણા ઉપર ચઢી આવતાં ડર ખાશે. પુરોહિતજી જે બ્રાહ્મણોના ભોજન પૂજનમાં વિઘ્ન પડવાનું કહે છે તે કાંઈ મહત્વનું નથી. આટલા દિવસ લગી દેશમાં માનપાન પામ્યા તો દ્રોણાચાર્યે અને કૃપાચાર્યની પેઠે તેમણે પણ હથિયાર પકડીને પરશુરામ જેવા પરાક્રમથી શત્રુઓનો સંહાર કરવામાં પોતાનું કર્ત્તવ્ય બજાવવું જોઇયે–તે વાત તો કોરણે રહી, પણ આ પ્રસંગે ક્ષત્રિયોને પણ ધર્મ પ્રસંગનો લાભ લેવા દેવાને મના કરે છે, તે બહુજ અયોગ્ય છે. જો યવનોને એકવાર સ્વાદ પડશે તો પછી કોઈવાર આપણી પ્રજાની નિર્બળતાનો વખત સાધી તેઓ આપણા દેશમાં પેશી જશે, તો બ્રાહ્મણોને પણ ભ્રષ્ટ કરીને આખી કોઠી ઉંધી વાળશે ત્યાં પતરાળાંની તો વાતજ ક્યાં રહી? બીજું પ્રધાનજી જે દેશના વૈભવને અને સમૃદ્ધિને હાનિ પહોંચવાનું કહે છે તે પણ એકવાર ફાવેલા શત્રુઓ રોજ ડરાવી ડરાવીને તમને પજવશે, એટલે એજ પરિણામ થવાનો છે. યવનો છેવટે પૈસાને બદલે આખું રાજ્ય અને તમારો પારસમણિ માગશે, ત્યારે પછી પણ રણસંગ્રામ તો કરવોજ પડશે; માટે હાલજ આ યવનશત્રુઓને સુંઠનો સ્વાદ ચખાડો. વળી સેનાધિપતિ સાહેબ જે વિચાર દર્શાવે છે તેને માટે તો મને ઘણીજ દિલગિરી થાય છે. યોદ્ધાઓનું કર્ત્તવ્ય કાંઇ ઘર આંગણે ઘોડા નચાવ્યાથી, વાંકી મૂછો અને વરણાગિયા વેશથી, અને જડ નિશાનો અને નિરપરાધી પશુઓને વીંધવાથી પતતું નથી. જેને પોતાનો પ્રાણબલિ રણકુંડમાં હોમવાની હિમ્મત નથી, તેવા લડવૈયાની શસ્ત્રાસ્ત્ર કુશળતા તે ચિત્રના વાઘ જેવીજ છે, અને ખેલાડીના ખેલ જેવીજ છે.

માટે મારો અભિપ્રાય તો શત્રુઓને મારી હઠાવવાનોજ છે. રણમાં મરણ એ ક્ષત્રિયો અને સ્વદેશભક્ત પુરૂષોને તો ઉત્સવ રૂપ અને સ્વર્ગ પ્રાપ્તિનું દ્વાર છે.

ઉપર પ્રમાણે ચારે જણના અભિપ્રાય આવ્યા તેમાં જનસિદ્ધિનો અભિપ્રાય ધનસિદ્ધિને વધારે પસંદ પડયો, તથાપિ સેનાધિપતિ, પુરોહિત અને પ્રધાનનો વિચાર એક હોવાથી તથા પુરોહિત મહારાજનો આગ્રહ શાન્તિ જાળવવાનો હોવાથી ધનસિદ્ધિને ચઢી આવેલા યવનશત્રુઓ સાથે સુલેહ કરવાનું પગલુંજ ભરવું પડયું. આપણે પારસમણિને પ્રતાપે ધનની કાંઇ કમિના નથી, અને હું યવનભાષા સારી પેઠે ભણેલો છું, તેથી યવનોને ધનવડે સંતોષી સુલેહ કરી આવીશ એ પ્રકારે બધું કામ પુરોહિત મહારાજે માંથે લેવાથી સંધિ કરવાનું ઠર્યું, અને એ પ્રમાણે સંધિ થઇ પણ ખરી.

તે પછી જનસિદ્ધિ પોતાની સેના લેઇને પાછો પોતાના રાજ્યમાં ગયો પણ દિવસે દિવસે બીજી આસપાસની યવન પ્રજાઓ પણ ધનસિદ્ધિના રાજ્ય ઉપર ચઢી આવતી ગઇ, તેમને તે પોતાના મોજશોખી મસલતીઆની સલાહ પ્રમાણે ધનવડે સંતોષી પાછા વાળતો ગયો; પણ છેવટે એવું બન્યું કે:—એક દુષ્ટ યવનપ્રજાના જાણવામાં આવ્યું કે ધનસિદ્ધિની પાસે પારસમણિ છે અને પુરોહિતજીની પત્ની બહુ સુંદર છે તથા એ રાજ્યમાં સ્ત્રીઓ ઘણી સુંદર થાય છે—તેથી તે યવનરાજા મોટું લશ્કર લેઈ ચઢી આવ્યો અને સુલેહ કરવા જતાં તેણે ધનસિદ્ધિ પાસે પારસમણિ તથા પુરોહિત પાસેથી તેની સ્ત્રી તથા બીજી ત્રણસેં સુંદર સ્ત્રીઓ પોતાના સરદારો અને અધિકારીઓ માટે માગી. આથી ધનસિદ્ધિને અત્યંત સંતાપ ઉપજ્યો. તેણે તરતજ પોતાના નાનાભાઇ જનસિદ્ધિને તેની સેના સાથે બોલાવ્યો, અને પોતાના મોજશોખી મસલતીઆ અને

સિપાઇઓને પડતા મૂકી પોતે **જનસિદ્ધિ અને જનસિદ્ધિની સેના સાથે યવનો સામે યુધ્ધે ચઢ્યો. જનસિદ્ધિ અને તેની** કસાયલી સેનાએ યવનોની સેનાને એવી તો કાપી નાંખી કે એક પણ યવન પોતાના દેશમાં પાછો જવા પામ્યો નહિ. આ પ્રમાણે થવાથી આશપાશની યવન પ્રજાઓમાં ધનસિદ્ધિનો ત્રાસ બેસવાથી યવનોએ તેના રાજ્ય સામું જોવાનું છોડી દીધું, અને સર્વે સુખેથી રહેવા લાગ્યા.

જનસિદ્ધિને અને તેની સેનાને **ધનસિદ્ધિએ** વિદાયગીરી આપતી વખતે ઘણું ધન આપવા માંડયું; પણ તે **જનસિદ્ધિએ** અને યોદ્ધાઓએ લેવાની ના પાડી અને કહ્યું કેઃ—"**જ્યાં લગી અમારા બાહુમાં બળ છે અને પ્રાણ તથા ધનની લાલચ અમને નથી ત્યાં લગી આખી દુનિયાનું ધન તે અમારૂંજ છે.**" આ નિઃસ્પૃહતા જોઇને **ધનસિદ્ધિને** પણ ખરી યોગ્યતાનું ભાન આવ્યું, તેણે તરતજ આખુ રાજ્ય અને પારસમણિ પોતાના નાના ભાઇ જનસિદ્ધિ આગળ ભેટ મૂકી દીધું, અને જનસિદ્ધિના નિશ્ચયોનાં વખાણ કર્યાં. **જનસિદ્ધિએ** પુનઃ **ધનસિદ્ધિની** પ્રજાને નિર્ધનતાનો અનુભવ કરાવીને સુધારી પોતાની પ્રજાના જેવી બનાવીને પોતાના મોટા ભાઇ **ધનસિદ્ધિને** સોંપી અને પારસમણિ પણ તેને જ સોંપ્યો, અને કહ્યું કેઃ—"ખાસ જરૂરના પ્રસંગ વિના આને પથરો ગણીને રાખી મુકજો પણ સૌને નિશ્ચિન્ત બનાવવાને આનો ઉપયોગ કરશો નહિ." જનસિદ્ધિ પોતાના રાજ્યમાં જતાં બોલ્યોઃ—

મારો કહેવાનો **સાર** એ છે કેઃ—"ચિંતા અને વિપત્તિ જો નકામાં હોત તો સર્વ શક્તિમાન પ્રભુજ તે દૂર કરત, અને પારસમણિવાળાં અલ્પજ્ઞ મનુષ્યોને માટે કાંઇ કામ બાકી રાખત નહિ. વિપત્તિ અને ચિંતામાં કસાયા પછી નિ-

શ્ચિન્ત અને નિડર થયેલાં તથા નિઃસ્પૃહ થયેલાં મનુષ્યો તે પોતે પારસમણિ અને ચિન્તામણિથી અધિક મૂલ્યવાન છે. જે મનુષ્યો નીતિમાન્ અને માથું હાથમાં લેઇ ફરનાર છે તેમને આ લોકમાં કીર્તિ અને પરલોકમાં સદ્‌ગતિ મળે છે.

કથા ૧૯ મી.

ગુરૂભક્ત રાજા અને નગુરો પ્રધાન.

હાલના જેવા સુધરેલા જમાનાનાં કાળચક્ર ગઈ ચતુર્યુગીમાં પણ આવેલાં હતાં. તેવામાં એકવાર **દૈશિકવર્મા** નામનો એક પવિત્ર ચક્રવર્તી રાજા હતો, તેનો એક **ઈશ્વરદાસ** નામે એક દિવાન હતો. આ ઈશ્વરદાસ જો કે સંસારવ્યવહારની પરાકાષ્ટારૂપ રાજખટપટમાં ઘણો કુશળ હોવાથી તેમજ પૂર્વ જન્મનાં કર્મને લીધે દૈશિકવર્મા જેવા સાર્વભૌમ રાજર્ષિનો દિવાન થવા પામ્યો હતો, તો પણ પરમેશ્વર સંબંધી બાબતમાં તો તેનું નામ ઈશ્વરદાસ છતાં તે કાંઇ પણ સમજતો નહોતો. તે છતાં પણ તે પોતે ધર્મની બાબતમાં પણ સૌ કરતાં સારી રીત્યે સમજે છે. એવો જબરો દાવો રાખતો હતો, અને '**જેના હાથમાં સત્તા, તેના ઉંધા પાસા પણ ચત્તા.**' એ નિયમ પ્રમાણે સૌ કોઇ તે દિવાનજી સાહેબને ધર્મની બાબતમાં પણ એક્કા કહીને વખાણતા હતા.

શાસ્ત્ર અને શિષ્ટ રૂઢિ પ્રમાણે વર્તનાર સનાતન વિચારના માણસોના આચારવિચારમાં કેવળ ઘેલછા સિવાય બીજું કાંઇ નથી—એમ માનવા મનાવવાને પ્રયત્ન કરનાર આ સુધરેલા દિવાનજી દીઠે રસ્તે ચાલનાર સરલ માણસો-

ની હાંસિ કરીને તેઓને બનાવતા, અને તેઓની મશ્કરી ઉડાવીને તેઓમાંના જે છેતરાય એવા હોય—તેમને સુધારાને રસ્તે ચઢાવવાને પોતાથી બને તેટલાં છળબળ વાપરતા. તેમના મનમાં એમ હતું કેઃ—જો રાજાજી પોતેજ સુધારાના મતમાં ભળે, તો સુધારાની ધારા એકદમ આખી પૃથ્વીમાં ફરી વળે અને તેની સાથે પોતાની સ્થિતિ પણ વધારે સબળ થાય. તેથી તે વિવિધ પ્રકારના દાખલા દલીલો પ્રસંગે યોજીને રાજાને પોતાના જેવા સુધરેલા બનાવવાને મથવા લાગ્યો, પરંતુ રાજા તર્ક કરવામાં ઘણો કુશળ છતાં પણ તે પોતાના તર્કને સ્વચ્છંદીપણે વાપરે તેવો નહોતો.

રાજા હમેશ પોતાના ગુરૂને પરમેશ્વર ગણીને પૂજતો અને તેમની આજ્ઞા પ્રમાણે વર્તી પરમેશ્વર પ્રીત્યર્થે પોતાનાં કર્ત્તવ્યો સાવધતાપૂર્વક બજાવતો હતો.

હવે પેલા દિવાને એવો વિચાર કર્યો કે રાજાની શ્રદ્ધા તેના ગુરૂ ઉપરથીજ ઉઠાડી દેવાનો ઉપદેશ તેને કરવો. એટલે તે સ્વતંત્ર વિચારનો થઈ જશે. તે પછી તે દિવાને પ્રસંગે પ્રસગે તે રાજાને ગુરૂની કાંઈ પણ જરૂર નથી—એવો ઉપદેશ કરવો શરૂ કર્યો. તે વારંવાર કહેતો કેઃ–ગુરૂ એ આપણા જેવોજ માણસ છે, તેને પરમેશ્વર ગણીને પૂજવો–એ તો અજ્ઞાન છે, માટે સીધેસીધી પરમેશ્વર તરફજ ભક્તિ રાખવી અને તેને પૂજવો એજ ખરો રસ્તો છે.

આ પ્રમાણે તે દિવાન દરરોજ રાજાને કહ્યા કરતો હતો, તેથી એકવાર રાજાએ તે દિવાનને તેના ભૂલ ભરેલા વિચારો છોડવાને સમજાવવા માંડયોઃ—" સુજ્ઞ પ્રધાનજી, પરમેશ્વર પોતેજ જ્ઞાનરૂપ છે અને પરમેશ્વરની કૃપાથીજ જ્ઞાન મળે છે. એ તમારો વિચાર ખોટો નથી. શ્રીસદ્ગુરૂ પોતે તેમજ શાસ્ત્રો પણ એજ પ્રમાણે કહે છે, પરંતુ ગુરૂદ્વારા આપણને જ્ઞાન મળે છે—એટલે ગુરૂદ્વારાજ શ્રી પર-

મેશ્વર આપણા હૃદયમાં જ્ઞાનરૂપે પ્રકટ થાય છે. જ્ઞાનરૂપ પરમેશ્વર ગુરૂમાં હોય છે, તેજ આપણને અનુગ્રહ કરે છે. તેથી શ્રી ગુરૂમાંજ પરમેશ્વરબુદ્ધિ કરવી—એ કૃતજ્ઞતા છે, અને તેથી જ્ઞાનની વૃદ્ધિ થાય છે એટલુંજ નહિ, પણ અંતઃકરણની શુદ્ધિ થાય છે."

દિવાને રાજાને કહ્યું:—"આખો સમુદ્ર મૂકીને નાનાં વહેળીઆંની આગળ હાથ જોડવાની વાત આ છે, અને તે વિચારશાળી મનુષ્યને તો ઠીક લાગે તેવી નથી, પણ આપ રાજાજી છો એટલે આપના સામે વિશેષ દલીલ કરવાને હું અશક્ત છું."

રાજાએ કહ્યું:—દિવાનજી! પ્રજાને જે કાંઇ ઇનામ વિગેરે તમારી મારફતે મળે છે અને રાજ્યના નોકરોને જે પગાર મળે છે, તે તો મારી તરફથી મળે છે; તો પણ સર્વે તમને માન આપે છે. તે પ્રમાણે ગણો, તોપણ આપણા પૂર્વ પુરૂષોએ જે ગુરૂભક્તિનો રસ્તો પસંદ કર્યો છે, તેમાં કાંઈ વાંધો લેવા જેવો નથી. છતાં તમને સીધેસીધી પરમેશ્વરની ભક્તિ કરવાની રીતિ સગવડ ભરેલી લાગતી હોય તો તે પ્રમાણે તમે કરો. પણ જે લોકો ગુરૂનેજ પરમેશ્વર માનતા હોય તેઓનું માનવું ખોટું છે. એવો નકામો આગ્રહ કરવાની કાંઇ જરૂર નથી.

દિવાને કહ્યું:—જો એમજ ચાલવા દેઇએ અને પોતાની બુદ્ધિનો ઉપયોગ ન કરીએ તો આપણે મનુષ્યો નહિ પણ પશુ જેવાજ ગણાઇએ.

રાજાએ કહ્યું:—ગુરૂદ્વારા પરમેશ્વરની પ્રાપ્તિ થાય અને ગુરૂભક્તિ જીવનપર્યન્ત કરાય, એજ મનુષ્ય જન્મની ખુબી છે; તે સિવાય અન્ય બાબતો તો પશુની સાથે મનુષ્યને પણ સરખીજ છે—એ વાતની હું તમને કોઇવાર અવકાશે ખાત્રી કરી આપીશ.

દિવાને કહ્યું:—બહુ સારૂં, મને સંતોષકારક રીત્યે ખાત્રી કરી આપશો તો હું પણ સાચી વાતને ગ્રહણ કરવા ખુશી છું.

પછી એમ કરતાં કરતાં કેટલાક દિવસ ગયા, ત્યાર પછી એકવાર રાજા જાણી જોઇને તેમને પોતાના નગરમાં જે મોટા તળાવમાંથી પાણીના નળ આવતા હતા, તે તળાવની તપાસ કરવાને મિષે ત્યાં તેડી ગયા. ખરે બપોરે અહીંથી તહીં તપાસ કરવાને ફર્યા; રાજાએ હમેશની પેઠે પોતાના પાણી પાનારાને પોતાની સાથે રાખ્યો નહોતો. રાજા તેમજ દિવાન બન્ને ખુબ તરસ્યા થયા, તેથી રાજાએ તો તે તળાવના કિનારાની નજીકજ જે નળ મૂકેલા હતા તેની ચકલી આગળ જઈ ખોબો કરીને પાણી પી લીધું. પછી દિવાને પણ ત્યાંથી તેજ પ્રમાણે પાણી પીધું. પછી રાજાએ તરતજ વાત છેડી કે:—" દિવાનજી ! તમે આવડું મોટું તળાવ મૂકીને આ નાના સરખા નળ આગળ હાથ ધર્યા અને બે હાથ જોડી (ખોબો વાળી) ને નીચા નમ્યા—એ શું કર્યું ? તમારે તો આ તળાવ જેવા વિશાળ જળાશયમાંથી વાંકા વળી ખોબો ભરીને પાણી પીવું હતું; કેમકે આ નળમાં જે પાણી આવે છે તે આ તવાળમાંથીજ આવે છે."

દિવાન જરીક ઝાંખો પડીને બોલ્યો:—" અહીં નળમાં પણ તળાવનુંજ પાણી છે, પણ અહીં નળમાં જે પાણી આવે છે, તે આપણે બંધાવેલી પેલી મોટી ટાંકીઓમાં ગળાઇને આવે છે. તેથી આ પાણી જરીક વધારે શુદ્ધ છે. વળી તળાવમાં ઉતરતાં પગ પલળે અને પછી પાછા ધુળવાળા થાય, તેને જોડામાં ઘાલતાં જોડા પણ ધુળ કે રેતીથી ભરાય અને અગવડ જેવું લાગે."

રાજાએ મરડમાં કહ્યું:—દિવાનજી સાહેબ ! આપનું કહેવું ખરૂં છે. આ સાગર જેવા તળાવને છોડી આ વહે-

ળીઆ કરતાં પણ નાના નળ આગળ આપ નીચા નમ્યા અને હાથ જોડયા, તેંજ પ્રમાણે શ્રીસદ્‌ગુરૂની આગળ પણ ઇશ્વરની આગળ જે પ્રમાણે પૂજ્યભાવ રાખીએ છીએ. તેમ પૂજ્યભાવ રાખવો જોઇયે. વળી ઇશ્વરનું જ્ઞાન ધન-સ્વરૂપ તે પણ માયા શક્તિવડે કરીનેં આપણી આગળ કેવળ શુદ્ધ નહિ પણ મિશ્રરૂપે પ્રતીત થાય છે, તેને આ-પણ મનુષ્યોને લક્ષણાએ કરીને સમજી શકાય, તેવા રૂપ-માં આ નળની પેઠે શ્રી સદ્‌ગુરૂજ રજુ કરે છે. તેથીજ કેટલાક તો ગુરૂ અને ઇશ્વરનો અભેદ ગણે છે એટલુંજ નહિ, પણ શ્રી ગુરૂને વિશેષ પૂજ્ય પણ ગણે છે. તેથી મનુષ્યને માટે ગુરૂભક્તિ એજ ઉત્તમ માર્ગ છે. પણ હવે જુઓ પેલી ભેંશો અને બળદીઆ તળાવમાંજ જઇને પાણી પીએ છે. તેમને કાંઈ નળની ટાંકીઓની કે ગળણી-ની કે પાત્રની જરૂર પડતી નથી. તેથી પશુયોનિમાંજ કાંઈ ગુરૂની જરૂર પડતી નથી, પણ જ્ઞાન અજ્ઞાનરૂપ મિશ્રણ-થીજ તેઓનો નિર્વાહ થઇને તેઓ પોતાના ઉન્નતિક્રમમાં આગળ ચાલે છે; પણ આપના જેવા વિચક્ષણ પુરૂષો કે જેઓ પુરૂષાર્થને માને છે, તે તો પોતાનો મોક્ષપ્રવાસ ટુંકો અને સુખદ બનાવવાને માટે શ્રીગુરૂનો આશ્રય લેછેજ. જા-ણતાં કે અજાણતાં પણ ગુરૂ વિના મનુષ્યોને ચાલતું નથી. છતાં કોઈ ચલાવવા જાય છે, તો તેનો ઉન્નતિક્રમ પશુક્રમ પ્રમાણેજ ચાલે છે, અને મનુષ્યજન્મની જે વિશેષતા છે, તેથી તે વિમુખજ રહે છે.

દિવાનને આ પ્રસંગથી મનુષ્યને શિક્ષક અને શિક્ષણની આવશ્યકતા સમજાઈ.

કથા ૨૦ મી.

બાપ કે પાપ!

મોહમયી નગરીમાં મહીધર પંડિત નામે એક બ્રાહ્મણ રહેતો હતો, તે અપક્વ યોગી હતો તેનો યોગાભ્યાસ ઘણો અધુરો હતો; તોપણ તે મૂઢ પોતાને જ્ઞાની અને યોગી માનતો હતો, એટલું જ નહિ પણ પોતે બ્રહ્મજ્ઞાની હોવાનો ખોટો ફાંકો રાખતો હતો.

મહીધર પંડિતને ઘેર એક કન્યા હતી, તે વરવા યોગ્ય થઈ ત્યારે પંડિતની સુશીલ ભાર્યા સુમતિએ સવિનય નમ્રતાથી દીકરીનું લગ્ન કરવા માટે પતિને કહ્યું, પણ તે વખતે કંઇ જવાબ નહિ આપતાં મહીધર ચુપ રહ્યો. થોડા દિવસ પછી ફરીથી સુમતિએ પુત્રીના વિવાહની વાત કાઢીને કહ્યું:—"સ્વામિન્! આપણી વસુમતી મોટી થતી જાય છે, માટે હવે તેનું લગ્ન કરવાનો કંઇ વિચાર કરો તો સારૂં." ત્યારે કહ્યું:—"શી ચિંતા છે ભાવી સંસ્કાર મુખ્ય છે," એમ કહેતાં કહેતાં એ કન્યા વીસ વર્ષની થઇ ગઇ ત્યારે બિચારી સુમતિએ હારીને લાચાર થઇ જઇને કહ્યું:— 'સ્વામિન્! હવે શો વિચાર છે?' ત્યારે મૂઢમતિનો એ જ્ઞાની ધુવડ બોલ્યો કે:—"એમાં તે વળી વિચાર શો હોય, તેને કોઇ વર નહિ મળે, તો હું જ તેને બ્રહ્માર્પણ કરી લેઇશ. અમારે અહીં કંઇ પોતાના પારકાનો ભેદભાવ છે જ નહિ, ઇન્દ્રિયો પોતપોતાના વિષયમાં વર્તે છે, અમે કંઇજ કરતા નથી.

એ જ્ઞાનપાપીના મોઢેથી આવી દુર્ઘટ વાત સાંભ[illegible]ને તે સુશીલ સ્ત્રીના તો હોંશ ઉડી ગયા, અને દુઃખની મારી તે વખતે તો કંઇ કહી શકી નહિ. થોડીવારે સાવધ થઇ ત્યારે તે કન્યાનો હાથ પકડીને તેને મહીધર પંડિતના ગુરૂની પાસે લેઇ જઇ તેમના પગ ઉપર પટકી. તે જોઇ ગુરૂજી હાંહાં કરી કહેવા લાગ્યા કે:—' છે શું! તે તો જરા

ધીરી થઇને કહે તો ખરી !' બ્રાહ્મણીએ બધી વાત કહીને પ્રાર્થના કરી કે:-"આવું જ્ઞાન શિષ્યને શિખવ્યું છે! તો મહારાજ મને આપ અર્પણ કરી લ્યો, આવીજ રીતે આખું જગત્ વર્ણસંકર થઇ જવું જોઇયે." ગુરૂએ બ્રાહ્મણીને કહ્યું:-"તું ચિંતા ન કર હું તેની આજે જ પરીક્ષા કરી દેઇશ, જા તું રસોઇ બનાવી રાખ." એટલે સુમતિ બ્રાહ્મણીએ ઘેર આવીને સર્વ રસોઇ બનાવી.

ગુરૂજી પધાર્યા એટલે એ થાળમાં ભોજનની સર્વ વસ્તુઓ પીરસી અને પંડિતજી અને તેમના ગુરૂજી બંને જમવા લાગ્યા. જમી રહેવાને થોડીવાર રહી એટલે બ્રાહ્મણીએ ગુરૂજીના ઇસારાથી થોડી વિષ્ટા લાવી પહેલી ગુરુના ભાણામાં અને પછી પતિના થાળમાં મેલી. તે જોઈ મહીધર પંડિત ગુસ્સો કરી ઘાંટા પાડી ધમકાવતો ભાણા ઉપરથી દૂર હઠી ગયો. ત્યારે ગુરૂજીએ તેના મોંપર થપ્પડ મારી અને કહ્યું કે:-"પુત્રી પરણી લેવી તો ઠીક લાગે છે અને આ વિષ્ટા ખાવાનું તો આકરૂં થઇ પડયું છે, શું તું આ યોગ સામર્થ્યપર બ્રહ્મજ્ઞાની થઇ બેઠો છે?" એમ કહી ગુરૂજીએ તેની નજર સામે શૂકર શરીર ધારણ કરીને તે વિષ્ટાનું ભક્ષણ કર્યું. આ ચરિત્ર જોઈ મહીધર પંડિત ચકિત થઇ ગયો, અને જ્ઞાનીપણાનો ખોટો અહંકાર તજી દીધો તથા ગુરૂની ક્ષમા માગી.

સાર:—મિથ્યાવેદાન્તી અને બ્રહ્મજ્ઞાની હોવાનો ઢોંગ કરનારા ભ્રાન્તિથી મોહમાં ફસી જઈ અનર્થના માર્ગે ચઢી જાય છે, તે જોતાં ખરા અધિકારી વિના વેદાંત અને બ્રહ્મજ્ઞાનની વાતો કરનારાની કસોટી કાઢી તેમની પરીક્ષા કરવી જોઇયે. નહિ તો તેવા અધકચરા જ્ઞાની અને વેદાંતીઓની અયોગ્ય પ્રવૃતિથી જગત્માં ભારે અનર્થો થવાના અને મૂર્ખ મંડળીમાં જ્ઞાનની નિંદા થવાની.

સમાપ્ત.

સંગિત સુબોધ.

કુલ દીપક થાવું કઠિન, દેશદીપક દુર્લભ;
જગદીપક જગદીશના, અંશી કોક અલભ્ય.

× × × × ×

જનની જણ તો ભક્તજન, કાં દાતા કાં શૂર;
નહિતો રહેજે વાંઝણી, રખે ગુમાવે નૂર. **અજ્ઞાત.**

× × × × ×

નામ રહંતાં ઠક્કરો, નાણાં નવ રહંત;
કીર્ત્તિ કેરાં કોટડાં, પાડયાં નવ પડંત. **ગણપતરામ.**

× × × × ×

ખરૂં રૂપ સ્ત્રીનું નથી ખાલડામાં,
ઝવેરી જુવે રૂપ નહિ દાબડામાં. **ડાહ્યાભાઇ.**

× × × × ×

ડગલે ડગલે ડુંગરા, વિકટ પ્રેમનો પંથ;
કૃપા કરે શ્રી રામતો, સંત પામતા અંત.

× × × × ×

સિંહમૂછ ભોરિંગમણિ, કરપીધન સતિનાર;
તે જીવતાં પર કર નવ ચઢે, ત્યમ ક્ષત્રી તલવાર. **શામળ.**

× × × × ×

જેણે ધર્મ તજ્યો પોતાનો,
તે મુર્ખ વગર જોટાનો રે. જેણે ધર્મ.

× × × × ×

કાયા કાચો કુંભ છે, જીવ મુસાફર પાસ;
ત્યાં લગી ત્હારો જાણજે, જ્યાં લગી શ્વાસોશ્વાસ. **ડાહ્યાભાઇ.**

મૂલ્યવાન વિચારો.

૧—જે મનુષ્ય પોતાતા મનના, હ્રદયના અને આત્માના સઘળા બળથી શુભની અને કેવળ શુભની જ ઇચ્છા કર્યા કરે છે, તેનું શુભ અથવા કલ્યાણ કરવા વિશ્વની સમગ્ર ચર અચર વસ્તુઓ પ્રવૃત્તિ કરે છે.

૨—મનુષ્ય જે વસ્તુનો સૌથી અધિક વિચાર કરે ઃ વસ્તુના જેવુંજ તેનું શરીર, વિચાર, વાણી તથા વર્તન ·.ર ધીરે થાય છે.

૩—જેમ જેમ મનમાં શાંતિ, અવિરોધ, અને આનંદની વૃદ્ધિ થતી જાય છે, તેમ તેમ શરીરમાં આરોગ્ય, બળ અને વીર્યની વૃદ્ધિ થતી જાય છે.

૪—મનુષ્યનું ભાવિ, વર્તમાન કાળમાં તેણે કરેલાં કર્મોનુ એકંદર ફળ છે.

૫—આંતર મનમાં ચાલતી પ્રત્યેક ક્રિયા શરીરમાં અમુક પ્રકારનું ફળ પ્રકટાવ છે.

૬—જે મનુષ્ય પોતાનામાં કાર્ય કરવાનું સામર્થ્યછે એમમાને છે, તે મનુષ્ય કાર્ય કરનાર સામર્થ્યની પોતાનામાં વૃદ્ધિ કરે છે.

૭—મનની પ્રસન્નતાવાળી સ્થિતિમાં જ અત્યંત સ્વચ્છ અને અપૂર્વ ઉત્તમ વિચારો પ્રકટી નીકળે છે.

૮—જે ઉચ્ચ પદ તમે પ્રાપ્ત કરવા ધાર્યું હોય તે ઉચ્ચ પદથી તમે અભિન્ન છો, એવો નિરંતર વિચાર કર્યા કરજો, એ- ટલે સમય જતાં તમારી ધારણાને તમે સફળ થયેલી જોઇ શકશો.

૯—પુષ્પવૃક્ષોને સૂર્યપ્રકાશ જેવો લાભ કરે છે, તેવો જ લાભ પ્રસન્નતાવાળો સ્વભાવ માનસિક શક્તિઓને કરે છે.

૧૦—શુભની જે વૃદ્ધિ કરે છે તે યોગ્ય વિચાર છે; શુ- ભને જે ઓછું કરે છે, તે અયોગ્ય વિચાર છે.

શ્રીયુત્ છોટાલાલ જીવણલાલ.